بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/માર્ચ/૨૦૧૭**

જમાદિઉલ આખર-રજબુલ મુરજ્જબ
હિજરી સન : ૧૪૩૮

વર્ષ : ૧૪, અંક : ૦૩, સળંગ અંક : ૧૫૯



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | અશ્રફિયાની ચળવળની ક્રાંતિકારી અસરો | 02 |
| 02 | **વાદા ખિલાફી એ મુનાફિક઼ની નિશાની** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | હદાઈક઼ે બખ્શિશ | 15 |
| 06 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 17 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 18 |
| 08 | હઝરત ઈમામ જઅફર સાદિક઼ رحمۃ اللہ علیہ | 20 |
| 09 | મહબ્બતે રસૂલ ﷺનું મહત્વ, સબબો, દષ્ટાંતો, નિશાનીઓ | 25 |
| 10 | ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના લક઼બો | 30 |
| 11 | મહેનતનું મહત્વ અને તેના ફાયદા કુર્આન હકીમની દષ્ટિએ | 38 |
| 12 | હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہનો સંક્ષિપ્ત પરિચય | 40 |
| 13 | અબ્દુલઅઝીઝ رحمۃ اللہ علیہનાં કેટલાંક સોનેરી કથનો | 44 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |


**★ બંદા મિલને કો ક઼રીબે હઝરતે ક઼ાદિર ગયા ★**

બંદા મિલને કો ક઼રીબે હઝરતે ક઼ાદિર ગયા
શમ્આ બાતિન મેં ગુમને જલ્વએ ઝાહિર ગયા
તેરી મરઝી પા ગયા સૂરજ ફિરા ઉલ્ટે ક઼દમ
તેરી ઉંગલી ઉઠ ગઈ મહ કા કલેજા ચીર ગયા
તેરી આમદ થી કે બયતુલ્લાહ મુજરે કો ઝુકા
તેરી હૈબત થી કે હર બુત થરથરા કર ગિર ગયા
મો'મિન ઉનકા ક્યા હુવા ! અલ્લાહ ઉસકા હો ગયા !
કાફિર ઉનસે ક્યા ફિરા અલ્લાહ હી સે ફિર ગયા
મુઝકો દીવાના બતાતે હો મૈં વો હોશ્યાર હૂં
પાંવ જબ તોહફે હરમ મેં થક ગયે સર ફિર ગયા
રહમતુલ્લિલ આલમીન આફત મેં હૂં કૈસી કરૂં
મેરે મૌલા મૈં તો ઈસ દિલસે બલામેં ઘિર ગયા
મૈં તેરે હાથોં કે સદક઼ે કૈસી કંકરિયાં થી વો
જિનસે ઈતને કાફિરોંકા દફઅતન મુંહ ફિર ગયા
વાસ્તે પ્યારે કા ઐસા હો કે જો સુન્ની મરે
યૂં ન ફરમાએં તેરે શાહિદ કે વો ફાજિર ગયા
ઠોકરેં ખાતે ફિરોગે ઉનકે દર પર પળ રહો
ક઼ાફલા તો ઐ 'રઝા' અવ્વલ ગયા આખિર ગયા

# અશરફિયાની ચળવળની ક્રાંતિકારી અસરો

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

અલ્લાહ ﷻએ ઘણા બધા એવા બંદાઓને પેદા કર્યા જેમણે ભગ્નહૃદયી ઈન્સાનોને સાંત્વન આપ્યું અને તેમની વૈચારિક તથા અમલી નિષ્ક્રિયતાને તોડવાની ભરપુર કોશિશ કરી. જેમ કે આપ જાણો છો કે ઈસ્લામ પર યૂરોપના મુસ્તશ્રિકો **(Orientalist =** અંગ્રેજોનું ઈસ્લામમાં ખામી કાઢનારાઓનું ગ્રૃપ)નો એક ઘણો જ મહાન વાંધો એ છે કે, ''ઈસ્લામ શિથિલતા (સુસ્તીપણા)નો મઝહબ છે, એના માનવાવાળાઓમાં સક્રિયતા નથી, અથવા એમનામાં કાંઈક કરી જવાની કાબેલિયત તથા ક્ષમતા નથી.'' પરંતું કુર્આને મુકદ્દસના અભ્યાસથી એ હકીકત ધોળા દિવસની જેમ જાહેર થઈ જાય છે કે ઈસ્લામ શિથિલતા તથા નિષ્ક્રિયતાનો મઝહબ નથી, બલ્કે કાર્યરતપણા તથા અમલનો મઝહબ છે. ખાલિકે કાઈનાત અલ્લાહ ﷻએ શિથિલતા (ઢીલાપણા)ને તોડવાના સંબંધે ફર્માવ્યું : ''અને તમે ફર્માવો ! કામ કરો હવે તમારાં કામ જોશે અલ્લાહ અને તેના રસૂલ અને મુસલમાન, અને નજીકમાં એની તરફ પલટશો જે છુપા તથા જાહેર સૌને જાણે છે તો તે તમારાં કામો તમને જતાવી દેશે.'' *(સૂ. તૌબા-૧૫, કન્ઝુલ ઈમાન)*

એ જ પ્રમાણે હુઝૂર ﷺના થકી આ પણ ફર્માવ્યું : ''તમે ફર્માવો, હે મારી કૌમ ! તમે પોતાના સ્થાને કામ કર્યે જાવ, હું મારું કામ કરું છું. તો હવે જાણવા ચાહો છો કે કોનુ રહે છે આખેરતનું ઘર ?! બેશક ! જાલિમ ભલાઈ નથી પામતા.'' *(સૂ. અન્આમ-૧૩૫, કન્ઝુલ ઈમાન)*

اِعْمَلُو તથા اِنِّیْ عَامِلٌ (તમે પણ કામ કરો, હું કામ કરવાવાળો છું)ના શબ્દોથી જાણવા મળ્યું કે ઈસ્લામ શિથિલતાની તાલીમ નથી આપતો, સક્રિય રહેવાની તાલીમ આપે છે. એ જ કારણે નજીકના ભવિષ્યના મહાન બુઝુર્ગ જલાલતુલ ઈલ્મ હાફિઝે મિલ્લત અલ્લામા અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہએ તોફાનોના માહોલમાં કામ કરવાની સાથોસાથ સોનેરી કથનો ઈર્શાદ ફર્માવ્યાં જે દીનના કામમાં વ્યસ્ત લોકો માટે પ્રોત્સાહન પૂરુ પાડતાં જોવા મળે છે. જેમ કે ''દરેક વિરોધનો જવાબ કામ !'' હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہનું આ તે વાક્ય છે જે પોતાનામાં અર્થોનો સમંદર ધરાવે છે. એમાં એ દર્સ છે કે જો કોઈ મુસીબતોમાં સપડાયેલો હોય તો તેણે મુસીબતો પ્રતિ ધ્યાન આપવાને બદલે કામ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. જ્યારે તે કામ પ્રતિ ધ્યાન આપશે તો મુસીબતો આપોઆપ દૂર થઈ જશે. એ જ પ્રમાણે હુઝૂર હાફિઝે મિલ્લતનો એક કૌલ છે, ''જમીનની ઉપર કામ, જમીનની નીચે આરામ.'' હું સમજુ છું કે હાફિઝે મિલ્લતનું આ વાક્ય યૂરોપના ઓરિએન્ટલિસ્ટના તરફથી કરવામાં આવેલ વાંધાનો મુંહતોડ જવાબ છે. હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ આકાએ કરીમ ﷺના ફર્માનો પર અમલ કરતાં પોતાના માનવાવાળાઓને સક્રિય (એક્ટિવ) રાખવા ચાહે છે અને એ વાતની તાકીદ કરી રહ્યા છે કે પૃથ્વીના પટ પર કામ કરો, ત્યારબાદ આરામ કરો. એટલે તે પોતાના માનવાવાળાઓને સતત સક્રિય રાખવા ચાહે છે. હુઝૂર હાફિઝે મિલ્લતે પૂરી જિંદગી મુશ્કેલીઓમાં પસાર કરી. તે વખતે આટલાં સાધનો તથા ઝરીયા ન હતા જેટલા આજે જોવા મળે છે, પણ આપે અલ્જામિઅતુલ અશરફિયા-મુબારકપુરના સ્વરૂપમાં એ મહાન કારનામુ અંજામ આપ્યું છે કે પૂર્વથી લઈને પશ્ચિમ સુધી અને ઉત્તરથી લઈને દક્ષિણ સુધી એમના શાગિર્દોની જાળ બિછાએલી છે. જો એવું કહેવામાં આવે તો અયોગ્ય ન ગણાશે કે વર્તમાનકાળમાં ઈસ્લામ તથા સુન્નિયત તથા મસ્લકે આ'લા હઝરતના વિસ્તરણમાં હુઝૂર હાફિઝે મિલ્લતનો તથા મિસ્બાહીઓનો ઘણો જ ચાવીરૂપ રોલ છે. આજે એમના શાગિર્દો પછી શાગિર્દોના શાગિર્દો પૂરી દુનિયામાં ઈસ્લામની તરક્કીનું કામ અંજામ આપી રહ્યા છે અને ગૈરો પર હમેશાં તેમનો પ્રભાવ છવાયેલો રહે છે. જો ગૈરોને ખબર પડી જાય કે ફલાણા ઈલાકામાં એક મિસ્બાહી છે તો તે પ્રભાવિત થઈ જાય છે અને એ સમજી લે છે કે ફલાણા ઈલાકામાં કોઈ પઢેલો ગણેલો આવ્યો છે. આ હાફિઝે મિલ્લતનો ઘણો જ મહાન ફયઝ છે અને તેમના ઈખ્લાસ તથા લિલ્લાહિયતનું પરિણામ છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત હુઝૂર હાફિઝે મિલ્લતના દરજાઓને બુલંદ ફર્માવે અને આપણને તેમના નકશે કદમ પર ચાલવાની તૌફીક આપે.

*-(માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી,માર્ચ-૨૦૧૭)*

# વાદા ખિલાફી

## ❑ એ મુનાફિક઼ની નિશાની ❑

તંત્રી લેખ

એક માણસ એક શખ્સ પાસે આવ્યો અને આવતાવેંત જ ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડવા લાગ્યો અને તેની આંખોએ ચોધાર આંસુંઓ વહેવા લાગ્યાં. તે શખ્સે જેની પાસે આ માણસ આવ્યો હતો તેણે તેને સાંત્વન આપ્યું અને પાણી બાણી પીવડાવીને મૂળ મુદ્દો પૂછયો તો તેણે પોતે મોટી રકમમાં ફસાય ગયો હોવાનું અને તાત્કાલિક અમુક મોટી રકમ થોડી મુદતના માટે જરૂર હોવાનું જણાવ્યું. તે શખ્સને આવનાર ભાઈ પર દયા આવી ગઈ અને ગમે તેમ કરીને તેનું કામ કાઢી આપ્યું. પછી સમય વિતતો ગયો અને પેલો ધ્રુસ્કે ધ્રુસ્કે રડનાર ધીમે ધીમે મુસીબતમાંથી મુક્ત થઈ ગયો અને તેની પાસે પ્રોપર્ટી પણ થઈ ગઈ પણ પેલો શખ્સ આપેલી રકમ પરત મેળવવા તેની રાહ જ જોતો રહ્યો છતાં તે જાણે જાણતો જ ન હોય તેમ પેલા ભાઈની રકમ પાછી આપવાની વાત જ નથી કરતો, અને હવે કફોડી સ્થિતિ તે મુસીબતમાં સહાય કરનાર શખ્સની થઈ ગઈ છે. આ તો એક દષ્ટાંત છે પણ આજકાલ આપણા સમાજમાં દરેક બાબતોમાં આવા તો અનેક કિસ્સા વાદા ખિલાફીના બનતા રહે છે. વાયદો ન પાળવાને તથા કોઈની લીધેલી રકમ કે અમાનત પરત ન આપવાને જાણે લોકો ગુનોહ જ નથી સમજતા અને એને જાણે એક ખેલ સમજે છે. તો વાદા ખિલાફી કેટલો મહાન જુર્મ છે તથા તેના સંબંધે આપણા નબીઓ તથા બુઝુર્ગાને દીન કેટલા અંશે પાબંદ હતા તેનો અભ્યાસ કરો અને આપનામાં આવી કોઈ બદી હોય તો તેને દૂર કરી તમારી દુનિયા તથા આખેરતની ઈજ્જત સલામત કરી લો.

### ★ અમાનતમાં ખયાનત વિશે શરઈ હુકમો ★

કુર્આને પાકમાં રબ તઆલા ફર્માવે છે : اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰٓى اَهْلِهَا ''**બેશક ! અલ્લાહ તમને હુકમ આપે છે કે અમાનતો જેની છે તેમને સોંપી દો.''** *(સૂ. નિસાઅ–૫૮)*

બીજા ઠેકાણે છે : اِنَّ اللّٰهَ لَا يُحِبُّ مَنْ كَانَ خَوَّانًا اَثِيْمًا ''બેશક ! અલ્લાહ નથી ચાહતો કોઈ મોટા દગાબાઝ ગુનેહગારને.'' *(સૂ. નિસાઅ–૧૦૭)*

એક આયતમાં છે : يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَخُوْنُوا اللّٰهَ وَالرَّسُوْلَ وَتَخُوْنُوْٓا اَمٰنٰتِكُمْ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ''હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને રસૂલ સાથે દગો ન કરો અને ન પોતાની અમાનતોમાં જાણી જોઈને ખયાનત.'' *(સૂ. અન્ફાલ, આ–૨૭)*

આ આયતોમાં **ઈમાનવાળાઓને ખયાનતથી દૂર રહેવાની હિદાયત કરવામાં આવી** રહી છે, ચાહે તે ખયાનત અલ્લાહ તથા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ સાથે (કરેલ વાયદામાં) હોય, ચાહે અલ્લાહના બંદાઓ સાથે હોય. આવું એટલા માટે ફર્માવ્યું કે ખયાનત તથા દગો એક એવો બદતરીન અમલ છે જે

ખયાનત કરનારને અલ્લાહ તથા તેના રસૂલ ﷺથી દૂર કરી આપે છે અને સમાજમાં બેઈજ્જત કરી નાખે છે. દગો તથા ખયાનત કરનાર અલ્લાહની નજરોથી પડી જાય છે અને કયામતના દિવસે તેને સખત સજા આપશે.

હઝરત અનસ رضی اللہ عنہ વર્ણવે છે કે હુઝૂર ﷺએ ખુત્બા દરમ્યાન ફર્માવ્યું, **"એનું ઈમાન નથી જેનામાં અમાનત નથી, અને જે શખ્સ વાયદાનો પાબંદ નથી એનું પણ ઈમાન કામિલ નથી.** *(મોઅજમે કબીર લિત્તબરાની, ૯/૨૨૭, મુસ્નદે અહમદ બિન હંબલ, કન્ઝુલ ઉમ્માલ)*

કામિલ ઈમાનવાળા બનવા માટે જરૂરી છે કે આપણે લોકોની અમાનતોમાં ખયાનત ન કરીએ અને આપેલા વાયદાને પાળી બતાવીએ અને જાહેર છે કે જેનું ઈમાન કામિલ ન થશે તે દુનિયા તથા આખેરતમાં કામયાબ થશે નહીં.

હઝરત અમ્માર બિન યાસિર رضی اللہ عنہએ જણાવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તબારક વ તઆલાએ બની ઈસ્રાઈલમાં રોટી અને ગોશતના રૂપમાં આસ્માનથી દસ્તરખાન ઉતાર્યો અને તેમને હુકમ આપ્યો કે, તેઓ ખયાનત ન કરે અને આવતી કાલ માટે ભેગુ ન કરે. પરંતું **તેમણે ખયાનત કરી** અને કાલ માટે જમા પણ કર્યું. તો તેમને ઈબ્રતનાક સજા આપવામાં આવી, અને તે એ કે **અલ્લાહ તઆલાએ તેમને વાંદરા તથા ભૂંડ બનાવી દીધા !**

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! ખયાનતની સજા અલ્લાહ તઆલાએ કેટલી ભયાનક આપી ! તો જે જુર્મની આટલી ભયાનક સજા હોય એ જુર્મમાં પડવાનું કોણ માન્ય રાખશે ?! જેથી ખયાનત તથા ધોકો કરવાથી આપણે સૌએ બચવું જોઈએ.

### ★ વાયદા પાલન અને અંબિયાએ કિરામ ★

હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ અહયાઉલ ઉલૂમમાં વર્ણવે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ ﷺથી વાયદો કર્યો કે હું ફલાણી જગાએ આપને મળીશ. પણ તે ભૂલી જવાને કારણે બે દિવસ સુધી હાજર ન થઈ શક્યો. જ્યારે તે ત્રીજા દિવસે ત્યાં પહોંચ્યો તો નબી કરીમ ﷺને ત્યાં હાજર જોયા. આપે ફર્માવ્યું, હે યુવાન ! તેં મને તકલીફમાં નાખી દીધો ! હું ત્રણ દિવસથી તારી અહીં રાહ જોઈ રહ્યો છું !

અમુક મુફસ્સિરોએ اِنَّهٗ كَانَ صَادِقَ الْوَعْدِ وَكَانَ رَسُوْلًا نَّبِيًّا "બેશક ! તે વાયદાનો સાચો હતો." *(સૂ. મરયમ, આ–૫૪)*ની તફસીરમાં હઝરત ઈસ્માઈલ علیہ السلامની હિકાયત વર્ણવી છે કે કોઈ માણસે આપને અર્ઝ કરી, આપ અહીં રોકાવ હું હમણા આવુ છું. તે શખ્સ એક વરસ પછી આવ્યો, અને ફરી કહેવા લાગ્યો કે અહીં થોભો હું હમણા આવ્યો. આપ ત્યાં જ રાહ જોતા રહ્યા ત્યાં સુધી કે તે ફરી વરસ બાદ આવ્યો અને તે એવું કહેતો ચાલ્યો ગયો કે આપ આ જ જગ્યાએ બેસો હું આવું છું. ત્યાં સુધી કે ફરી વરસ પસાર થઈ ગયું. એના પર અલ્લાહ તઆલાએ હઝરત ઈસ્માઈલ علیہ السلامની પ્રશંસા કરતાં ફર્માવ્યું اِنَّهٗ كَانَ صَادِقَ الْوَعْدِ وَكَانَ رَسُوْلًا نَّبِيًّا "બેશક ! તે વાયદાનો સાચો હતો." *(સૂ. મરયમ, આ–૫૪)*

નુઝહતુલ મજાલિસમાં છે : હઝરત સૈયદના અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہએ હઝરત ખિઝર علیہ السلامને

પૂછયું, જ્યારે સર્વ નબીઓ વાયદાના સાચા છે, તો હઝરત ઈસ્માઈલ علیہ السلامનો ઉલ્લેખ ખાસ કરીને કેમ કરવામાં આવ્યો ? તેમણે જવાબ આપ્યો, હઝરત સૈયદના ઈસ્માઈલ علیہ السلامની સાથે ઘણા બધા લોકોએ વાયદા કર્યા જેને આપે હમેશાં તેઓની શરતો પ્રમાણે પૂરા કર્યા, કેમ કે આપ વફાદાર ખાનદાનથી હતા. એ જ પ્રમાણે હઝરત ઈબ્રાહીમ علیہ السلامના વાયદાઓની વફા પર અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : وَاِبْرٰهِیْمَ الَّذِیْ وَفّٰۤی "અને હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ જે પણ વાયદો કર્યો તેને પૂરો કર્યો." *(સૂરત નં. ૫૩, સૂરએ નજ્મ–આ. ૩૭)*

જ્યારે આપણે પોતાને નબીઓના માનવાવાળા કહીએ છીએ, પોતાને આશિકે રસૂલ કહીએ છીએ તો તેમની જિંદગી પરથી બોધ લઈને વાયદાના પાકા બનીએ અને રબ તઆલાની તથા તેના રસૂલની રઝામંદી હાંસલ કરી બંને દુનિયામાં ઈજ્જત તથા સુકૂન હાંસલ કરીએ તો જ સાચા મો'મિન કહેવાઈશું. નહીં તો બંને જહાનમાં બેઈજ્જતી તથા બેચૈનીનો સામનો કરવો પડશે.

## ★ હુઝૂર ﷺના ઈર્શાદ પર અમલનાં અનોખાં દૃષ્ટાંતો ★

હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ તથા રોમીઓ વચ્ચે મુદ્દતી (લડાઈ ન લડવાનો) કરાર થયો. જ્યારે એ કરારના સમાપ્ત થવાનો સમય નજીક આવવા લાગ્યો તો હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ પોતાનું લશ્કર લઈને સરહદની તરફ આગળ વધવા લાગ્યા કે જેથી જે દિવસે કરાર ખત્મ થાય તેવા જ દુશ્મનને મોહલત આપ્યા વિના તેના પર હુમલો કરી દેવામાં આવે. એક સવારે (ઘોડે સવારે) જોયું તો તે સફોને ચીરતો આગળ વધ્યો અને પુકારવા લાગ્યો કે "અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર ! વાયદો (કરાર) પૂરો કરવામાં આવે ! ધોકો તથા ખયાનત ન કરવામાં આવે !" લોકોએ તેમને પાસે બોલાવીને પૂછયું કે તમે આવું શા માટે કહો છો ? તેમણે કહ્યું, "મેં હુઝૂર ﷺથી સાંભળ્યું કે જેનો જે કૌમ સાથે કરાર થાય તો એ સમયે ન કોઈ ગાંઠ ખોલવામાં આવે ન બાંધવામાં આવે, જ્યાં સુધી કે નિશ્ચિત સમય ન આવી જાય, અથવા કોઈ કારણે કરાર રદ ન થઈ જાય." હુઝૂર ﷺનો આ ઈર્શાદ સાંભળતાં જ હઝરત મુઆવિયહ رضی اللہ عنہએ અચાનક ચઢાઈનો ઈરાદો મુલ્તવી કરી આપ્યો અને લશ્કરોને પરત જવાનો હુકમ આપી દીધો. *(બરકાતે શરીઅત)*

હઝરત ઈમામ નવવી رحمۃ اللہ علیہ રૌઝતુલ અફકારમાં લખે છે કે એક યમની શખ્સ નબી કરીમ ﷺના રોઝા મુબારકની ઝિયારતના માટે યમનથી રવાના થયો તો લોકોએ એમને કહ્યું કે આપ ﷺની બારગાહમાં તેમજ હઝરત સિદ્દીકે અકબર તથા ઉમર ફારૂક رضی اللہ عنہماની ખિદમતમાં અમારા સલામ પેશ કરજો. તે શખ્સ મદીના મુનવ્વરા પહોંચ્યો અને ત્યાં હાજરી આપી, પરંતુ લોકોના સલામ પેશ કરવાનું ભૂલી ગયો, ત્યાં સુધી કે તે એક કાફલાની સાથે મક્કા મુકર્રમાના માટે રવાના થઈ ગયો. રસ્તામાં તેને યાદ આવ્યું તો તે સલામ પેશ કરવા માટે પાછો ફર્યો. જ્યારે રોઝાએ પાક પર પહોંચ્યો તો તેને ઊંઘ આવી ગઈ. ખ્વાબમાં નબી કરીમ ﷺ, હઝરત અબૂ બક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہماની ઝિયારતથી મુશર્રફ થયો. હઝરત અબૂ બક્ર رضی اللہ عنہએ બારગાહે મુસ્તફા ﷺમાં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ આ જ તે માણસ છે જેણે સલામ પહોંચાડવાના માટે ફરીવાર તકલીફ ઉઠાવી ! આપે ફર્માવ્યું, હા ! યમની કહે છે, પછી નબી કરીમ ﷺએ મારી તરફ રહમતની નિગાહ કરતાં ફર્માવ્યું : "હે અબુલ વફા !" મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ મારી કુન્નિયત

(ઉપનામ) તો અબુલ અબ્બાસ છે ! આપે ફર્માવ્યું, "તું અબુલ વફા છે !" પછી આપે મારા હાથ પકડયા અને મને ઉઠાવ્યો તો મેં પોતાને બયતુલ્લાહ શરીફમાં પામ્યો, જયારે કાફલાવાળા આઠ દિવસ બાદ મક્કા મુકર્રમા પહોંચ્યા. *(નુઝહતુલ મજાલિસ)*

વિચારો ! ફક્ત સલામ પહોંચાડવાના વાયદાનું પાલન કરનાર પર અલ્લાહના રસૂલ ﷺ કેટલા ખુશ થાય છે કે તેને વિના તકલીફે પળવારમાં મક્કા શરીફ પહોંચાડી આપે છે ! તો શું કયામતની તકલીફોથી વાયદાના પાકા માણસને છોડાવીને જન્નતમાં નહીં પહોંચાડે ?! જરૂર અને યકીનન ! પહોંચાડશે જેથી આપણે વાદા ખિલાફીથી બચવું જોઈએ અને વાયદાના પાલન કરતા રહેવું જોઈએ.

### ★ અયન જંગની હાલતમાં પણ વાયદા પાલન ! ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہ વર્ણવે છે કે મારો એક જેહાદમાં એક મજૂસીથી મુકાબલો થઈ રહ્યો હતો એવામાં નમાઝનો સમય આવી પહોંચ્યો. મેં મજૂસીથી વાયદો લીધો કે જ્યાં સુધી હું નમાઝથી ફારિગ ન થઈ જાઉં તું મારા પર હુમ્લો કરીશ નહીં. જેથી તેણે વાયદા પર અમલ કર્યો ત્યાં સુધી કે મેં નમાઝ અદા કરી. જયારે સૂર્ય અસ્ત થવા લાગ્યો તો તેણે કહ્યું, હવે તું પણ મને મારી ઈબાદતનો મોકો આપ, ત્યાં સુધી કે હું સૂરજને સિજદો કરી લઉં. આપે વાયદો કરી લીધો. પણ જયારે તે સૂરજને સિજદો કરવા લાગ્યો તો આપ તેને શિર્ક કરતાં સહન ન કરી શક્યા અને તેના પર હુમ્લો કરવા તૈયાર થવા લાગ્યા. તો ગયબથી અવાજ આવ્યો, "તમારા વાયદાને પૂરો કરો !" આપ એ અવાજ સાંભળતાં જ રોકાય ગયા. મજૂસીએ પરવાર્યા બાદ પૂછયું, અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક ! તમે તો મારા પર હુમ્લો કરી રહ્યા હતા પછી કઈ ચીજે તમને એનાથી રોક્યા ? આપે ફર્માવ્યું, જયારે તું સૂર્ય સામે સજદામાં પડયો તો મારી ગૈરતે ન માન્ય કર્યું જેથી મેં તને કત્લ કરવા ચાહ્યું !" આ સાંભળીને તે મજૂસી બોલ્યો કે તમારો રબ કેટલો સાચો છે કે પોતાના દોસ્ત પર પોતાના દુશ્મનને માટે ચેતવણી આપે છે ! આવું કહ્યું અને પોકારી ઉઠયો, *અશ્હદુઅલ્લા ઈલાહ ઈલ્લલ્લાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન અબ્દુહૂ વ રસૂલુહ,* અને ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગયો. આ છે વાયદાપાલનની બરકત કે કાફિરને ઈમાન નસીબ થયું ! *(નુઝહતુલ મજાલિસ)*

### ★ અમાનતના ખયાલ અને વાયદાપાલનની બરકતથી મૌતથી છૂટકારો થયો ! ★

હજ્જાજે એક શખ્સને કત્લ કરવા ચાહ્યું તો તેણે કહ્યું કે મારી પાસે લોકોની અમાનતો છે, મને એટલો મોકો આપો કે હું લોકોની અમાનતો પરત કરી શકું. હજ્જાજે જામિન માગ્યો. તે કોઈની તલાશમાં નીકળ્યો જે જામિન બની શકે. જેથી અબ્દુલકરીમ નામના એક શખ્સથી મુલાકાત થઈ. નામ પૂછયું તો તેણે પોતાનું નામ અબ્દુલકરીમ બતાવ્યું. તેણે વિચાર્યું, આ બંદામાં મૌલાના કરમની જરૂર અસર હશે. તેણે તેને હજ્જાજથી બનેલ ઘટના કહી સંભળાવી તો અબ્દુલકરીમે જામિન થવા હા પાડી, અને કહ્યું, હું મારા બચાવ ખાતર મારા નામની નિસ્બતને ખરાબ નથી કરી શક્તો. જેથી તે શખ્સ લોકોની અમાનતો અદા કરવા માટે ચાલ્યો ગયો. જયારે એને આવવામાં મોડુ થયું તો હજ્જાજે જામિનને કત્લ કરવાનો હુકમ આપી દીધો. જામિને બે રકાત નમાઝ પઢવાની મોહલત માગી. જયારે તે પઢી ચૂક્યો તો જલ્લાદે ચાહ્યું કે એના પર તલ્વાર ચલાવે, હજી તલ્વાર ઉગામવા જ ચાહતો હતો એવામાં તે શખ્સ આવી પહોંચ્યો.

જલ્લાદે તેને પૂછયું કે જ્યારે આ જામિનના સબબથી પોતાની જાન બચાવી ચૂક્યો હતો, તો પછી તને જાન આપવા માટે કઈ ચીજે તૈયાર કર્યો ?! તે કહેવા લાગ્યો, અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَوْفُوْا بِالْعُقُوْدِ "હે ઈમાનવાળાઓ ! પોતાના વાયદા પૂરા કરો !" *(સૂરએ માઈદા, આ. ૧, સૂરત : ૫)*

તેમ જ રબ તઆલાનો ઈર્શાદ છે : "તમે મારા વાયદા પૂરા કરો, હું તમારા વાયદા પૂરા કરીશ." આ કારણે પાછો આવી ગયો. કેમ કે હું આ ફાની જિંદગીના માટે મારા ઈમાનને બર્બાદ નથી કરી શક્તો. હજ્જાજે આ વાત સાંભળતાં જ બંનેને મુક્ત કરી આપ્યા. (સુબ્હાનલ્લાહ !) *(નુઝહતુલ મજાલિસ)*

આ પ્રસંગમાં એક ઈમાનવાળા માટે ઘણી બધી નસીહતો સમાયેલી છે. આજે લોકો વહેવારમાં લેણદેણમાં, એકબીજાથી મેલજોલમાં જાત જાતના નાના મોટા વાયદા કરે છે અને તેના પ્રત્યે ગંભીર નથી રહેતા અને વાદા ખિલાફી કરીને અન્યોને મુસીબતમાં સપડાવી દે છે તેમણે સમજવું જોઈએ કે ઈસ્લામમાં વાયદા પાલનનું કેટલું મહત્વ છે અને વાદા ખિલાફી કરનાર, જૂઠુ બોલનાર અને કોઈની અમાનતમાં ખયાનત કરનાર માટે કેવી ભયાનક ચેતવણી આવેલી છે.

## ★ જેનામાં ત્રણ કુટેવો હોય તે મુનાફિક્ છે ! ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત થયેલ છે કે એકવાર રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા તો આપે ફર્માવ્યું, જેમાં ત્રણ કુટેવો હોય તે મુનાફિ (જાહેરમાં મુસલમાન દિલથી કાફિર) છે. જો એમાંથી એક હોય તો ૧/૩ ભાગની મુનાફિકત તેના મૌજૂદ છે. તે એ છે કે જ્યારે **વાત કરે તો જૂઠુ બોલે** જ્યારે **વાયદો કરે તો વાદાખિલાફી કરે** અને જ્યારે તેને અમીન બનાવવામાં (અમાનત સોંપવામાં) આવે તો **ખયાનત કરે.** *(નુઝહતુલ મજાલિસ, ૨/૩૮)* મુસ્લિમની એક રિવાયતમાં છે કે ભલે પછી તે રોઝા રાખતો હોય, નમાઝ પઢતો હોય કે પોતાની જાતને મુસલમાન કહેવડાવતો હોય, તે મુનાફિક્ છે. તેમજ એક હદીષમાં મુનાફિક્ની ચોથી નિશાની પણ બતાવી છે કે **ઝઘડો કરે તો ગાળો બોલે.** *(રિયાઝુસ્સાલિહીન)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આપણે આપણા દિલમાં ઝાંકીને જોઈએ કે ક્યાંક આપણામાં આ મુનાફિક્ની નિશાનીઓ તો નથી ઘર કરી ગઈ ! અથવા તો એમાંથી કોઈ એક નિશાની તો નથી જોવા મળતી ?! જો હોય તો વિચારો કે એ કેટલી બદ કિસ્મતી તથા અફસોસ તથા શરમની વાત છે કે અલ્લાહના નબી ﷺ જેને "મુનાફિક્" કહે છે ?! અલ્લાહની પનાહ !

આજકાલ કેટલાક લોકોએ આ કામોને ધંધો જ બનાવી લીધો અને જૂઠ બોલી, ખોટા વાયદા કરી, જૂઠી લાલચો આપીને લોકો પાસેથી માલ પડાવી જાય છે, ધંધામાં ઈન્વેસ્ટના બહાને કે ગમે તે રીતે, અને જ્યારે પરત આપવાનો સમય થાય છે તો હાથ ઊંચા કરી આપે છે અથવા ઝઘડો કરીને ગાળાગાળા કરીને સામેવાળાને ડરાવે છે અને મુનાફિક્ની યાદીમાં પોતાનું નામ નોંધાવી દે છે ! ગંભીરતાથી વિચારો જેમના માલો કે રૂપિયા તમે કોઈ ધંધામાં ઈન્વેસ્ટ કરવા કોઈનાથી લીધા હોય, ભાગીદારી કરીને લીધા હોય કે ઉછીના લીધા હોય તેમને પરત કરી આપો નહીં તો જહન્નમમાં અઝાબ ભોગવવાની તૈયારી રાખો. આજે લોકોનાં ઈમાન એટલા કમજોર

પડી ગયાં કે બોલી કાઢે છે કે, ''હવે મર્યા પછી જોયું જશે ! દેખા જાયેગા જો ભી હોગા !'' તેઓ જરા કોઈનો માલ પડાવી ખાવાના, જૂઠ બોલી ખોટા વાયદા કરીને લોકોને છેતરવાના અઝાબો વિશે પણ જાણી લે.

### ★ જૂઠા, વાદા ખિલાફ, ખયાનત કરનારના અઝાબો ★

શબે મેઅરાજના સફરના વર્ણનમાં નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે પછી હું એક એવા માણસ પાસે થઈને પસાર થયો જેણે લાકડીઓનો ઘણો જ મોટો વજનદાર ભારો બાંધેલો છે જે એનાથી ઉઠાવી નથી શકાતો, છતાં ભારામાં અધિક લાકડીઓ મિલાવતો જઈ રહ્યો છે. મારા પૂછવા પર જિબ્રઈલ علیہ السلામએ બતાવ્યું કે આ તે શખ્સ છે જે લોકોની અમાનતો અદા કરી શક્તો ન હતો છતાં અધિક હાંસલ કરતો રહે છે એટલે કે ખયાનત કરનારો છે જે બોજા તળે દબાતો જઈ રહ્યો છે. *(નુઝહતુલ મજાલિસ)*

જૂઠાના અંજામ વિશે ફર્માવ્યું કે, આપે એક શખ્સને જોયો કે તે બેઠેલો છે અને તેની સામે એક બીજો શખ્સ લોખંડની ઝંબૂર (એક પ્રકારનુ હથિયાર) લઈને ઉભેલો છે અને તે ઝંબૂર વડે સામે બેઠેલા શખ્સના એક ગાલને બોચી સુધી ચીરી નાખે છે. પછી બીજા ગાલને એ જ પ્રમાણે બોચી સુધી ચીરી નાખે છે. એટલામાં પ્રથમ ગાલ ઠીક થઈ જાય છે. તો ફરી તેને ચીરી નાખે છે. આવો અઝાબ સતત તેને થતો રહે છે. હુઝૂર ﷺના પૂછવા પર જિબ્રઈલ علیہ السلامએ જણાવ્યું કે આ જૂઠો શખ્સ છે.

હુઝૂર ﷺએ એકવાર બક઼ીઅમાં થઈને પસાર થતાં એક ક઼બ્રવાળાના વિશે ફર્માવ્યું કે મેં ફલાણા ક઼બીલાની ઝકાત વસૂલ કરવા માટે આમિલ બનાવીને એને મોકલ્યો હતો. તેણે એક કુર્તો ખયાનત કરીને છુપાવી લીધો, હવે એના જેવો આગનો કુર્તો એને ક઼બ્રમાં પહેરાવી દેવામાં આવ્યો છે. *(શ્રહુસ્સુદૂર બહવાલા બરકાતે શરીઅત)*

સારાંશ કે જો આપણે ઈમાનવાળા છીએ તો આપણે અલ્લાહ વ રસૂલના ફર્માનોને ગંભીરતાપૂર્વક વાંચવાં જોઈએ અને ''હવે ! મરીશું ત્યારે દેખા જાએગા !'' એવી શૈખી શૈતાનના ચેલા બનીને ન મારવી જોઈએ બલ્કે ખુદા વ રસૂલનાં ફર્માનો સાંભળી કાંપી ઉઠવું જોઈએ, અને પોતાના ગુનાહોથી તૌબા કરી લોકોની ઉછીની ઉધાર લીધેલી કે ધંધા માટે લીધેલી કે ઈન્વેસ્ટ કરેલી રકમો તથા માલોને સત્વરે પરત કરી પોતાની દુનિયા તથા આખેરતને સમારી લેવી જોઈએ. રબ્બે કરીમ આપણને સૌને નેક તૌફીક઼ બખ્શે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

**મદદની અપીલ :** જંબુસરથી લિ. ખાદિમે રઝા વ અશરફ અલ્લારખા ફુટવાલા તથા હાફિઝ શોએબ લખી જણાવે છે કે જંબુસર ગ્રીન પાર્ક સોસાયટી, વડોદરા રોડ, **''મસ્જિદે ઈમામ અહમદ રઝા''**ના બાંધકામ માટે પ્લોટ લઈ લીધા છે. તેની રકમ **રૂા. ૧૭ લાખની** આસપાસ આપવાની હોવાથી સખી દાતાઓને વિનંતિ કે મર્હૂમોના સવાબ અર્થે ભરપુર સહાય આપી અપાવી સવાબના હક્ક઼દાર બનશો, બનાવશો.

**-:: મદદ પહોંચાડવા સંપર્ક કરો ::-**

✦ **ઈસ્હાકખાન પઠાણ** Mob. : 9909204590 ✦ **હાફેઝ શોએબ** Mob. : 9898932462

✦ **આસિફ પઠાણ** Mob. : 9825333519 ✦ **અલ્લારખા ફુટવાલા** Mob. : 9428027092

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકૂઅ છે.

وَمَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمُ ابْتِغَآءَ مَرْضَاتِ
اللّٰهِ وَتَثْبِيْتًا مِّنْ اَنْفُسِهِمْ كَمَثَلِ جَنَّةٍ بِرَبْوَةٍ
اَصَابَهَا وَابِلٌ فَاٰتَتْ اُكُلَهَا ضِعْفَيْنِ ۚ فَاِنْ لَّمْ
يُصِبْهَا وَابِلٌ فَطَلٌّ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۲۶۵﴾
اَيَوَدُّ اَحَدُكُمْ اَنْ تَكُوْنَ لَهٗ جَنَّةٌ مِّنْ نَّخِيْلٍ وَّ
اَعْنَابٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۙ لَهٗ فِيْهَا
مِنْ كُلِّ الثَّمَرٰتِ ۙ وَاَصَابَهُ الْكِبَرُ وَلَهٗ ذُرِّيَّةٌ
ضُعَفَآءُ ۖۚ فَاَصَابَهَآ اِعْصَارٌ فِيْهِ نَارٌ فَاحْتَرَقَتْ ؕ
كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ لَعَلَّكُمْ تَتَفَكَّرُوْنَ ﴿۲۶۶﴾
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَنْفِقُوْا مِنْ طَيِّبٰتِ مَا كَسَبْتُمْ
وَمِمَّآ اَخْرَجْنَا لَكُمْ مِّنَ الْاَرْضِ ۪ وَلَا تَيَمَّمُوا
الْخَبِيْثَ مِنْهُ تُنْفِقُوْنَ وَلَسْتُمْ بِاٰخِذِيْهِ اِلَّاۤ اَنْ
تُغْمِضُوْا فِيْهِ ؕ وَاعْلَمُوْۤا اَنَّ اللّٰهَ غَنِيٌّ حَمِيْدٌ ﴿۲۶۷﴾
اَلشَّيْطٰنُ يَعِدُكُمُ الْفَقْرَ وَيَاْمُرُكُمْ بِالْفَحْشَآءِ ۚ
وَاللّٰهُ يَعِدُكُمْ مَّغْفِرَةً مِّنْهُ وَفَضْلًا ؕ وَاللّٰهُ

## સૂરએ બક઼રહની તફસીર

અને તેઓનું દ્રષ્ટાંત જેઓ પોતાનો માલ અલ્લાહની ખુશી મેળવવામાં અને પોતાનાં દિલ અટલ કરવામાં ખર્ચ છે[૪૪] તે બગીચા જેવું છે જે ભઠાણ પર હોય તેના પર ધોધમાર પાણી પડયો તો બમણા મેવા લગાડગા, પછી જો ધોધમાર વરસાદ તેને ન મળે તો છંટકાવ માત્ર જ પૂરતો છે[૪૫] અને અલ્લાહ તમારાં કામો જોઈ રહ્યો છે[૪૬] (૨૬૫) શું તમારામાં કોઈ એ (વાત)ને પસંદ કરશે[૪૭] કે તેના પાસે ખજૂર અને દ્રાક્ષનો એક બગીચો હોય[૪૮] જેના નીચે નદીઓ વહેતી (હોય) તેના માટે એમાં દરેક પ્રકારનાં ફળો છે[૪૯] અને તેને વૃદ્ધાવસ્થા આવી[૫૦] અને તેના અશક્ત બાળકો (પણ) છે[૫૧] તો તે (બગીચા) પર એક વંટોળ આવ્યો જેમાં આગ હતી તો (બગીચો) સળગી ગયો[૫૨] આમ જ અલ્લાહ તમને પોતાની આયતો બયાન કરે છે કે ક્યાંક તમે ધ્યાન લગાડો[૫૩] (૨૬૬) અય ઈમાનવાળાઓ ! પોતાની પાક કમાઈઓમાંથી[૫૪] અને તેમાંથી જે અમે તમારી માટે જમીનમાંથી કાઢયું[૫૫] કંઈક આપો, અને તેમાંથી ખાસ રદ્દી (વસ્તુ આપવા)નો ઈરાદો ન કરો[૫૬] કે આપો તો તેમાંથી. અને (એ વસ્તુ જો) તમને મળે તો ન લો જ્યાં સુધી કે આંખ મીચામણાં ન કરો અને જાણી રાખો કે અલ્લાહ

નચિંત, વખાણ કરાએલો છે (૨૬૭) શયતાન તમને ચિંતા કરાવે છે મોહતાજીની[૫૭] અને બેહયાઈનો હુકમ આપે છે[૫૮] અને અલ્લાહ તમને વાયદો ફર્માવે છે બખ્શિશ અને ફઝલનો[૫૯] અને અલ્લાહ ઉદારતાવાળો ઈલ્મવાળો વે (૨૬૮) અલ્લાહ જેને ઈચ્છે (તેને) હિકમત આપે છે[૬૦] અને જેને હિકમત મળી તેને ઘણી ભલાઈ પ્રાપ્ત થઈ, અને બુદ્ધિમાનો સિવાય (બીજા) નસીહત નથી માનતા (૨૬૯) અને તમે ખર્ચ કરો[૬૧] અથવા મન્નત માનો[૬૨] અલ્લાહને તેની ખબર છે[૬૩] અને જાલિમોનો કોઈ મદદગાર નથી (૨૭૦) જો ખૈરાત જાહેર રીતે આપો તો એ ઘણી જ સારી વાત છે, અને જો છુપી રીતે ફકીરોને આપો તો એ તમારા માટે સર્વોત્તમ છે[૬૪] અને એમાં તમારા અમુક ગુનાહો ઘટશે. અને અલ્લાહને તમારાં કામોની ખબર છે (૨૭૧)

**સમજૂતી :** **૪૪.** અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવું દિલને મક્કમ કરે છે.

**૪૫.** આ નિખાલસ મોમિનના અમલની એક મિષાલ છે. જેવી રીતે ઊંચાઈ પર આવેલો શ્રેષ્ઠ ધરતીનો બગીચો દરેક હાલતમાં સારા ફળો લગાડે છે, ભલે પછી વરસાદ વધારે હોય કે ઓછો, એવી જ રીતે મુખ્લિસ મુઅમિનનો સદકો વધારે હોય કે થોડો અલ્લાહ તેને ખૂબ વધારે છે.

**૪૬.** અને તમારી નિય્યત તેમજ નિખાલસતાને જાણે છે.

**૪૭.** એટલે કે કોઈ પસંદ નહીં કરે. કારણ કે વાત કોઈ બુદ્ધિમાન માની લે એવી નથી.

**૪૮.** તે બાગમાં બીજા પણ ઉચ્ચ પ્રકારના મેવાના ઝાડો હોય, ખજૂર અને દ્રાક્ષનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે, એ વધારે સરસ મેવા છે.

**૪૯.** અર્થાત તે બગીચો એક રોનકવાળું સ્થળ અને

وَاسِعٌ عَلِيْمٌ ﴿۲۶۸﴾ يُّؤْتِي الْحِكْمَةَ مَنْ يَّشَآءُ ۚ وَمَنْ
يُّؤْتَ الْحِكْمَةَ فَقَدْ اُوْتِيَ خَيْرًا كَثِيْرًا ؕ وَمَا
يَذَّكَّرُ اِلَّآ اُولُوا الْاَلْبَابِ ﴿۲۶۹﴾ وَمَآ اَنْفَقْتُمْ
مِّنْ نَّفَقَةٍ اَوْ نَذَرْتُمْ مِّنْ نَّذْرٍ فَاِنَّ اللّٰهَ
يَعْلَمُهٗ ؕ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿۲۷۰﴾ اِنْ تُبْدُوا
الصَّدَقٰتِ فَنِعِمَّا هِيَ ۚ وَاِنْ تُخْفُوْهَا وَتُؤْتُوْهَا
الْفُقَرَآءَ فَهُوَ خَيْرٌ لَّكُمْ ؕ وَيُكَفِّرُ عَنْكُمْ مِّنْ
سَيِّاٰتِكُمْ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿۲۷۱﴾

મનમોહક હોવા ઉપરાંત એક સરસ મિલ્મત પણ છે.

**૫૦.** જે સમય જરૂરતમંદીનો હોય છે, કારણ કે એ સમય મનુષ્ય કમાવા અને કામ કરવા શક્તિમાન હોતો નથી.

**૫૧.** જે કમાવા લાયક હજુ થયા નથી, અને તેઓને ઉછેર કરવાની આવશ્યક્તા છે મતલબ કે સમય એવો છે જેમાં માલની ખૂબ આવશ્યક્તા છે અને બધો દારોમદાર ફક્ત પેલા એક બગીચા પર જ છે, અને બગીચો પણ ખૂબ ઉત્તમ છે.

**૫૨.** તે બગીચો સળગી જાય તો તે સમયે પેલા માણસની ચિંતા, દુઃખ, પસ્તાવો અને નિરાશા કેટલી હદે પહોંચી જાય ? આ જ હાલત તે માણસની છે જેણે નેક કાર્યો તો કર્યા પણ અલ્લાહની ખુશી મેળવવા માટે નહીં બલ્કે લોકોને દેખાડવા ખાતર, અને છતાં એને એવું ગુમાન હોય કે મારી પાસે નેકીઓ જમા છે, પણ જ્યારે કે ખૂબ જરૂરતનો સમય એટલે કે કયામતનો

દિવસ આવશે ત્યારે અલ્લાહપાક તેનાં આ કાર્યોને બિન સ્વિકૃત જાહેર કરશે, તે દિવસે તેને કેટલી ચિંતા અને કેટલો પસ્તાવો થશે ?

હઝરત ઉમર رضی اللہ عنہ એ સહાબાએ કિરામ رضی اللہ عنہ ને પૂછયું કે તમારા ખયાલ મુજબ આ આયત શેના વિશે ઉતરી ? ત્યારે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ જવાબ આપ્યો કે 'આ એક ધનવાન માણસનું દ્રષ્ટાંત છે, જે નેક કામ કરતો હોય અને પછી શયતાનના ભટકાવવાથી ભટકી જઈને પોતાની તમામ નેકીઓને બરબાદ કરી નાખતો હોય. *(મદારિક, ખાઝિન)*

**૫૩.** અને જાણો કે દુનિયા નાશવંત છે અને આક઼િબત આવનાર છે.

**૫૪.** આનાથી કમાવા માટે ધંધો કરવાની છૂટ અને વેપારના માલમાં ઝકાત સાબિત થાય છે. (ખાઝિન, મદારિક) એ પણ બની શકે છે કે આ નફ્લ અને ફર્ઝ બન્ને પ્રકારના સદક઼ાઓ માટે હોય. *(તફસીરે અહમદી)*

**૫૫.** પછી તે અનાજ હોય કે ખાણો હોય.

**૫૬. શાને નુઝૂલ :** અમુક લોકો સદકામાં ખરાબ વસ્તુઓ આપતા હતા, તેમના માટે આ આયત ઉતરી.

**મસ્અલો :** સદકો ઉઘરાવનારે મધ્યમ કક્ષાનો માલ લેવો જોઈએ, તદ્દન ખરાબ પણ ન લે અને સહુથી ઉત્તમ પણ ન લઈ લે.

**૫૭.** કે જો ખર્ચ કરશો, સદક઼ો આપશો તો નાદાર બની જશો.

**૫૮.** એટલે કે કંજૂસી કરવાનો અને ઝકાત, સદક઼ા ન આપવાનો, આ આયતમાં ખૂબીની વાત એ કહેવામાં આવી છે કે કંજૂસી સારી છે એવુ મનુષ્યના ભેજામાં ઠસાવવામાં શયતાન નિષ્ફળ જાય છે, ત્યારે તેને એવો ડર બતાવે છે કે ખૈરાત કરીશ તો નાદાર બની જઈશ, આજના સમયમાં જે લોકો ખૈરાત કરતાં ખચકાય છે તેમના દિલોમાં પણ આવો જ ડર બેઠેલો હોય છે.

**૫૯.** સદક઼ો આપવા અને ખર્ચ કરવાના બદલા રૂપે.

**૬૦.** હિકમતનો મતલબ અહીં કુર્આન, હદીષ, ફિક઼્હ લેવાયો છે યા પછી તક઼્વો અથવા નુબુવ્વત. *(મદારિક ખાઝિન)*

**૬૧.** નેકીના માર્ગે યા બુરાઈના માર્ગે.

**૬૨.** સારા કામની અથવા ગુનાહની, 'નઝર' પરિભાષામાં 'ભેટ' અને 'નઝરાણા'ને કહે છે, અને શરીઅતની દ્રષ્ટિએ 'નઝર' એ ઈબાદત અને ખુદાની નઝદીકી પ્રાપ્ત કરવા ઈરાદાપૂર્વક કરાએલું કાર્ય છે, માટે જ કોઈએ ગુનાહના કામની 'નઝર' માની તો તે ખરી ઠરશે નહીં. 'નઝર' ખાસ અલ્લાહ માટે જ હોય શકે અને જાઈઝ છે કે 'નઝર' તો ખાસ અલ્લાહ માટે જ કરે અને કોઈ વલીની દરગાહ પર રહેતા ફકીરો ગરીબોને તે 'નઝર' ખર્ચ કરવા વાપરવા માટેનું સ્થાન બનાવે, દા.ત. કોઈએ 'નઝર' માની કે યા અલ્લાહ તું મારી ફલાણી મુરાદ પૂરી કરી દે અથવા ફલાણા બીમારને સારો કરી દે તો હું ફલાણા વલીયુલ્લાહના દરબારના ગરીબો ફકીરોને ખાવા ખવડાવવાની અથવા ત્યાંના ખાદિમોને આટલા રૂપિયા આપવાની અથવા ત્યાંની મસ્જિદ માટે તેલ યા ચટાઈ હાજર કરવાની નઝર માનુ છું, તો આવી 'નઝર' જાઈઝ છે. *(રદ્દુલ મુહતાર)*

**ખુલાસો :** 'નઝર' નો અર્થ મન્નત છે.

**૬૩.** તે તમને એનો બદલો આપશે.

**૬૪.** સદક઼ો ફર્ઝ હોય કે નફ્લ જયારે નિખાલસતાથી માત્ર અલ્લાહ વાસ્તે જ આપવામાં આવે. અને દેખાવ કરવાનો ઈરાદો ન હોય. તો જાહેર રીતે કે છુપી રીતે બન્ને તરીક઼ા ઉત્તમ છે.

**મસ્અલો :** પણ ફર્ઝ સદક઼ાને જાહેર રીતે અને નફ્લને છુપી રીતે આપવું વધારે બેહતર છે.

**મસ્અલો :** જો નફ્લ સદક઼ો આપનાર એટલા માટે જાહેર કરીને આપે કે એનાથી બીજાને આપવાનો શોખ થાય તો એ પણ અફઝલ છે. *(મદારિક)*

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

કાર્યાલય

**હદીષ :** *(ત્રીજો વિભાગ) : હઝરત ઝયદ ઈબ્ને અસ્લમથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ ﷺને પૂછયું અને અર્ઝ કરી, પોતાની પત્ની સાથે હૈઝ (માસિક)ની હાલતમાં શું હલાલ છે ? ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ કે તેનું તેહબંદ મજબૂત બાંધી દો પછી તેહબંદની ઉપર તમારું કામ છે[૨] એને માલિક તથા દારમીએ મુરસલન્ રિવાયત કરી. રિવાયત છે હઝરત આઈશા رضی اللہ عنہاથી, ફર્માવે છે કે જ્યારે હું હાઈઝા (હૈઝવાળી) થતી તો બિસ્તરથી ચટાઈ પર ઉતરી આવતી પછી અમે હુઝૂર ﷺની નજીક ન થતી, ત્યાં સુધી કે અમે પાક થઈ જતી[3]. (અબૂ દાઊદ)*

***મુસ્તહાઝાનું પ્રકરણ[૪]** : (પ્રથમ વિભાગ) : હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. ફર્માવે છે કે ફાતિમા બિન્તે હુબૈશ હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં હાજર થયાં[૫] અને બોલ્યાં કે યા રસૂલુલ્લાહ ﷺ હું ઈસ્તેહાઝાવાળી (જેમાં બીમારીનું લોહી આવે, માસિકનું નહીં) સ્ત્રી છું કે પાક જ નથી થતી, તો શું નમાઝ છોડી આપું ? ફર્માવ્યું, એ તો રગ છે હૈઝ નથી[૬]. જ્યારે તમારું હૈઝ આવ્યા કરે તો નમાઝ છોડી દીધા કરો અને જ્યારે ચાલ્યુ જાય તો લોહી ધોઈ નાખો પછી નમાઝ પઢી લીધા કરો[૭]. (મુસ્લિમ તથા બુખારી)*

*(બીજો વિભાગ) : ઉરવા ઈબ્ને ઝુબૈરથી રિવાયત છે. તે ફાતિમા બિન્તે અબૂ હુબૈશથી રિવાયત કરે છે કે તે મુસ્તહાઝા (ઈસ્તેહાઝાવાળી) થઈ જતી હતી. તેમને નબી ﷺએ ફર્માવ્યું કે જ્યારે હૈઝનું લોહી હોય તો તે કાળુ લોહી હોય છે જે ઓળખાય જાય છે[૮] તો જ્યારે એ હોય તો નમાઝથી રોકાય જાવ, અને જ્યારે બીજુ હોય તો વુઝૂ કરો અને નમાઝ પઢો કે તે તો રગ છે[૯]. (અબૂ દાઊદ, નિસાઈ)*

*હઝરત ઉમ્મે સલ્માથી રિવાયત છે ફર્માવે છે કે એક સ્ત્રીને નબી ﷺના જમાનામાં લોહી વહેતુ હતુ[૧૦] એના વિશે હઝરત ઉમ્મે સલ્માએ નબી કરીમ ﷺથી ફત્વો પૂછયો[૧૧]. ફર્માવ્યું, તે રાત દિવસ મહિનાના ગણી લે જેમાં એ બીમારીના લાગવાથી પહેલાં હૈઝ આવતુ હતું, મહિનામાં એટલા દિવસ નમાઝ છોડી આપે. પછી જ્યારે એ દિવસો પસાર થઈ જાય તો ગુસ્લ કરે અને કપડાનો લંગોટ બાંધે પછી નમાઝ પઢતી રહે[૧૨]. (માલિક, અબૂ દાઊદ, દારમી)*

*નિસાઈએ એ જ અર્થની રિવાયત કરી. રિવાયત છે હઝરત અદી ઈબ્ને ષાબિતથી[૧3] તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રિવાયત કરે છે. યહ્યા ઈબ્ને મુઈન કહે છે અદીના દાદાનું નામ દીનાર છે. તે નબી ﷺથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ઈસ્તેહાઝાવાળીના માટે ફર્માવ્યું કે તે પોતાના હૈઝના સમયમાં જેમાં એને હૈઝ આવતુ હતું નમાઝ છોડી દીધા કરે. પછી નહાય અને દરેક નમાઝના સમયે વુઝૂ કરે[૧૪] અને રોઝા રાખે અને નમાઝ પઢે[૧૫]. (તિર્મિઝી, અબૂ દાઊદ)*

**સમજૂતી :** **૧.** આપ મદીનાવાળાઓમાં જલીલુશ્શાન તાબઈ છે. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના આઝાદ કરેલા ગુલામ છે. મહાન આલિમ હતા, ત્યાં સુધી કે ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہ આપની મજલિસમાં શરીક થતા અને આપનાથી હદીષો લેતા હતા. *(અશિઅહ તથા મિર્કાત)*

**૨.** એટલે કે હૈઝવાળી (માસિકવાળી) સાથે સંભોગ હરામ છે, અને જ્યારે તેણી ઈજાર બાંધેલ હોય તો ચુંબન વગેરે હલાલ છે. એની ચર્ચા વર્ણન થઈ ચૂકી કે એ યુવાન પુરૂષને મના, અને ઉમરવાળાને માટે મુબાહ છે, કેમ કે એનાથી સંભોગ કરી બેસવાનો ખતરો ઓછો છે.

**૩.** એટલે કે અમે સર્વ અઝવાજે પાક હૈઝની હાલતમાં હુઝૂરે અન્વર ﷺ પાસે સૂતી ન હતી, બલ્કે અલગ ચટાઈ પર આપના બિસ્તરથી દૂર સૂતી. જો કે એ તો અમારો પોતાનો અમલ હતો કે એ હાલતમાં આપની પાસે સૂવા બેસવાની હિંમત કરતી ન હતી. હા ! જો હુઝૂરે અન્વર ﷺ પોતે જ અમને બોલાવતા તો હુકમનું પાલન કરતી હતી. જેથી આ હદીષ એ અગાઉ આવેલી હદીષોની વિરૂધ્ધ નથી જેમાં મુબાશરત તથા સ્પર્શવું સાબિત છે કે તે હુઝૂરે અન્વર ﷺના હુકમથી થાય છે, અને અહીં અઝવાજે પાકની પોતાની હિંમતનું વર્ણન છે. અમુકે ફર્માવ્યું કે આ હદીષ મન્સૂખ છે અને અગાઉ વર્ણન પામેલ હદીષો નાસિખ છે. પરંતું પ્રથમ ખુલાસો મજબૂત છે.

**૪.** મુસ્તહાઝા (ઈસ્તેહાઝાવાળી) તે સ્ત્રી છે જેને ઈસ્તેહાઝા (બીમારી)નું લોહી આવતુ હોય. ઈસ્તેહાઝા બીમારી છે જેમાં સ્ત્રીની રગ ખુલીને લોહી વહેતુ થઈ જાય છે. એ લોહી હૈઝ તથા નિફાસ (માસિકનું કે સુવાવડનું) નથી હોતુ, એની કોઈ મુદ્દત નથી. અને એમાં નમાઝ, રોઝા, સોહબત, મસ્જિદમાં પ્રવેશવું કાંઈ પણ મના નથી. બલ્કે એનો હુકમ મઅઝૂર (મજબૂર)ના જેમ છે કે એક સમયે વુઝૂ કરી નમાઝ પઢતી રહે ભલે લોહી આવ્યા કરે. સમય નીકળી જતાં વુઝૂ તૂટી જશે. (બીજા વખતની નમાઝ માટે ફરી વુઝૂ કરે, એ જ પ્રમાણે દરેક સમયે કરે)

**૫.** મસ્અલો પૂછવા તથા દીન શીખવા માટે. આપ ફાતિમા બિન્તે હુબૈશ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ ઈબ્ને અસદ ઈબ્ને અબ્દુલ ઉઝ્ઝા ઈબ્ને કુસય ઈબ્ને કલાબ છે. આ અબ્દુલ મુત્તલિબ હુઝૂર ﷺના દાદા નથી. તે તો અબ્દુલ મુત્તલિબ ઈબ્ને હાશિમ છે.

**૬.** એટલે કે ગર્ભના નજીકની કોઈ રગ (નસ) ખુલી ગઈ છે જેનાથી આ લોહી વહેતુ થઈ ગયું છે, ગર્ભનું લોહી નથી જેથી એના હુકમો હૈઝ તથા નિફાસ જેવા નથી આ પરથી જાણવા મળ્યું કે સ્ત્રી આલિમથી મસ્અલો પૂછવામાં તેમજ આલિમ મસ્અલો બતાવવામાં શર્મ ન કરે, નહીં તો દીનની તબ્લીગ કેવી રીતે થશે.

**૭.** એટલે કે ઈસ્તેહાઝાની બીમારી લાગતાં પહેલાં તમને જે તારીખોમાં હૈઝ આવતુ હતું એ જ તારીખોને અત્યારે પણ હૈઝની માનો. એમાં નમાઝ વગેરે છોડી દો. અને એ તારીખો પછીના લોહીને ઈસ્તેહાઝા (બીમારી)નું લોહી ગણો, અને નમાઝ વગેરે શરૂ કરી આપો. અને જે સ્ત્રીને બાલિગ થતાં જ ઈસ્તેહાઝા શરૂ થઈ જાય, હૈઝની તારીખો નક્કી ન થઈ શકે તે દરેક મહિનાના પ્રથમ દસ દિવસને હૈઝના ગણે અને ૨૦ દિવસ ઈસ્તેહાઝાના ગણે. કેમ કે એમાં જ સાવધાની છે. અહીં લોહી ધોઈ લેવાનો મતલબ, જો હૈઝનું લોહી છે તો ધોય લેવાથી મુરાદ ગુસ્લ કરવું છે, કેમ કે હૈઝ પૂર્ણ થતાં ગુસ્લ ફર્ઝ છે. અને જો ઈસ્તેહાઝાનું લોહી મુરાદ છે તો મતલબ એ છે કે પોતાનું શરીર તથા કપડાથી ઈસ્તેહાઝાનું લોહી ધોઈને ફરી વુઝૂ કરીને નમાઝ પઢી લીધા કરો, એમાં ગુસ્લ વાજિબ નથી. જેથી એના પર એ વાંધો નથી કે

ઈસ્તેહાઝાવાળી હૈઝ પછી ગુસ્લ જરૂર કરશે, પણ અહીં કેવળ લોહી ધોવાનો હુકમ આપેલો છે.

**૮.** આ મોટાભાગના વિશે હુકમ છે ન કે કુલ્લિયહ. એટલે કે મોટાભાગે હૈઝનું લોહી કાળુ હોય છે જેને ઓળખી લેવામાં આવે છે, નહીં તો ક્યારેક એ લોહી લાલ પીળુ પણ હોય છે, અને તફાવત કરવું મુશ્કેલ થઈ જાય છે.

**૯.** એનો અર્થ વર્ણન થઈ ચૂક્યો કે ઈસ્તેહાઝાના (બીમારીના લોહીના) સમયે દરેક નમાઝના સમયે વુઝૂ કરીને નમાઝ પઢો. એવું નથી કે હૈઝ પસાર થઈ જવા પર કેવળ વુઝૂ કરી લો, એ સમયે તો ગુસ્લ ફર્ઝ છે. જેથી આ હદીષ અન્ય હદીષોની વિરૂધ્ધ નથી.

**૧૦.** એ બીબી સાહેબાનું નામ જાણી ન શકાયું. تُهَرَاقُ તથા تَهْرِيقُ બંનેવ રીતની રિવાયત છે. ૫ અધિક છે. બાબે અફઆલનો મઝારેઅ મઅરૂફ અથવા મજહૂલ تُرِيق અથવા تُرَاقُ હતો.

**૧૧.** એટલે કે પોતે તો શરમના કારણે હુઝૂર ﷺને ન પૂછી શક્યાં, ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاથી પૂછયું. હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاએ હુઝૂર ﷺને પૂછીને તેમને મસ્અલો બતાવ્યો. યાદ રાખશો કે એ પાક બીવીઓની વિવિધ હાલતો હતી. અમુક તો મસ્અલાની તેહકીકને શર્મ પર અગ્રતા આપતી હતી અને અમુક શર્મના કારણે પોતે જાતે ન પૂછતી, અન્ય થકી પૂછી લેવાડતી હતી. તે સૌ અલ્લાહની પ્યારી હતી. كُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى સૌનાથી જન્નતનો વાયદો થઈ ચૂક્યો છે.

**૧૨.** એટલે કે મુસ્તહાઝા (ઈસ્તેહાઝાવાળી) પોતાના દરેક મહિનાના બે હિસ્સા કરે, એક હિસ્સાને હૈઝ ગણે ત્રણ દિવસથી દસ દિવસ સુધી જે પ્રમાણે પહેલાં હૈઝ આવતુ રહ્યું હોય તે હૈઝ ગણાશે, બાકી ઈસ્તેહાઝા ગણાશે. ઈસ્તેહાઝાવાળીને લંગોટ બાંધવાનો હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) તથા સાવચેતી માટે છે, જેથી લોહી વડે મુસલ્લો તથા કપડાં ગંદાં ન થાય, વાજિબ રૂપે નથી. જો લંગોટ સિવાય કોઈ અન્ય ઝરીયાથી એ મક્સદ હાંસલ થઈ જાય તો એ પ્રમાણે કરે. અને જો કોઈ રીતે લોહી રોકાતુ ન હોય તો નમાઝ પઢતી રહે ભલે લોહી મુસલ્લા પર ટપકતુ રહે, જેવું કે અન્ય રિવાયતોમાં છે. સર્વ મઅઝૂરોને (મજબૂરોને) આ જ હુકમ છે. જેમ કે નસકોરી ફૂટતી હોય, સતત પેશાબનાં ટીપાં પડતાં હોય એવા લોકો.

**૧૩.** આ અદી કૂફી છે. અન્સારી છે. એના પર રિફ્ઝની શંકા કરવામાં આવેલી છે. (મિર્કાત) અમુકે ફર્માવ્યું કે ષાબિત એમના બાપનુ નામ છે. અમુકે ફર્માવ્યું, દાદાનું નામ છે અને દીનાર પરદાદા. અથવા બાપનુ નામ કૈસ ઈબ્ને હતીમ છે. અલ્લાહ બેહતર જાણનાર છે. અદી કૂફામાં રાફઝીઓની મસ્જિદનો ઈમામ હતો. હિ.સ. ૧૧૬માં મૃત્યુ પામ્યો.

**૧૪.** એટલે કે ગુસ્લ તો હૈઝ ખત્મ થવા પર એકવાર કરે અને વુઝૂ દરેક નમાઝના સમયે કર્યા કરે, જેવો કે ઈસ્તેહાઝાવાળી સ્ત્રીના માટે હુકમ છે. જેથી تَتَوَضَّاءُ عِنْدَ كُلِّ صَلٰوةٍનો ઝર્ફ છે ન કે تَغْتَسِلُનો.

**૧૫.** કેમ કે રોઝો ઈસ્તેહાઝાવાળી માટે નમાઝથી વધુ મહત્વનો છે કેમ કે એના પર હૈઝના સમયના રોઝાની કઝા છે, નમાઝની નહીં. જેથી રોઝાને નમાઝ કરતાં અગ્રતા આપવામાં આવી.


**:: કિતાબો મંગાવો ::**



**✦ રસૂલે ખુદા ﷺના કૌલ ✦**

*(પેજીસ–૯૬, હદીયો રૂા. ૩૦/–)*

**✦ ઈસ્લામ અને કુફ્ર ✦**

*(પેજીસ–૬૮, હદીયો રૂા. ૧૦/–)*

**સંપાદક તથા પ્રકાશક :** મુહમ્મદ અમીન એ. ચોલા, ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર, જામનગર–૩૬૧૦૦૧, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

# હ઼દાઈકે બખ઼્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**પેશે હક્ક઼ મુઝદા શફ઼ાઅતકા સુનાતે જાએંગે-આપ રોતે જાએંગે હમકો હંસાતે જાએંગે**

*(પેશે હક્ક઼ = અલ્લાહ સમક્ષ, મુઝદા =ખુશ ખબરી, શફ઼ાઅત = ભલામણ)*

**અર્થાત** : ક઼યામતના દિવસે આપણા આક઼ા વ મૌલા ﷺ ખુદાની બારગાહમાં આપણને શફ઼ાઅતની ખુશખબરી સંભળાવશે. ડરી ગયેલાં દિલોમાં સુકૂન આવી જશે. પછી જ્યારે ઉમ્મત જન્નત તરફ રવાના થશે તો મન્ઝર એવો હશે કે હુઝૂર ﷺ ખુદ તો રડતા હશે. (આ શફ઼ાઅતે કુબરાની નેઅમત મળવાના કારણે અથવા ઉમ્મતની બખ્શિશ પર ખુશીમાં આંસૂ સારશે અથવા અલ્લાહની બારગાહમાં શફ઼ાઅતના ઈઝ્ન (ઈજાઝત)ના માટે અલ્લાહને મનાવવા માટેનું રૂદન હશે) અને ઉમ્મત હસતી હસતી જન્નતની તરફ આગળ વધશે. કોઈકે આ મન્ઝર આ પ્રમાણે વર્ણવ્યો છે :-

*હર નઝર કાંપ ઉઠેગી મેહશરકે દિન-ખૌફ઼ સે હર કલેજા દહલ જાએગા*
*પર યહ નાઝ ઉનકે બંદેકા દેખેંગે સબ-થામ કર ઉન્કા દામન મચલ જાએગા -(તાજુશ્શરીઅહ)*

**દિલ નિકલ જાનેકી જા હૈ આહ ! કિન આંખોસે વહ-હમસે પ્યાસોં કે લિયે દરયા બહાતે જાએંગે**

*(જા = જગા, હમસે = આપણા જેવા)*

**અર્થાત** : આપણુ કલેજુ ફાટી કેમ નથી જતુ (જ્યારે એ મન્ઝર ખયાલમાં આવે) કે આપણા આક઼ા ﷺ આપણા જેવા નકામાઓ માટે પોતાની પ્યારી તથા સરમગીં આંખો વડે આંસૂંઓના દરિયા વહાવી રહ્યા હશે.

*હૈ ઉનકો ઉમ્મતસે પ્યાર કિતના, કરમ હૈ રહમતે શિઆર કિતના*
*હમારે જુર્મોં કો ધો રહે હૈં, વહ આંસૂં અપને બહા બહા કર*

**કિશ્તગાને ગરમીએ મેહશર કો વો જાને મસીહ઼-આજ દામનકી હવા દેકર જલાતે જાએંગે**

**અર્થાત** : અલ્લાહ ! અલ્લાહ ! મેહશરની ભયાનક ગરમીમાં જ્યારે શરીરો દાઝીને મુર્દા થઈ ચૂક્યાં હશે, તે જાને મસીહ, રહમતે આલમ ﷺ પોતાના દામને રહમતની હવા આપીને એ મુડદાંઓને ઝિંદા કરી રહ્યા હશે. એટલે કે શફ઼ાઅત ફ઼ર્માવીને એ મુસીબતથી છોડાવી રહ્યા હશે.

*તાજે શફ઼ાઅત સરપે પહને હશ્રકા દુલ્હા આ પહુંચા-આંખેં ખોલો ! ગૌરસે દેખો ! કિસકી હૈ બારાત ન પૂછો*

**ગુલ ખિલેગા આજ યહ ઉનકી નસીમે ફ઼ય્ઝસે-ખૂન રોતે આએંગે, હમ મુસ્કુરાતે જાએંગે**

**અર્થાત** : જ્યારે આક઼ા કરીમ ﷺના ફ઼ય્ઝે કરમની ઠંડી ખુશબોદાર હવા ચાલશે તો મુરઝાયેલા

ચહેરાઓ ફૂલની જેમ ખીલી ઉઠશે કે આપણે ગુનેહગાર મેહશરના મેદાનમાં ખૌફના માર્યા રડી રડીને આવ્યા હતા, પરંતું હવે જન્નતની તરફ ખૂબ ખુશીઓ મનાવતા મુસ્કુરાતા જઈ રહ્યા છીએ.

**હાં ! ચલો હસરતઝદો ! સુનતે હૈ વો દિન આજ હૈ–થી ખબર જિસકી કે વો જલ્વા દિખાતે જાએંગે**

**અર્થાત** : હે ગમના માર્યાઓ ! બેસહારાઓ ! જે દિવસના બારામાં અમે પઢયું અને તમે સાંભળ્યું હતું કે હુઝૂર ﷺનો દીદાર થશે, ચાલો ! એ દિવસ આવી ગયો છે. અને એ જુઓ મહબૂબે ખુદા પોતાના ચહેરાએ અન્વરથી પર્દો હટાવવાના જ છે.

*ક઼યામત જિસકો કહતે હૈં વો ચીઝ હૈ અહલે સુન્નતકી–ઉધર દીદારે રબ હોગા, ઈધર સૂરત મુહમ્મદ ﷺ કી*

**આજ ઈદે આશિકાં હૈ ગર ખુદા ચાહે કે વો –અબ્રૂએ પૈવસ્તાકા આલમ દિખાતે જાએંગે**

**અર્થાત** : હા ! હા ! આજે જ આશિકાંને રસૂલની અસલ ઈદ છે કે દુનિયામાં તો જોયા વિના એમની વાતો કરતા તથા સાંભળતા હતા, આજે જરા આપણી આંખો વડે મહબૂબે ખુદાનાં ભેગાં થયેલાં ભવાં મુબારક જુઓ, અને એમની બારગાહમાં મોહબ્બતની સાથે દુરૂદો સલામનાં નઝરાણા પેશ કરો.

*હશ્રકા દિન હૈ ઉનકી ઝિયારતકા દિન – ઐસે રોઝે ક઼યામતપે લાખોં સલામ*

બુખારી તથા મુસ્લિમની હદીષ છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જ્યારે જહન્નમ પર પુલસિરાત બિછાવવામાં આવશે, فا كون اول من يجوز من الرسل بامته રસૂલોમાંથી સૌ પ્રથમ હું જ મારી ઉમ્મતને લઈને પુલસિરાત પાર કરીશ. એ રીતે કે : *જિબ્રીલ પર બિછાએં તો પરકો ખબર ન હો*

**ખાક ઉફતાદો ! બસ ઉનકે આને હી કી દૈર હૈ–ખૂદ વો ગિરકર સજદામેં તુમકો ઉઠાતે જાએંગે**

*(ખાક ઉફતાદો = અસીરો, કૈદીઓ)*

**અર્થાત** : દુનિયામાં તો આક઼ા ﷺ જન્નતની બશારતો સંભળાવતા રહ્યા પરંતું આજે મેહશરના દિવસે પોતાની ઉમ્મતને જન્નત વહેંચતા જોવા મળશે. એટલા માટે હે ગદાઓ ! હોશિયાર થઈ જાવ ! અને ભાગો દરે મુસ્તફા ﷺ પર અને અર્ઝ કરો, હે દુશ્મનો પર પણ રહમ કરવાવાળા આક઼ા ! અમે તો આપનો કલમો પઢવાવાળા છીએ !

*કરમકી એક નઝર હમ પર ખુદારા યા રસૂલુલ્લાહ ! ﷺ–હૂં તુમ્હારા મૈં, તુમ્હારા, તુમ્હારા યા રસૂલુલ્લાહ ! ﷺ*

**કુછ ખબર ભી હૈ ફક઼ીરો આજ વો દિન હૈ કે વો–નેઅમતે ખુલ્દ અપને સદક઼ેમેં લુટાતે જાએંગે**

*(નેઅમતે ખુલ્દ = જન્નતની નેઅમત)*

**અર્થાત** : હે ખાકનશીનો ! હવે તમને ખાકમાંથી ઉઠાવીને જન્નતના બાગોમાં પહોંચાડવાનો સમય આવી ગયો છે, બસ એમના આવવાની જ વાર છે ! એક સજદો કરશે તો...

*એક હી સજદેમેં સબકી નજાત હો કે રહી*

પોતે તો સજદામાં તશરીફ લઈ જશે અને તમને ખાકમાંથી ઉઠાવીને સુરૈયા સુધી પહોંચાડી આપશે. જ્યારે અલ્લાહ ફર્માવશે : يا محمد ارفع راسك وقل تسمع وسل تعط واشفع تشفع

*અબ તો સજદેસે સરકો ઉઠા લો – આપકી સારી ઉમ્મત બરી હૈ* –(ક્રમશઃ)




હપ્તો ૫

❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદક ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)

(પ્રકરણ : ૯)

## ખાનએ કા'બા

મક્કા મુકર્રમામાં હઝરત ઈબ્રાહીમ علیہ السلام અને હઝરત ઈસ્માઈલ علیہ السلام એ અલ્લાહના હુકમથી તેની ઈબાદત માટે એક ઘર બનાવ્યુ હતું જે આજ સુધી ઉપસ્થિત છે, તેનું જ નામ "કા'બા" છે. વિશ્વની દરેક જગ્યાએથી મુસલમાનો ત્યાં હજ્જ માટે જાય છે.

હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ علیہما السلام એ બનાવેલુ કા'બા પૂરાણુ થઈ ગયુ હતું અને ઈમારત કમજોર થઈ ગઈ હતી. કૌમે અમાલિકા, કબીલા જુરહુમ અને કુસય વગેરેએ પોત પોતાના જમાનામાં તેનું બાંધકામ કર્યું. કા'બાની ઈમારત બહુ નીચલા ભાગમાં આવેલી હતી એટલા માટે વરસાદનું પણ તેમાં પ્રવેશી જતું જેથી ઈમારતને બહુ નુકસાન થતુ હતું. તેની રક્ષા માટે મક્કાવાળાઓએ આજુબાજુ બંધ બાંધી દીધો હતો, પરંતુ તે તૂટી જતો. એટલા માટે કુરૈશે એ નિશ્ચય કર્યો કે હવે કા'બાનું બાંધકામ નવેસરથી કરવામાં આવે જેનો દરવાજો ઊંચો હોય જેથી વરસાદના પાણીથી રક્ષા થઈ શકે. બધા જ લોકોએ આ વાત કૃબૂલ કરી અને કામ શરૂ થઈ ગયું. કુરૈશે કા'બાના બાંધકામમાં તનતોડ મહેનત કરી. આપણા નબી صلی اللہ علیہ وسلم એ પણ બાંધકામમાં ભાગ લીધો. તે સમયે આપની વય ૩૫ વર્ષની હતી. કુરૈશના બીજા લોકો સાથે આપ علیہ الصلوٰۃ والسلام બરાબર કામમાં લાગેલા રહ્યા. બાંધકામ જ્યારે તે જગ્યાએ પહોંચ્યું જ્યાં "હજરે અસ્વદ" મૂકવાનો હતો ત્યારે બધા કબીલાઓ વચ્ચે બહુ પ્રચંડ ઝઘડો થઈ ગયો. દરેક કબીલાવાળા ઈચ્છતા હતા કે હજરે અસ્વદને અમે ઉઠાવી દીવાલમાં ચણીએ જે અમારા માટે ઈજ્જત અને ફખ્રની વાત થાય. આ બાબત ત્યાં સુધી વધી કે તલ્વારો નીકળી ગઈ અને એ જ મડાગાંઠમાં ચાર દિવસ પસાર થઈ ગયા. પાંચમા દિવસે અરબના બધા કબીલા ભેગા થયા અને આ ઝઘડાનો ફૈંસલો કરવા એક વૃદ્ધ વ્યક્તિએ ઉપાય દર્શાવ્યો કે કાલે સવારે જે વ્યક્તિ સૌ પ્રથમ ખાનએ કા'બામાં દાખલ થઈ જાય તેને બધા લોકો ફૈંસલો કરવાવાળો માને અને તે જે ફૈંસલો કરે તેને કૃબૂલ કરે. સવારે દરેક વ્યક્તિએ કોશિશ કરી કે હું ખાનએ કા'બામાં પ્રથમ દાખલ થઈ જાઉં, પરંતુ સવારે લોકો પહોંચ્યા તો શું જોયું કે આપણા નબી, નૂરે મુજસ્સમ صلی اللہ علیہ وسلم પહેલાં જ ત્યાં પહોંચી ચૂક્યા છે. આપ علیہ الصلوٰۃ والسلام ને જોઈ બધા જ લોકોના ચહેરા ખુશીથી ખીલી ઉઠયા અને બધા એકી સાથે પોકારી ઉઠયા, ખુદાની કૃસમ ! આ "અમીન" છે અને તે જે ફૈંસલો કરશે અમે તેના પર રાજી છીએ. આપ صلی اللہ علیہ وسلم એ આ સમસ્યાનો નિકાલ એ રીતે કર્યો કે બધા કબીલાવાળાઓને બોલાવીને કહ્યું કે એક એક સરદાર ચૂંટી લો. કબીલાવાળાઓએ પોતાના સરદાર ચૂંટી લીધા તો રહ્મતે આલમ صلی اللہ علیہ وسلم એ પોતાની ચાદર મુબારક પાંથરી અને હજરે અસ્વદને વચ્ચે મૂક્યો. ત્યાર બાદ સરદારોને હુકમ આપ્યો કે બધા સરદારો ચાદરને પકડી પથ્થર ઉઠાવો. બધાએ આ રીતે પથ્થર ઊંચક્યો અને જ્યારે પથ્થર તે જગ્યાએ પહોંચી ગયો જ્યાં તેને મૂકવાનો હતો તો રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم એ પોતાના હાથ મુબારકથી તે મુકૃદ્દસ પથ્થરને ત્યાં મૂકી દીધો. જેના લીધે એક ખતરનાક જંગ રોકાઈ ગઈ અને કોઈ વિરોધ ન થયો.

જુઓ ! આપણા નબી صلی اللہ علیہ وسلم નો ફૈંસલો કેટલો પ્યારો હતો જેના કારણે હજારો લોકોનો જીવ બચી ગયો અને હજરે અસ્વદને ઊંચકવામાં દરેક કૃબીલો સામેલ પણ થઈ ગયો.

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

**સંપાદક : મહબૂબે ઈલાહી**
**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### માહે રમઝાનની ફઝીલત

પાંચમી રમઝાનુલ મુબારક હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. અહલે સુફ્ફાના અઝીઝ ખિદમતમાં હાજર હતા. વાત માહે રમઝાનના બારામાં થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે માહે રમઝાન ઘણી જ મહાનતાવાળો મહિનો છે. આ મહિનામાં ઈબ્લીસ લઈન (લઅનતી)ને બંધ રાખવામાં આવે છે જેથી એનાથી મુસલમાન નચિંત રહે, અને રહ્મતના સર્વ દરવાજાઓ ખોલી દેવામાં આવે છે. આ મહિનાના દરેક દિવસ અને દરેક રાતે, દરેક માણસના માટે આસ્માનથી ફરિશ્તા રહ્મતના થાળો લઈને નીચે ઉતરે છે. હુકમ થાય છે કે જ્યારે બંદા રોઝો ઈફતાર કરે તો તેમનાં માથાંઓ પર કુર્બાન કરો.

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રોઝો બંદા તથા રબના દરમ્યાન એક રાઝ છે. બંદો જે ફર્માંબરદારી કરે છે તેનો બદલો નિશ્ચિત છે, પરંતુ રોઝાનો સવાબ અલ્લાહ તઆલાના સિવાય કોઈને માલૂમ નથી. ફર્માવે છે : الصوم لی وانا اجزابہ "રોઝો મારા માટે છે અને હું એનો બદલો આપીશ." પછી ફર્માવ્યું કે આ મહિનાનાં ત્રણ પ્રકારનાં નામ છે : પહેલા દસકા (દસ દિવસ)ને રહ્મતનો દસકો, બીજાને મગફેરતનો દસકો, અને ત્રીજાને આઝાદીનો દસકો કહે છે. પ્રથમ દસ દિવસમાં દોઝખની આગ બંધ કરવામાં આવે છે, એમાં સરાસર રહ્મત છે, અને આસ્માનથી બંદા પર રહ્મત નાઝિલ થાય છે. અને બીજા દસકામાં સૌને મગફેરત બખ્શે છે અને માફ કરે છે, અને કોઈ એવી ઘડી કે ક્ષણ નથી જેમાં લાખો મુસલમાન ન બખ્શવામાં આવતા હોય. ત્રીજા દસકામાં તમામ મુસલમાન રોઝાદારોને દોઝખની આગથી મુક્તિ હાંસલ થઈ જાય છે.

### રમઝાન આવતાં ખુશ થવાનો બદલો

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ માહે રમઝાનના આવવાથી ખુશ થાય છે તેને રબ તઆલા કદી નાખુશ તથા ગમનાક નથી કરતો. અને એની રોજીમાં નેકી તથા બરકત અતા ફર્માવે છે. અને જે એના જવાના સમયે ગમગીન થાય તો અલ્લાહ તઆલા તેને બંનેવ જહાનની ખુશીઓ એનાયત કરે છે અને કદી ગમગીન નથી કરતો.

ત્યારબાદ ફર્માવ્યું કે માહે રમઝાનના રોઝા

રાખવાથી હજાર વરસનો સવાબ નામાએ આમાલમાં લખવામાં આવે છે, અને એટલા જ પ્રમાણમાં ગુનાહોને દૂર કરવામાં આવે છે. તેમજ ફર્માવ્યું કે શબે કદ્ર કેવળ છેલ્લા દસકામાં મેળવી શકાય છે. એ મહિનામાં એક શબે કદ્ર છે. માણસે એ રાતથી ગાફેલ ન થવું જોઈએ જેથી એ રાતની સઆદત (નેક બખ્તી)થી વંચિત ન રહી જાય.

પછી ફર્માવ્યું કે અલ્લાહવાળાઓ માટે વરસની સર્વ રાતો શબે કદ્ર જ છે, અને શબે કદ્રની નેઅમત એમાં પામી શકાય છે. એવા લોકો શબે કદ્રની દોલત જરૂર પામી લે છે.

## રોજ તરાવીહમાં બે વાર ખત્મ !

ત્યારબાદ ફર્માવ્યું કે બુઝુર્ગ અને ખ્વાજગાન એ મહિનાની દરેક તરાવીહમાં કુર્આન શરીફ ખત્મ કર્યા કરતા હતા. પછી ફર્માવ્યું, શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ દર રાત્રે તરાવીહમાં બે વાર કુર્આન શરીફ ખત્મ કર્યા કરતા હતા. એટલે કે માહે રમઝાનમાં ૬૦ વાર કુર્આન શરીફ ખત્મ કરતા. (સુબ્હાનલ્લાહ !)

પછી ફર્માવ્યું, એકવાર સફર કરતાં કરતાં પશ્ચિમની દિશામાં ઈમામ હદાવીની મસ્જિદમાં માહે રમઝાનમાં ઉતર્યો. ત્યાં એક બાઅઝમત બુઝુર્ગ શયખ અબ્દુલ્લાહ મુહમ્મદ બાખરંદી નામના રહેતા હતા જે ઈમામત કરાવ્યા કરતા હતા. દરેક રાત્રે ત્રણવાર કુર્આન શરીફ ખત્મ કરાવ્યા કરતા હતા, તેમજ એ ઉપરાંત ચાર સિપારા પઢયા કરતા હતા. તે મહિનો મેં ત્યાં જ પસાર કર્યો, એમની પાછળ નમાઝ પઢવાની આ સઆદત હાંસલ કરી. પછી ફર્માવ્યું કે આ કામમાં જ્યાં સુધી આવો મુજાહિદો તથા આ પ્રકારની રિયાઝત કરશે નહીં ત્યાં સુધી કદી કોઈ મકામ પર પહોંચશે નહીં.

પછી ફર્માવ્યું કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہએ સિત્તેર વરસ સુધી અલ્લાહ તઆલાની ઈબાદત કરી. એક એક બબ્બે વરસ સુધી નફસને પાણી સુદ્ધાં ન આપ્યું અને નફસની કોઈ આરઝૂ પૂરી ન કરી, ત્યારે રહી રહીને આ મકામ પર પહોંચી શક્યા. જ્યારે રબનો કુર્બ મયસ્સર થયો તો ગયબથી અવાજ આવ્યો કે તારી અંદર દુનિયાની ગંદકી મૌજૂદ છે ! જ્યાં સુધી તું એને ફેંકીશ નહીં ત્યાં સુધી આગળ આવી શકીશ નહીં. અર્ઝ કરી, પરવરદિગાર ! મારી પાસે કાંઈ નથી ! અવાજ આવ્યો કે સારી રીતે તપાસ કરીને જોઈ લે ! જોયું તો એક ચામડાનો કોટ તથા પાણીનો કૂજો હતો, તેને પણ ફેંકી દીધો ત્યારે આ મકામ પર પહોંચ્યા. જ્યારે શૈખુલ ઈસ્લામ આ વાત પર પહોંચ્યા તો ચોધરા આંસૂએ રડયા અને ફર્માવ્યું કે બાયઝીદ કોટ તથા કૂજાના કારણે મકામે કુર્બમાં ન પહોંચી શક્યા તો પછી લોકો આટલા બધા દુનિયવી સંબંધોની સાથે રહીને કેવી રીતે કુર્બની દૌલત પામી શકશે ? પછી હાજરજનોને સંબોધીને કહ્યું કે આ પણ માહે રમઝાન છે, કોઈ છે જે તરાવીહમાં કુર્આન શરીફ ખત્મ કરે ?! સૌ આદાબ બજાવી લાવ્યા, અને અર્ઝ કરી, એવું થાય તો અમારી સદ્‌નસીબી ગણાશે ! પછી શૈખુલ ઈસ્લામ દરેક રાતે તરાવીહમાં બે વાર કુર્આન શરીફ ખત્મ કરતા, દરેક રકાતમાં ૧૦ પારા પઢતા, પછી રાતના પહેલાં ખત્મ પણ કરી લેતા. એ મહિનામાં હું પણ ખિદમતમાં હાજર હતો.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# તઝકેરતુલ અવલિયા

## હઝરત અબૂ મુહમ્મદ ઈમામ જઅફર સાદિક઼ رحمۃ اللہ علیہ

ઉર્સ શરીફ ૧૫-રજબુલ મુરજ્જબ

**અઝ** : હઝરત શયખ ફરીદુદ્દન અત્તાર رحمۃ اللہ علیہ // **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી

પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! અવલિયાએ કિરામના ચાહકોને એ જાણીને ખુશી થશે કે મહાન અવલિયાએ કિરામના જીવન ચરિત્ર દર્શાવતી ઉર્દૂ કિતાબ **'તઝકેરતુલ અવલિયા'** જે હાલ ગુજરાતીમાં દુર્લભ છે. એ કિતાબનો અનુવાદ ક્રમે ક્રમે કરીને અત્રે ક્રમશઃ સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)નું જીવન ચરિત્ર, આપની કરામતો, શરીઅતની પાબંદી તથા ફિક્રે આખેરત વિશે બોધદાયક લેખો રજૂ કરવામાં આવશે. (ઈન્શાઅલ્લાહ !) *-તંત્રી :*

**ઓળખ** : આપનું નામ મુબારક જઅફર સાદિક઼ અને કુન્નિયત અબૂ મુહમ્મદ છે. આપની ખૂબીઓ તથા કરામતો વિશે જે કાંઈ પણ લખવામાં આવે એ ખૂબ જ થોડુ છે, કેમ કે આપ ઉમ્મતે મુહમ્મદી માટે ન કેવળ બાદશાહ તથા હુજ્જતે નબવીના માટે રોશન દલીલ છે, બલ્કે સચ્ચાઈ તથા તેહકીક઼ પર કાર્યરત, અવલિયાએ કિરામના બાગના ફળ, આલે અલી, સરદારે અંબિયાના જિગરના ટુકડા અને સાચા અર્થમાં નબી صلی اللہ علیہ وسلمના વારસ પણ છે. અને આપની અઝમત તથા શાનના એતબારથી આ લક઼બોને કોઈ રીતે અયોગ્ય નથી કહી શકાતા. અને એ વાત અમે પહેલાં જ વર્ણન કરી ચૂક્યા છીએ કે અંબિયા તથા સહાબા અને અહલે બયતના હાલાત તથા ખૂબીઓ વિગતવાર લખવામાં આવે તો એના માટે એક અલગ મોટી કિતાબ બની જશે. એટલા માટે અમે અમારી કિતાબમાં બરકત પામવાના હેતુથી કેવળ તે જ અવલિયાએ કિરામના હાલાત તથા ખૂબીઓ વર્ણવી રહ્યા છીએ જેઓ અહલે બયતના પછી થયા. અને એમાં સૌથી પ્રથમ હઝરત ઈમામ જઅફર સાદિક઼ના હાલાતથી શરૂઆત કરી રહ્યા છીએ.

**હાલાત** : આપનો દરજો સહાબાએ કિરામના પછી તરત આવે છે, પરંતુ અહલે બયતમાં સામેલ હોવાને કારણે ન કેવળ તરીક઼તના ક્ષેત્રમાં આપના ઈર્શાદો નક઼લ થયેલા છે, બલ્કે ઘણી બધી રિવાયતો પણ આપનાથી રિવાયત પામેલ છે. અને એ ખૂબ જ અધિક પ્રમાણના ઈર્શાદોમાંથી અમુક ચીજો સઆદત રૂપે અહીં અમો વર્ણન કરી રહ્યા છીએ. અને જે લોકો આપના મસ્લક પર અમલ કર્તા છે તેઓ જાણે બાર ઈમામોના મસ્લક પર ચાલી રહ્યા છે. કેમ કે આપનો મસ્લક બાર ઈમામોના મસ્લક઼નો ક઼ાઈમ મુક઼ામ છે. અને જો કેવળ એકલા આપના જ હાલાત તથા મનાક઼િબ (ખૂબીઓ) વર્ણન કરી દેવામાં આવે તો તે બાર ઈમામોના મનાક઼િબનો ઉલ્લેખ સમજવામાં આવશે. આપ ન કેવળ કમાલોના ખજાના તેમજ મશાઈખના પેશવા છે બલ્કે ઝૌક઼વાળા તથા ઈશ્ક઼વાળાઓ તથા ઝુહદવાળાઓના પણ પેશવા છે તેમજ આપે આપની ઘણી કૃતિઓમાં રુમૂઝે ખુદાવંદી (ખુદાઈ રહસ્યો)ને ઘણા સારા અંદાઝમાં જાહેર કરેલ છે અને હઝરત ઈમામ બાક઼િરના પણ ખૂબ જ પ્રમાણમાં મનાક઼િબ રિવાયત કરેલ છે.

**ગલતફહમીનું નિવારણ** : લેખક જણાવે છે કે મને એ કમસમજવાળાઓ પર આશ્ચર્ય થાય છે જેમનો અક઼ીદો છે કે અહલે સુન્નત નઊ઼ઝુબિલ્લાહ અહલે બયતથી અદાવત રાખે છે ! જ્યારે કે સાચા

અર્થમાં અહલે સુન્નતની જ સાચા અર્થમાં અહલે બયતથી મહોબ્બત રાખનારાઓમાં ગણના થાય છે. એટલા માટે કે એમના અકીદાઓમાં જ એ ચીજ સામેલ છે કે રસૂલે ખુદા ﷺ પર ઈમાન લાવ્યા પછી તેમની ઔલાદથી મહોબ્બત કરવી અનિવાર્ય છે.

**ઈમામ શાફઈ પર રાફઝિયતનો આક્ષેપ** : કેટલા પ્રમાણમાં અફસોસનાક વાત છે કે અહલે બયતની જ મહોબ્બતના કારણે હઝરત ઈમામ શાફઈને રાફઝીનો ખિતાબ આપીને જેલના સળીયા પાછળ કેદ કરી દેવામાં આવ્યા. જેના વિશે ઈમામ સાહબ ખુદ પોતાના જ એક શેઅરમાં નિર્દેશ કરે છે કે, (અર્થ) : "જો અહલે બયતથી મહોબ્બતનું નામ રાફઝીપણુ છે તો પછી પૂરા જગતે મારા રાફઝી હોવા પર ગવાહ રહેવું જોઈએ." અને જો ધારો કે અહલે બયત તથા સહાબાએ કિરામથી મહોબ્બત કરવી ઈસ્લામના અરકાનમાં સામેલ ન પણ હોય તો પણ તેમનાથી મહોબ્બત કરવામાં અને તેમના હાલાતથી માહિતગાર રહેવામાં શું વાંધો આવી જાય છે ?! એટલા માટે દરેક ઈમાનવાળા માટે જરૂરી છે કે જેવી રીતે હુઝૂરે અકરમ ﷺના મર્તબાઓથી માહિતગાર થાય છે એવી જ રીતે ખુલફાએ રાશિદીન તથા અન્ય સહાબાએ કિરામ તથા અહલે બયતના મર્તબાઓને પણ દરજા પ્રમાણે અફઝલ જાણે.

**સુન્નીની વ્યાખ્યા** : સાચા અર્થમાં સુન્ની તે છે જે હુઝૂરે અકરમ ﷺથી રિશ્તો રાખવાવાળાઓમાંથી કોઈની ફઝીલતનો મુન્કિર ન હોય. એક રિવાયત છે કે કોઈકે હઝરત ઈમામ અબૂ હનીફાને પૂછયું કે નબી કરીમ ﷺના સંબંધીઓમાંથી સૌથી અફઝલ કોણ છે ? ફર્માવ્યું કે વૃધ્ધોમાં હઝરત સિદ્દીકે અકબર તથા હઝરત ઉમર رضی اللہ عنہما, અને યુવાનોમાં હઝરત ઉષ્માન તથા હઝરત અલી رضی اللہ عنہما, અને સ્ત્રીઓમાં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا, અને પુત્રીઓમાં હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا.

**અવલિયાની અઝમતનું પ્રદર્શન** : ખલીફા મન્સૂરે એક રાત્રે પોતાના વઝીરને હુકમ આપ્યો કે જઅફર સાદિક઼ને મારી સમક્ષ રજૂ કરો જેથી હું તેમને ક઼ત્લ કરી દઉં. વઝીરે અર્ઝ કરી કે દુનિયાને છોડી છાડીને જે શખ્સ ગોશાનશીન થઈ ગયો હોય તેને ક઼ત્લ કરવો મસ્લેહત મુજબ નથી. પરંતું ખલીફાએ ગુસ્સે થઈને કહ્યું કે મારા હુકમનું પાલન તમારા પર લાઝિમ છે. જેથી મજબૂરન જયારે વઝીર હઝરત ઈમામ જઅફર સાદિક઼ رحمۃ اللہ علیہને લેવા ચાલ્યો ગયો તો મન્સૂરે ગુલામોને સૂચના આપી દીધી કે જ્યારે હું મારા માથેથી તાજ ઉતારુ તો તરત જ તમો સાદિક઼ને ક઼ત્લ કરી દેજો. પરંતું જ્યારે વઝીરની સાથે આપ તશરીફ લાવ્યા તો આપની અઝમત તથા જલાલે ખલીફાને એટલા પ્રમાણમાં પ્રભાવિત કર્યો કે તે આપોઆપ આપના સ્વાગત માટે ઉભો થઈ ગયો અને ન કેવળ આપને ઉચ્ચ સ્થાને બેસાડયા બલ્કે પોતે પણ અદબભેર આપની સામે બેસીને આપની હાજતો તથા જરૂરતો વિશે પૂછવા લાગ્યો. આપે ફર્માવ્યું કે મારી સૌથી મહત્વની હાજત તથા જરૂરત એ છે કે હવે પછી કદી પણ મને દરબારમાં બોલાવવામાં ન આવે કે જેથી મારી ઈબાદત તથા રિયાઝતમાં ખલેલ ન પડે. જેથી મન્સૂરે વાયદો કરીને માન સન્માનપૂર્વક વિદાય કર્યા. પરંતું આપના દબદબાની એના પર એવી અસર થઈ કે કાંપતો રહીને પૂરા ત્રણ દિવસ બેહોશ રહ્યો. પરંતું અમુક રિવાયતોમાં છે કે ત્રણ નમાઝોના ક઼ઝા થવાની હદ સુધી બેહોશી છવાયેલી રહી. તો ખલીફાની આ હાલત જોઈને વઝીર તથા ગુલામ આશ્ચર્યમાં પડી ગયા અને જ્યારે ખલીફાને એના વિશે પૂછયું તો તેણે જણાવ્યું કે જે વખતે ઈમામ જઅફર સાદિક઼ رحمۃ اللہ علیہ મારી પાસે તશરીફ લાવ્યા તો એમની સાથે એક એટલો મોટો અજગર હતો જે પોતાના ઝડબાંઓની વચ્ચે પૂરા ચબૂતરાને ઘેરામાં લઈ શક્તો હતો, અને તે પોતાની બોલીમાં મને કહી રહ્યો હતો કે જો તેં જરા

સરખી પણ ગુસ્તાખી કરી તો તને અબૂતરા સહિત ગળી જઈશ ! જેથી એનો ભય મારા પર છવાઈ ગયો અને મેં આપનાથી માફી માગી લીધી.

**નજાત અમલ પર અવલંબિત છે નસબ પર નહીં** : એકવાર હઝરત દાઊદ તાઈ رحمۃ اللہ علیہએ ખિદમતમાં હાજર થઈને હઝરત ઈમામ જઅફર સાદિક઼ رحمۃ اللہ علیہથી અર્ઝ કરી કે આપ કેમ કે અહલે બયતમાંથી છો એટલા માટે મને કોઈ નસીહત ફર્માવો. પરંતુ આપ ખામોશ રહ્યા અને જ્યારે ફરીવાર દાઊદ તાઈએ કહ્યું કે અહલે બયત હોવાના એતબારથી અલ્લાહ તઆલાએ આપને જે ફઝીલત બખ્શી છે એ લેહાઝથી નસીહત કરવી આપના પર ફર્ઝના સ્થાને છે. એ સાંભળીને આપે (આજીજી દર્શાવતાં) ફર્માવ્યું કે, ''મને તો એ જ ભય લાગેલો રહે છે કે મેહશરના દિવસે ક્યાંક મારા જદ્દે આ'લા (હુઝૂર ﷺ) હાથ પકડીને એ સવાલ ન કરી બેસે કે તેં ખુદ મારી ઈત્તેબાઅ (અનુસરણ) કેમ ન કરી ? એટલા માટે કે નજાતમાં તઅલ્લુક઼ નસબથી નથી, બલ્કે નેક અમલો પર અવલંબિત છે.'' આ સાંભળીને હઝરત દાઊદ તાઈ رحمۃ اللہ علیہને ખૂબ જ ઈબ્રત થઈ અને અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે જ્યારે અહલે બયત પર ખૌફના ગલ્બાનો આ આલમ છે તો હું કઈ ગણત્રીમાં આવું છું અને કઈ ચીજ પર ફખ્ર કરી શકુ છું !

**નિફાક઼ (મુનાફિકપણા)થી નફરત** : જ્યારે આપ તારિકુદ્દુન્યા થઈ ગયા તો હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہએ ખિદમતમાં હાજર થઈને ફર્માવ્યું કે મખ્લૂક઼ આપના તારિકુદ્દુન્યા થવાથી આપના ફયૂઝે આલિયાથી મેહરૂમ થઈ ગઈ છે. આપે એના જવાબમાં નીચે પ્રમાણે બે શેઅર પઢયા :–

(અર્થ) : ''કોઈ ચાલ્યા જનાર માણસની જેમ વફા પણ ચાલી ગઈ. અને લોકો પોતાના ખયાલોમાં ડૂબેલા રહી ગયા. જો કે જાહેરમાં એકબીજાની સાથે એકબીજા પ્રત્યે મહોબ્બત તથા વફાદારી પ્રદર્શિત કરે છે, પરંતુ તેમનાં દિલો વીંછીઓથી છલોછલ છે !''

**જાહેર મખ્લૂક઼ના માટે અને બાતિન (અંતર) ખાલિક઼ના માટે** : એકવાર આપને મોઘા ઉમદા લિબાસમાં જોઈને કોઈકે વાંધો ઉઠાવ્યો કે આવો કિંમતી લિબાસ અહલે બયતના માટે મુનાસિબ નથી. તો આપે એનો હાથ પકડીને પોતાની બાંય પર ફેરવ્યો, તો તેને આપનો લિબાસ ટાટ કરતાં પર અધિક ખરબચડો મેહસૂસ થયો. તે વખતે આપે ફર્માવ્યું : هٰذا لِلْخَلْقِ وَهٰذا لِلْحَقِّ ''મખ્લૂક઼ની નજરોમાં તો એ ઉમદા લિબાસ છે પરંતુ હક઼્ક઼ના માટે એ જ ખરબચડો છે.''

**બુધ્ધિવાન કોણ ?** : એકવાર આપે ઈમામ અબૂ હનીફાને સવાલ કર્યો કે દાનિશમંદની વ્યાખ્યા શું છે ? ઈમામ સાહબે જવાબ આપ્યો કે જે ભલાઈ તથા બુરાઈમાં તફાવત કરી શકે. આપે જવાબ આપ્યો કે આ તફાવત તો જાનવર પણ કરી લે છે, કેમ કે જે એની ખિદમત કરે છે એને ઈજા નથી પહોંચાડતાં અને જે તકલીફ આપે છે તેને કરડી ખાય છે. ઈમામે આ'ઝમે પૂછયું કે, તો પછી આપની નજીક દાનિશમંદીની નિશાની શું છે ? જવાબ આપ્યો કે જે બે ભલાઈઓમાંથી બેહતર ભલાઈને અપનાવે અને બે બુરાઈઓમાંથી મસ્લેહતન ઓછી બુરાઈ પર અમલ કરે.

**રબની કિબ્રીયાઈ પર ફખ્ર કરવો ઘમંડ નથી** : કોઈએ આપને અર્ઝ કરી કે જાહેરી તથા બાતિની ફઝ્લો કમાલના હોવા છતાં આપનામાં તકબ્બુર જોવા મળે છે. આપે ફર્માવ્યું, હું ઘમંડી તો નથી, અલ્બત્ત જ્યારે મેં ઘમંડને ત્યજી દીધો તો મારા રબની કિબ્રીયાઈએ મને ઘેરી લીધો. એટલા માટે હું મારા કિબ્ર પર નાઝાં નથી, બલ્કે હું તો મારા રબની કિબ્રયાઈ પર ફખ્ર કરું છું.

**બોધદાયક બનાવ** : કોઈ શખ્સની દીનારની થેલી ખોવાઈ ગઈ તો તેણે આપના પર આક્ષેપ લાગુ પાડતાં કહ્યું કે મારી થેલી તમે જ ચોરાવી લીધી છે. હઝરત ઈમામ જઅફરે તેને સવાલ કર્યો કે એમાં કેટલી રકમ હતી ? તેણે કહ્યું, બે હજાર દિનાર. જેથી આપે તેને ઘરે લઈ જઈને બે હજાર દિનાર આપી દીધા. અને બાદમાં જ્યારે તેને ખોવાયેલી થેલી કોઈ અન્ય ઠેકાણેથી મળી ગઈ તો તેણે પૂરો બનાવ વર્ણન કરીને માફી ચાહતાં આપને રકમ પાછી લઈ લેવા દરખાસ્ત કરી. પરંતુ આપે ફર્માવ્યું કે અમે કોઈને આપીને પાછુ નથી લેતા. પછી લોકોથી જ્યારે તેને આપનું નામ મુબારક જાણવા મળ્યું તો બેહદ શર્મિંદગી પ્રદર્શિત કરી.

**સંગાથે રહેવાનો હક્ક઼** : એકવાર આપ એકલા અલ્લાહ ! અલ્લાહ ! નો વિર્દ કરતા કરતા ક્યાંક જઈ રહ્યા હતા. એવામાં એક અન્ય શખ્સ પણ અલ્લાહ ! અલ્લાહ ! નો વિર્દ કરતો કરતો આપની સાથે થઈ ગયો. એ વખતે આપની ઝબાનથી નીકળ્યું કે હે અલ્લાહ ! અત્યારે મારી પાસે કોઈ બેહતર લિબાસ નથી ! જેથી આવું કહેતાં જ ગયબથી એક ઘણો જ કિંમતી લિબાસ જાહેર થયો અને આપે શરીર પર પહેરી લીધો. પરંતુ એ શખ્સે જે આપની સાથે થયો હતો તેણે અર્ઝ કરી, હું પણ અલ્લાહ ! અલ્લાહ !નો વિર્દ કરવામાં આપનો શરીક હતો જેથી આપ પોતાનો પૂરાણો લિબાસ મને ઈનાયત કરી દો ! આપે આપનો લિબાસ ઉતારીને તેને હવાલે કરી દીધો.

**હિદાયતનો તરીક઼ો** : કોઈએ આપને અર્ઝ કર્યુ કે મને અલ્લાહ તઆલાનો દીદાર કરાવી દો. આપે ફર્માવ્યું કે શું તને ખબર નથી કે હઝરત મૂસા علیہ السلام ને ફર્માવવામાં આવ્યું કે لَنْ تَرَانِیْ "તું મને હરગિઝ નથી જોઈ શકતો." તેણે અર્ઝ કરી કે એ તો મને પણ ઈલ્મ છે, પરંતુ આ તો ઉમ્મતે મુહમ્મદી છે, જેમાં એક તો એવું કહે છે કે : رَاٰی قَلْبِیْ رَبِّیْ એટલે કે, "મારા દિલે પોતાના પરવરદિગારને જોયો." અને બીજો એવું કહે છે કે لَمْ اَعْبُدْ رَبًّا لَمْ اَرَاہُ એટલે કે, "હું એવા રબની ઈબાદત નથી કરતો જે મને નજર નથી આવતો." આ સાંભળીને આપે હુકમ આપ્યો કે આ શખ્સના હાથ પગ બાંધીને દજાલા નદીમાં ફેંકી દો. જેથી જ્યારે તેને પાણીમાં નાખી દેવામાં આવ્યો, અને પાણીએ તેને ઉપર ફેંકયો તો એણે હઝરતને ખૂબ જ ફરિયાદ કરી. પરંતુ આપે પાણીને હુકમ આપ્યો કે તેને ખૂબ સારી પેઠે ઉપર ડૂબકીઓ આપ ! અને જ્યારે કેટલીયે વાર પાણીએ ડૂબકીઓ ખવડાવી અને તે જ્યારે હવે મરવાની નજીક થઈ ગયો તો અલ્લાહ તઆલાથી મદદનો તલબગાર થયો. તે વખતે હઝરતે તેને પાણીથી બહાર કઢાવ્યો, અને હોશ ઠેકાણે આવ્યા બાદ પૂછયું કે હવે તો અલ્લાહને જોઈ લીધો ?! તેણે અર્ઝ કરી કે જ્યાં સુધી હું અન્યોથી મદદનો તલબગાર રહ્યો એ સમય સુધી મારી સમક્ષ એક પર્દો હતો, પરંતુ જ્યારે અલ્લાહ તઆલાથી મદદનો તાલિબ થયો તો મારા દિલમાં એક સુરાખ (છિદ્ર) જાહેર થયું અને પહેલાં જેવી બેચૈની દૂર થઈ ગઈ. જેમ કે રબ તઆલાનો ક઼ૌલ છે કે, "કોણ છે જે હાજતમંદના પુકારવા પર તેનો જવાબ આપે." આપે ફર્માવ્યું કે, જ્યાં સુધી તેં સાદિક઼ને અવાજ આપ્યો ત્યાં સુધી તું જૂઠો હતો, અને હવે દિલી સુરાખની હિફાઝત કરજે.

**આપનાં ફર્માનો :–**

★ જે શખ્સ કહે છે કે અલ્લાહ તઆલા કોઈ ખાસ ચીજ પર મૌજૂદ છે અથવા કોઈ ચીજથી ક઼ાયમ છે તે કાફિર છે.

★ જે ગુનાહ પહેલાં ઈન્સાનમાં ખૌફ પેદા થાય, તે જો તૌબા કરી લે તો તેને અલ્લાહ તઆલાનો કુર્બ હાંસલ થાય છે. અને જે ઈબાદતની શરૂઆતમાં મામૂન (અમ્નમાં) રહેવું અને આખરમાં ખૂદબીની પેદા થવી શરૂ થાય તો એનુ પરિણામ અલ્લાહથી દૂરીના સ્વરૂપમાં જાહેર થાય છે. અને જે શખ્સ ઈબાદત પર ફખ્ર કરે તે

ગુનેહગાર છે. અને ગુનાહ પર શર્મિંદગી જાહેર કરે તે ફર્માંબરદાર છે.

★ કોઈએ આપને સવાલ કર્યો કે સબ્ર કરનારા દુરવેશ અને શુક્ર કરવાવાળા માલદારમાં આપની નજીક કોણ અફઝલ છે ? આપે ફર્માવ્યું કે સબ્ર કરવાવાળા દુરવેશને એટલા માટે ફઝીલત હાંસલ છે કે માલદારને અમુક વખત પોતાના માલનો ખયાલ રહે છે, અને દુરવેશને ફક્ત અલ્લાહ તઆલાનો ખયાલ રહે છે. જેમ કે અલ્લાહ તઆલાનો કૌલ છે કે, "તૌબા કરવાવાળા જ ઈબાદતગુઝાર છે." આપ ફર્માવે છે કે, "ઝિક્રે ઈલાહીની વ્યાખ્યા એ છે કે જેમાં મશગૂલિયત બાદ દુનિયાની દરેક ચીજને ભૂલી જાય. કેમ કે અલ્લાહ તઆલાની જાત દરેક ચીજનો નેઅમલ બદલ છે. يَخْتَصُّ بِرَحْمَتِهِ مَنْ يَشَاءُ ની તફસીરના અનુસંધાનમાં આપનો કૌલ છે કે અલ્લાહ તઆલાનો કૌલ છે કે, "અલ્લાહ તઆલા જેને ચાહે છે પોતાની રહમતથી ખાસ કરી લે છે" એટલે કે સર્વ સબબો તથા માધ્યમો ખત્મ કરી દેવામાં આવે છે જેથી એ વાત સ્પષ્ટ થઈ જાય કે અતાએ ઈલાહી વિના વાસ્તાએ છે ન કે બિલ્વાસ્તા.

★ "મો'મિનની વ્યાખ્યા એ છે કે નફસની સરકશીનો મુકાબલો કરતો રહે." અને "આરિફની વ્યાખ્યા એ છે કે જે પોતાના મૌલાની ઈતાઅત (આજ્ઞાપાલન)માં એકદમ સતત લાગ.લો રહે."

★ "સાહિબે કરામત તે છે જે પોતાની જાતના માટે નફસની સરકશીથી લડવા તૈયાર રહે. કેમ કે નફસથી જંગ કરવો અલ્લાહ તઆલા સુધી પહોંચનો સબબ બને છે.

★ મકબૂલિયતના અવસાફ (ખૂબીઓ)માંથી એક વસ્ફ (ખૂબી) ઈલ્હામ પણ છે. જે લોકો દલીલો વડે ઈલ્હામને પાયાહિન ઠરાવે છે તે બદદીન છે.

★ અલ્લાહ તઆલા પોતાના બંદાઓમાં એનાથી પણ વધુ છુપાયેલો છે જેટલો કે રાતના અંધકારમાં કાળા પથ્થર પર કીડી સરકે છે. ફર્માવ્યું, ઈશ્કે ઈલાહી ન તો સારો છે ન બુરો.

★ મારા પર હકીકતના રહસ્યો ત્યારે જાહેર થયાં જ્યારે હું ખુદ દીવાનો થઈ ગયો.

★ નેક બખ્તીની નિશાની એ પણ છે કે બુધ્ધિવાન દુશ્મનથી વાસ્તો પડી જાય.

★ પાંચ લોકોની સોહબતથી દૂર રહેવું જોઈએ : ૧. જૂઠાથી, કેમ કે તેનાથી નિકટતા ધોકામાં સપડાવી દે છે. ૨. મૂર્ખથી, કેમ કે જેટલા પ્રમાણમાં તે તમારો ફાયદો ચાહશે એટલા પ્રમાણમાં નુકસાન પહોંચાડશે. ૩. કંજૂસથી, કેમ કે તેની સોહબતથી બેહતરીન સમય નિરર્થક જાય છે. ૪. ડરપોકથી, કેમ કે તે સમય આવ્યે સાથ છોડી આપે છે. ૫. ફાસિકથી, કેમ કે તે એક કોળીયાની લાલચમાં દૂરી અપનાવીને મુસીબતમાં નાખી દે છે.

★ અલ્લાહ તઆલાએ દુનિયામાં જ ફિરદોસ તથા જહન્નમનો નમૂનો પેશ કરી આપ્યો છે, કેમ કે આરામ (રાહત) જન્નત છે અને તકલીફ જહન્નમ. અને જન્નતનો કેવળ તે જ હક્કદાર છે જે પોતાનાં સર્વ કામો અલ્લાહ તઆલાને સોંપી દે. અને દોઝખ તેનું મુકદર છે જે પોતાનાં કામો સરકશ (નાફર્માન) નફસના હવાલે કરી આપે.

★ જો દુશ્મનોની સોહબતથી અવલિયાએ કિરામને નુકસાન પહોંચી શકતુ તો ફિરઔનથી આસિયહને પહોંચતું. અને અવલિયા અલ્લાહની સોહબત દુશ્મનને ફાયદાકારક હોત તો સૌ પ્રથમ હઝરત નૂહ તથા હઝરત લૂત عَلَيْهِمُ السَّلَام ની પત્નીઓને ફાયદો થાત. પરંતુ કબ્ઝ તથા બસ્ત (કદી ખુદાની યાદ તરફ દિલનું ધ્યાનિત થવું કદીક નહીં) સિવાય અન્ય કાંઈ પણ નથી.

સારાંશ કે આપના ફઝાઈલ તથા ઈર્શાદો ઘણા બધા છે પરંતું લખાણ ન લંબાવતાં ટૂંકમાં અત્રે વર્ણન કરી આપ્યા છે.

# મહબ્બતે રસૂલ ﷺનું
## મહત્વ, સબબો, દષ્ટાંતો, નિશાનીઓ

હપ્તો : ૦૧

**અજ** : અલ્લામા ગુલામ રસૂલ સઈદી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان ★ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

### રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત વાજિબ હોવાના હુકમો

قُلْ اِنْ كَانَ اٰبَآؤُكُمْ وَ اَبْنَآؤُكُمْ وَ اِخْوَانُكُمْ وَ اَزْوَاجُكُمْ وَ عَشِیْرَتُكُمْ وَ اَمْوَالُ اقْتَرَفْتُمُوْهَا وَ تِجَارَةٌ تَخْشَوْنَ كَسَادَهَا وَ مَسٰكِنُ تَرْضَوْنَهَاۤ اَحَبَّ اِلَیْكُمْ مِّنَ اللّٰهِ وَ رَسُوْلِهٖ وَ جِهَادٍ فِیْ سَبِیْلِهٖ فَتَرَبَّصُوْا حَتّٰى یَاْتِیَ اللّٰهُ بِاَمْرِهٖؕ وَ اللّٰهُ لَا یَهْدِی الْقَوْمَ الْفٰسِقِیْنَ

"આપ ફર્માવી દો કે જો તમારાં માબાપ, ઔલાદ, ભાઈ, પત્નીઓ, અન્ય સગાંઓ, કમાએલો માલ, તે વેપાર જેમાં તમે નુકસાનથી ડરો છો, અને તમારાં પસંદીદા મકાનો, તમને **અલ્લાહ તથા તેના રસૂલ**, અને એની રાહમાં જેહાદ કરવા કરતાં અધિક પ્રિય હોય તો અલ્લાહ તઆલાના હુકમની રાહ જુઓ. અને અલ્લાહ ફાસિક઼ોને હિદાયત નથી આપતો." *(સૂ. તૌબા–૨૪)*

હદીષે પાકમાં છે : હઝરત અનસ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : **"કોઈ શખ્સ મો'મિન નથી થઈ શકતો જ્યાં સુધી કે** હું તેની નજીક તેના ઘરવાળાં, તેના માલ અને સર્વ લોકો કરતાં અધિક પ્રિય ન થઈ જાઉં." *(સહીહ મુસ્લિમ)*

હઝરત અનસ رضی اللہ عنہથી બીજી રિવાયતમાં છે : **"કોઈ શખ્સ મો'મિન નથી થઈ શકતો** જ્યાં સુધી હું **તેની નજીક તેની ઔલાદ તથા માબાપ તથા સર્વ લોકો કરતાં** અધિક પ્રિય ન થઈ જાઉં. *(સહીહ મુસ્લિમ)*

### મહબ્બતે રસૂલ ﷺની પાબંદી સંબંધે ખુલાસો

એક સવાલ એ છે કે મહોબ્બત એક ગૈર ઈખ્તિયારી ચીજ છે અને ગૈર ઈખ્તિયારી ચીજના માટે ઈન્સાન બંધાયેલો નથી હોતો. તો પછી રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતનો પાબંદ કરવો કેવી રીતે સહીહ થશે ? એનો જવાબ એ છે કે મહોબ્બતના બે પ્રકાર છે : (૧) મહ઼બ્બતે તબઈ તથા (૨) મહ઼બ્બતે અક઼લી. મહ઼બ્બતે તબઈ ગૈર ઈખ્તિયારી હોય છે, જેવી રીતે માં તથા માલો દૌલતની મહોબ્બત. અને અક઼લી મહોબ્બત ઈખ્તિયારી હોય છે. મહ઼બ્બતે અક઼લીથી મુરાદ એ છે કે બુધ્ધિ પ્રિય ચીજને અન્ય ચીજો પર અગ્રતા આપે, અને એ ઈન્સાનના ઈખ્તિયારમાં છે. અને રસૂલુલ્લાહ ﷺ સાથે આ જ પ્રકારની મહોબ્બત કરવી ફર્જ઼ છે એટલે કે ઈમાનનો તક઼ાઝો એ છે કે ઈન્સાન પોતાની જાત, પોતાનાં મા બાપ, અન્ય સગાં સ્નેહીઓ તથા માલો દૌલતને રસૂલુલ્લાહ ﷺના હુકમ પર કુર્બાન કરી આપે. જેમ કે જંગે બદરમાં હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ પોતાના પુત્ર સામે, અને હઝરત હુઝૈફા رضی اللہ عنہ પોતાના બાપની વિરૂધ્ધ તલ્વાર ખેંચીને નીકળી પડયા, અને હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાના મામાને ક઼ત્લ કરી આપ્યા. રસૂલુલ્લાહ ﷺના ખાતર સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن પોતાનું વતન, સગાં સંબંધીઓ, કુટુંબીજનો, મકાનો અને માલો દૌલતને છોડીને સરસામાન વિનાની હાલતમાં હિજરત કરીને મદીના આવી ગયા. ગઝવએ તબૂકના મૌક઼ા પર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ બધો જ માલ

રસૂલુલ્લાહ ﷺના કદમોમાં લાવીને રાખી દીધો. અને જ્યારે આ આયત નાઝિલ થઈ :–

وَلَوْ اَنَّا كَتَبْنَا عَلَيْهِمْ اَنِ اقْتُلُوْٓا اَنْفُسَكُمْ

"અને જો અમે એમના પર એ ફર્ઝ કરી આપત કે પોતે પોતાને કત્લ કરો..." *(સૂ. નિસાઅ–૬૬)* તો સિદ્દીકે અકબરે તરત જ કહ્યું, "હુઝૂર ! જો હુકમ આપે તો હમણા મારી ગરદન કાપી નાખુ."

## કામિલ ઈમાન માટે નબી ﷺની મહોબ્બત ફર્ઝ

અમુક ઉલમાએ વર્ણવ્યું છે કે કામિલ ઈમાન માટે રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત ફર્ઝ છે, પરંતુ તેહકીક એ છે કે રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત મુત્લકન્ (બિનશર્તી) ફર્ઝ છે. જે શખ્સમાં રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત મુત્લકન (તદન) ન હોય તે મુત્લકન મો'મિન થશે નહીં, અને જે શખ્સમાં મહોબ્બતનો કમાલ ન હોય તે કામિલ મો'મિન ન થશે.

## નબી ﷺ મહોબ્બતને પાત્ર હોવાના સબબો

**૦૧.** ઈન્સાન **હુસ્નો જમાલ** સાથે મહોબ્બત કરે છે અને અલ્લાહ તઆલાએ નબી ﷺને સૃષ્ટિમાં સૌથી અધિક હુસ્નો જમાલ અતા કર્યો છે. ઈમામ બુખારી رحمۃ اللہ علیہ પોતાની સનદની સાથે હઝરત બરાઅ رضی اللہ عنہની રિવાયત નકલ કરે છે :

"રસૂલુલ્લાહ ﷺનો ચહેરો તમામ લોકો કરતાં હસીન હતો." *(સહીહ બુખારી, ૧/૫૦૨, કરાચી)*

"અને જ્યારે રસૂલુલ્લાહ ﷺ કોઈ વાતથી ખુશ થતા તો આપનો ચહેરો એ રીતે રોશન થઈ જતો જાણે તે ચાંદનો ટુકડો હોય." *(સહીહ બુખારી, ૧/૫૦૨, કરાચી)*

ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે કે હઝરત જાબિર બિન સુમુરહ رضی اللہ عنہ વર્ણન કરે છે :

"મેં રસૂલુલ્લાહ ﷺને એક રાતે જોયા જ્યારે વાદળ ન હતાં. આપે લાલ હુલ્લો પહેરેલ હતો. હું કદીક આપની તરફ જોતો કદીક ચાંદની તરફ. નિઃશંક ! આપ મારા નજીક ચાંદથી વધુ હસીન હતા."

**૦૨.** ઈન્સાન **ઈલ્મ તથા હિકમત** સાથે મહોબ્બત કરે છે અને અલ્લાહ તઆલાએ નબી કરીમ ﷺને સૃષ્ટિમાં સૌથી વધુ ઈલ્મ અતા ફર્માવ્યો છે, કેમ કે અલ્લાહ તઆલાએ તમામ મખ્લૂકને જે ઈલ્મ આપ્યો એના વિશે ફર્માવ્યું : وَمَآ اُوْتِيْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِيْلًا "અને તમને જે ઈલ્મ આપવામાં આવ્યો છે તે થોડોક જ છે." *(સૂ. બની ઈસ્રાઈલ–૮૫)* અને નબી ﷺને જે ઈલ્મ અતા કર્યો છે એના વિશે ફર્માવ્યું :–

وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَ كَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا

"અને અલ્લાહ તઆલાએ આપને એ સર્વ ચીજોનો ઈલ્મ આપી દીધો જેને આપ પહેલાં ન જાણતા હતા, અને આપના પર અલ્લાહનો ફઝ્લે અઝીમ છે." *(સૂ. નિસાઅ્–૧૧૩)*

વિચાર કરો ! અલ્લાહ તમામ મખ્લૂકાતના ઈલ્મને થોડો ફર્માવી રહ્યો છે, તો જેના ઈલ્મને તે અઝીમ (મહાન) ફર્માવી આપે, તેની વિશાળતાઓ તથા મહાનતાઓનો અંદાઝો કોણ કરી શકે છે ?!

**૦૩.** કેટલાક લોકો **દાદ તથા બખ્શિશ અને સખાવત**થી મહોબ્બત કરે છે અને રસૂલુલ્લાહ ﷺએ એટલા પ્રમાણમાં સખાવત કરી કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : وَلَا تَبْسُطْهَا كُلَّ الْبَسْطِ "અને ન આપ આપના હાથને સંપૂર્ણપણે ખોલી દો." *(સૂ. બની ઈસ્રાઈલ–૨૯)*

**૦૪.** ઈન્સાન **ઝોહદો તક્વા તથા ઈબાદત તથા રિયાઝત**થી મહોબ્બત કરે છે અને રસૂલુલ્લાહ ﷺએ એટલા પ્રમાણમાં ઈબાદત કરી કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : يٰٓاَيُّهَا الْمُزَّمِّلُ ۙ قُمِ الَّيْلَ اِلَّا قَلِيْلًا ۙ "હે ચાદર લપેટવાવાળા ! (મહબૂબ) રાતે (નમાઝમાં) થોડો કયામ કર્યા કરો." *(સૂ. મુઝ્ઝમ્મિલ–૧/૨)*

**૦૫.** ઈન્સાન એ શખ્સ સાથે મહોબ્બત કરે છે જે **નરમ દિલ તથા રહમ કરનાર** હોય અને રસૂલુલ્લાહ ﷺ સૌથી વધુ નરમ દિલ તથા રહીમ હતા. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللهِ لِنْتَ لَهُمْ ۚ وَ لَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَا نْفَضُّوْا مِنْ حَوْلِكَ

"તો અલ્લાહની કેવી (બેહદ) રહમતથી આપ એ (મુસલમાનો)ના માટે નરમ દિલ થયા. અને જો આપ બદ મિજાઝ અને કઠણ હૃદયી હોત તો જરૂર આપની આસપાસથી ભાગી જાત." *(સૂ. આલે ઈમરાન–૧૫૯)*

**૦૬.** ઈન્સાન એની સાથે મહોબ્બત કરે છે જેના **અખ્લાક઼ સારા** હોય અને બદ અખ્લાક઼વાળાથી નફરત કરે છે. અને **રસૂલુલ્લાહ ﷺના અખ્લાક઼ શ્રેષ્ઠ** હતા. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :– وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ "અને નિઃશંક ! આપ અખ્લાક઼ના શ્રેષ્ઠ દરજજે બિરાજેલ છો." *(સૂ. ક઼લમ–૪)*

**૦૭.** ઈન્સાનને જેનાથી **ઈલ્મ તથા અદબ** હાંસલ થાય એની સાથે મહોબ્બત કરે છે અને રસૂલુલ્લાહ ﷺ મો'મિનોને તાલીમ આપતા હતા અને તેમની સફાઈ કરતા હતા. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَقَدْ مَنَّ اللهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَ يُزَكِّيْهِمْ وَ يُعَلِّمُهُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ ۚ وَ اِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۱۶۴﴾

"નિઃશંક ! અલ્લાહ તઆલાએ મો'મિનો પર ઘણુ જ મોટુ એહસાન કર્યું, જ્યારે એમનામાં એમનામાંથી જ એક મહાન રસૂલ મોકલ્યા, જે એમના પર એમની આયતો તિલાવત કરે છે, એમને પાક કરે છે અને એમને કિતાબ તથા હિકમતની તા'લીમ આપે છે. અને બેશક ! તેઓ એનાથી પહેલાં જરૂર ઉઘાડી ગુમરાહીમાં હતા." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૬૪)*

તેમજ ફર્માવ્યું :–

هُوَ الَّذِيْ بَعَثَ فِي الْاُمِّيّٖنَ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَ يُزَكِّيْهِمْ وَ يُعَلِّمُهُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ ۚ وَ اِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۲﴾ وَّ اٰخَرِيْنَ مِنْهُمْ لَمَّا يَلْحَقُوْا بِهِمْ ۚ وَ هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۳﴾

"તે જ છે જેણે અનપઢ લોકોમાં એમનામાંથી એક મહાન રસૂલ મોકલ્યા. તે એમના પર એની આયતો તિલાવત કરે છે, તેમને પાક કરે છે અને તેમને કિતાબ તથા હિકમતની તા'લીમ આપે છે અને બેશક ! એ લોકો પહેલાં ઉઘાડી ગુમરાહીમાં હતા અને એમનામાંથી બીજાઓને પણ (કિતાબ તથા હિકમતની તા'લીમ આપે છે અને પાક કરે છે) અને જેઓ હજી એ (પહેલા લોકો)થી નથી મળ્યા અને તે ગાલિબ હિકમતવાળો છે." *(સૂરએ જુમ્અહ, આ. ૨–૩)*

તેમજ ફર્માવ્યું :–

كَمَآ اَرْسَلْنَا فِيْكُمْ رَسُوْلًا مِّنْكُمْ يَتْلُوْا عَلَيْكُمْ اٰيٰتِنَا وَ يُزَكِّيْكُمْ وَ يُعَلِّمُكُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ وَ يُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ ﴿۱۵۱﴾

"જે રીતે અમે તમારામાં એક મહાન રસૂલ મોકલ્યા જે તમારા પર અમારી આયતો તિલાવત કરે છે અને તમને પાક કરે છે અને તેમને કિતાબ તથા હિકમતની તા'લીમ આપે છે અને તમને એ ચીજોની તા'લીમ આપે છે જેમને પહેલાં તમે જાણતા ન હતા." *(સૂરએ બક઼રહ, આ. ૧૫૧)*

**૦૮.** ઈન્સાન એની સાથે મહોબ્બત કરે છે જેના કારણે તેને **દુનિયામાં કોઈ મુસીબત તથા અઝાબથી નજાત** મળે અને નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ના કારણે અલ્લાહ તઆલાએ આસ્માની અઝાબ મોકલવાનો ક્રમ બંધ કરી આપ્યો. અલ્લાહ તઆલા ફર્માવે છે :

مَا کَانَ اللّٰہُ لِیُعَذِّبَھُمْ وَ اَنْتَ فِیْھِمْ ؕ وَ مَا کَانَ اللّٰہُ مُعَذِّبَھُمْ وَ ھُمْ یَسْتَغْفِرُوْنَ

"અને અલ્લાહની શાન નથી કે લોકોને અઝાબ આપે એ હાલતમાં કે (હે મહબૂબ !) આપ એમનામાં મૌજૂદ છે." *(સૂરએ અન્ફાલ, આ. ૩૩)*

૦૯. જેના લીધે **દુનિયાની મુસીબતથી છૂટકારો મળે,** જ્યારે ઈન્સાન તેનાથી મહોબ્બત કરે છે તો એનાથી મહોબ્બત કરવી અધિક પાત્રતા ધરાવે છે જેના લીધે તેને **આખેરતની મુસીબત તથા અઝાબથી નજાત** મળે. અને જ્યારે આખેરતમાં હયબતે ઈલાહીથી સર્વે અંબિયા તથા રસૂલો ખૌફઝદા હશે, જ્યારે કોઈ કોઈના કામ નહીં આવે, સર્વ નફ્સી ! નફ્સી ! કહી રહ્યા હશે, એવા વખતે કેવળ નબીએ મોઅઝ્ઝમ علیہ الصلوٰۃ والسلام કામ આવશે અને અલ્લાહ તઆલાથી શફાઅત કરીને લોકોને મુસીબતથી છોડાવશે અને જન્નતમાં દાખલ કરશે.

ઈમામ બુખારી રિવાયત કરે છે. હઝરત અનસ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલા કયામતના દિવસે લોકોને એકત્ર કરશે. લોકો કહેશે કે કાશ ! આપણે આપણા રબની હુઝૂર કોઈની શફાઅત શોધીએ જે આપણને આ જગાએથી રાહત અપાવે. પછી તેઓ હઝરત આદમ علیہ السلامની પાસે આવશે અને કહેશે કે અલ્લાહ તઆલાએ આપને પોતાના દસ્તે કુદરત વડે પેદા કર્યા છે અને આપનામાં પોતાની પસંદીદા રૂહ ફૂંકી અને ફરિશ્તાઓને હુકમ આપ્યો કે તેઓ આપને સજદો કરે. આપ આપણા રબની સમક્ષ શફાઅત કરો. હઝરત આદમ علیہ السلام કહેશે, હું તમારું કામ નથી કરી શકતો અને પોતાની ખતાએ ઈજતેહાદી યાદ કરશે. કહેશે, તમે લોકો નૂહની પાસે જાવ, તે પહેલા રસૂલ છે જેમને અલ્લાહે શરીઅતની સાથે મોકલ્યા. લોકો એમની પાસે જશે. તે કહેશે કે હું તમારું કામ નથી કરી શક્તો અને પોતાની ઈજતેહાદી ખતા યાદ કરશે, તમે ઈબ્રાહીમ علیہ السلامની પાસે જાવ જેમને અલ્લાહ તઆલાએ પોતાના ખલીલ બનાવ્યા હતા. લોકો એમની પાસે જશે. તે પણ કહેશે, હું તમારું કામ નથી કરી શક્તો અને પોતાની ઈજતેહાદી ખતા યાદ કરશે, તમે મૂસા علیہ السلامની પાસે જાવ જેમની સાથે અલ્લાહે કલામ કર્યો. લોકો એમની પાસે જશે. તે કહેશે કે હું તમારું કામ નથી કરી શક્તો, અને પોતાની ઈજતેહાદી ખતા યાદ કરશે, તમે ઈસા علیہ السلامની પાસે જાવ. તેઓ એમની પાસે જશે. તે કહેશે કે હું તમારું કામ નથી કરી શકતો. તમે હઝરત મુહમ્મદ ﷺની પાસે જાવ. પછી લોકો મારી પાસે આવશે. હું અલ્લાહ તઆલાથી ઈજાઝત તલબ કરીશ. હું સજદામાં પડી જઈશ. પછી જ્યાં સુધી અલ્લાહ તઆલા ચાહશે મને સજદામાં રહેવા દેશે. પછી મને કહેવામાં આવશે, તમારું માથુ ઉઠાવો ! માગો, તમને આપવામાં આવશે. કહો, તમારી વાત સાંભળવામાં આવશે. શફાઅત કરો, કુબૂલ કરવામાં આવશે. પછી હું મારુ માથુ ઉઠાવીશ. પછી હું મારા રબની એ શબ્દો વડે હમ્દ કરીશ જે મને તાલીમ આપશે. પછી હું શફાઅત કરીશ. પછી મારા માટે એક હદ નિશ્ચિત કરવામાં આવશે. હું એ હદના પ્રમાણે લોકોને જહન્નમથી કાઢીને જન્નતમાં દાખલ કરીશ. પછી હું બીજીવાર સજદો કરીશ. પછી ત્રીજીવાર કે ચોથીવાર ફર્માવ્યું. ત્યાં સુધી કે જહન્નમમાં કેવળ એ લોકો રહી જશે જેમનું જહન્નમથી નીકળવું કુર્આનની રૂએ મના છે. એટલે કે જે લોકો માટે હમેશગી છે. (અને એ કાફિરો છે) *–(સહીહ બુખારી, ૨/૩૭૯)*

અલ્લાહુ અકબર ! તે અજબનો મન્ઝર હશે. લોકો પરેશાન હશે. રસૂલુલ્લાહ ﷺના સજદો કરતાં કેવો ઈન્કિલાબ આવી જશે ! તે ખુદાએ કહ્હારે જે કોઈના મનાવ્યે માની રહ્યો ન હતો, કોઈનાથી રાજી ન થઈ રહ્યો હતો, તે હવે મુસ્તફા ﷺને રાજી કરી રહ્યો છે !

૧૦. ઈન્સાન એની સાથે મહોબ્બત કરે છે જે એની સાથે **એહસાન** કરે. અને સૈયદના રસૂલુલ્લાહ ﷺએ

સામાન્યતઃ માનવજાત પર અને વિશેષતઃ મુસલમાનો પર જે એહસાનો કર્યા છે એની કોણ ગણત્રી કરી શકે છે ! **લોકો એકદમ જહન્નમની તરફ ભાગી રહ્યા હતા, આપ તેમને પકડી પકડી જહન્નમથી જન્નતની તરફ લાવ્યા.** પથ્થર ખાયને, ગાળો સાંભળીને, એ જફાકેશોને કાયમી નેઅમતોની તરફ બોલાવતા રહ્યા. દુનિયામાં નેકીની સાથે જીવવા અને હક્કની રાહમાં મરવાનું ચલણ શીખવાડતા રહ્યા. જેમની તાલીમ તથા તર્બિયતે કાયા પલટી કાઢી, મૂર્તિપૂજકોને બુતશિકન, ડાકૂઓને રહનુમા અને ગુનાહોના આદીઓને ફરિશ્તા રશ્ક કરે તેવા નેકી કરનારા બનાવી દીધા.

તો જો તમે જમાલથી મહોબ્બત કરો છો તો તેમના જેવો કોઈ જમીલ નથી, અને જો કમાલથી મહોબ્બત કરો છો તો એમના જેવો કોઈનામાં કમાલ નથી. આપ એવા બાકમાલ છે કે અલ્લાહ તઆલાએ નબુવ્વતના ક્રમને એમના પર ખત્મ કરી દીધો. અને જો એહસાન કરનારાથી મહોબ્બત કરો છો તો આપ "મોહસિને આ'ઝમ" છે. દુનિયાની નેઅમત હોય કે આખેરતની નેઅમત હોય, દરેક નેઅમત એમના થકી તથા એમના વસીલાથી મળે છે. તો આવા મુન્ઈમ તથા મોહસિન, આવા હસીનો જમીલ તથા કમાલવાળા સાથે જેટલી પણ મહોબ્બત કરવામાં આવે તે ઓછી છે, અને હક્ક એ છે કે એમને સ્વજાત કરતાં પણ અધિક ચાહવામાં આવે, બલ્કે પોતાનાં મા બાપ તથા ઔલાદ તથા સર્વ લોકો કરતાં અધિક ચાહવામાં આવે.

## નબી ﷺની તા'ઝીમ તથા મહોબ્બતનાં અમુક દશ્યો !

કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ લખે છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મને ખૂબ જ અધિક પ્રમાણમાં મહોબ્બત કરવાવાળા લોકો મારા બાદ થશે. તેમની એવી તમન્ના હશે કે કાશ ! તેમના સર્વ અહલ તથા માલને લઈ લેવામાં આવે અને તેના પછી તેમને મારી ઝિયારત હાંસલ થઈ જાય. *(સહીહ મુસ્લિમ-૨/૩૭૯)*

ઈમામ ઈબ્ને અસાકિરે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ નબી કરીમ ﷺથી અર્ઝ કરી, એ જાતની કસમ જેણે આપને હક્કની સાથે મબ્ઊષ કર્યા છે ! જો મારા બાપ અબૂ કહાફા (પોતાના પિતા)ની જગાએ અબૂ તાલિબ (હુઝૂરના કાકા) ઈમાન લઈ આવત તો એનાથી મારી આંખોને અધિક ઠંડક પહોંચતી, કેમ કે અબૂ તાલિબનું ઈમાન લાવવું એ આપની આંખો ﷺની ઠંડક હતું.

ઈમામ બયહકી તથા ઈમામ બઝ્ઝાર હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ (હુઝૂરના કાકા) હઝરત અબ્બાસ رضی اللہ عنہ ને કહ્યું, આપનું ઈસ્લામ સ્વીકારવું મારી નજીક (મારા બાપ) ખત્તાબના ઈસ્લામ લાવવા કરતાં અધિક પ્યારું છે, કેમ કે આપનું ઈસ્લામ સ્વીકારવું રસૂલુલ્લાહ ﷺને અધિક પ્યારુ હતું.

આ હદીષોમાં એ બયાન છે કે હઝરત અબૂ બક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما એ પોતાની ચાહત પર રસૂલુલ્લાહ ﷺની ચાહતને અગ્રતા આપી. *(નસીમુર્રિયાઝ, ૩/૩૫૩, બૈરૂત)*

ઈમામ ઈબ્ને ઈસ્હાકે પોતાની સીરતમાં લખ્યું છે અને ઈમામ બયહકીએ ઈસ્માઈલ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને સઅદ ઈબ્ને અબી વક્કાસથી મુરસલન રિવાયત કરી છે કે અન્સારની એક સ્ત્રીના બાપ, ભાઈ તથા પતિ જંગે ઓહદમાં શહીદ થઈ ગયા. આ ત્રણેવ રસૂલુલ્લાહ ﷺની સાથે ગઝવએ ઓહદમાં ગયા હતા. તેણીએ પૂછયું, રસૂલુલ્લાહ ﷺનો શો હાલ છે ? સહાબાએ કહ્યું, અલ્લાહનો શુક્ર છે જે રીતે તમારી તમન્ના હતી, આપ ખૈરિયતથી છે. તેણીએ કહ્યું કે મને બતાવો કે રસૂલુલ્લાહ ﷺ ક્યાં છે કે જેથી હું આપનો ચહેરો જોઈ લઉં. જ્યારે તેણીએ આપના દીદાર કર્યા તો કહેવા લાગી, આપને સલામત જોયા બાદ દરેક મુસીબત આસાન છે (અને હવે મને કોઈ ચીજની પરવા નથી.) .........*(ક્રમશઃ)*

# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના લક઼બો

અઝ : ડો. અબ્દુન્નઈમ અઝીઝી (મર્હૂમ)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

અમુક શાણા પુરૂષો તથા ઈલ્મવાળાઓ હુકૂમતની ખુશ્નૂદી હાંસલ કરીને લક઼બો તથા અલ્ક઼ાબો હાંસલ કરે છે, અને અમુક હુકૂમતી, ઈલ્મી, સાહિત્યિક તથા સામાજિક સંસ્થાઓ તેમનાં કારનામાંઓના કારણે લક઼બ તથા ખિતાબ અર્પણ કરે છે. કેટલાક લોકો એવા પણ હોય છે જેઓ કોઈપણ રીતે લક઼બ તથા ખિતાબ તથા નામનાની પરવા નથી કરતા. આ તે લોકો છે જેઓ પોતે પોતાને બેનામો નિશાન સમજે છે, તેમને મિટાવવાવાળા ખુદ નષ્ટ થઈ જાય છે. અને જેમના ઈશ્ક઼માં આ બેનામો નિશાન લોકો ફના થઈ જાય છે તે એમને એવા ચમકાવે છે અને એવાં નામો નિશાન અર્પણ કરે છે કે એમની ચમક તથા એમનાથી પ્રકાશ મેળવનારાં રજકણો પણ સૂરજ તથા ચાંદ બની જાય છે ! અને તેમનું નામ લેનારાઓ ખ્યાતિ તથા નામનાની ઉચ્ચતાની ટોચ પર પહોંચી જાય છે, અને ખ્યાતિના આસમાન પર પોતાની મહાનતાના ઝંડા લહેરાવે છે. એવી જ શખ્સિયતોમાં એક ઈસ્લામી શખ્સિયત, ૧૪મી સદીના મહાન મુજદ્દિદ, બરેલીના ફાઝિલ ઈમામ અહમદ રઝા ક઼ાદરી رحمۃ اللہ علیہ પણ છે. એમની જાહેરી હયાતમાં અજમ જ નહીં, બલ્કે અરબની મશહૂર હસ્તીઓએ એકથી ચઢીને એક બાવક઼ાર, પાકીઝા તથા ઉમદા લક઼બો તથા સન્માનોથી એમને યાદ કર્યા અને આજે પણ વિશ્વ વિખ્યાત વિભૂતિઓ તેમને અમૂલ્ય, પવિત્ર તથા મુનવ્વર અલ્ક઼ાબ વડે યાદ કરતા રહે છે, જ્યારે તેમણે તો પોતાને સદા બેનામો નિશાન જ સમજ્યા, પરંતુ એ પણ યક઼ીન હતું કે :–

**બે નિશાનોં કા નિશાં મિટતા નહીં**
**મિટતે મિટતે નામ હો હી જાએગા**

આ તો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની ઈન્કેસારી (આજીજી) હતી, નહીં તો ઈમામનું નામ તો હક્ક઼ તથા બાતિલ વચ્ચે તફાવત પેદા કરનાર કસૌટી છે. જો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નું નામ સાંભળીને ચહેરા પર ખુશી છવાય જાય તો સમજી લો કે ગુલામે મુસ્તફા (صلی اللہ علیہ وسلم) છે, અને જો પેશાની પર કોઈ કરચલી આવી જાય તો જાણી લો કે બદ્મઝહબ અથવા ગુસ્તાખે રસૂલ છે.

આ'લા હઝરત જે હક઼ીક઼તમાં એમનું નામ નથી, બલ્કે લક઼બ છે. પરંતુ ઈમામનો અલમ (ઓળખ) બનીને રહી ગયો અને તેમના નામનું સ્વરૂપ ધારણ કરી ગયો ! અને આજે જ્યારે પણ ''આ’લા હઝરત'' શબ્દ કાનોએથી ટકરાય છે તો દિમાગ રામપુર અથવા હૈદ્રાબાદના નવાબો કે કોઈ અન્ય શખ્સિયતની તરફ નથી જતુ બલ્કે બરેલીના ફાઝિલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની તરફ જ જાય છે.

## (૧) આ’લા હઝરત લક઼બની તેહક઼ીક઼ :–

એ વાત સંપૂર્ણપણે તેહક઼ીક઼ના પાયા સુધી નથી પહોંચી શકી કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ને પહેલીવાર ક્યારે અને કોણે આ'લા હઝરત કહ્યા. અલ્બત્ત એ વાત જરૂર સાબિત છે કે તેમને તેમની હયાતમાં જ આ'લા હઝરત કહેવાતુ તથા લખવામાં આવતુ હતું. તોહફએ હન્ફિયહ પટણાના મેગેઝિનોથી જાણવા મળે છે કે ઈ.સ. ૧૩૨૩થી આપના માટે

આ'લા હઝરત લખવાનુ શરૂ થયું. તોહફએ હન્ફિયહ, વોલ્યુમ ૯, પેજ : ૪, માહે રબીઉલ આખર, ઈ.સ. ૧૩૨૩માં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના માટે ''મુજદ્દિદે મિલ્લતે હાઝરા, મુઅય્યદે મિલ્લતે તાહિરા, જામેએ મઅકૂલો મન્કૂલ, હાવીએ ફુરૂઓ ઉસૂલ, આલિમે અહલે સુન્નત, આ'લા હઝરત, અઅલમે ઉલમાએ ઝમાં, મૌલાના, મોલ્વી અહમદ રઝાખાં સાહબ મદઝિલ્લહુ રબ્બુલ આલમીન વ સાનહુ અન્ શુરૂરિલ હાસિદીન'' લખવામાં આવ્યું.

ફતાવા રઝવિય્યહના વિવિધ ભાગોમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને તેમના મુરીદોએ આ'લા હઝરત લખ્યા છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૬, રિસાલા : હુજુબુલ્ અવાર અન મખ્દૂમિલ્ બિહાર)* અને આ'લા હઝરતની સાથે ''અઝીમુલ બરકત'' પણ લખવામાં આવ્યું છે. શક્ય છે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને ઈ.સ. ૧૯૦૫, હિ.સ. ૧૩૨૩થી પહેલાં પણ ''આ'લા હઝરત'' કહેવામાં આવ્યા હોય, કેમ કે એમને ઈ.સ. ૧૯૦૦/હિ.સ. ૧૩૧૮માં પટણાના રદ્દે નદવાના ઈજલાસમાં પ્રથમવાર હઝરત અલ્લામા મૌલાના અબ્દુલ મુક્તદિર બદાયૂની رحمۃ اللہ علیہએ વિખ્યાત આલિમો તથા ફાઝિલોની મૌજૂદગીમાં ''મુજદ્દિદ'' કહ્યા હતા. શબ્દો આ પ્રમાણે છે :–

''જનાબ આલિમે અહલે સુન્નત, મુજદ્દિદે મિઅતે હાઝરા હઝરત મૌલાના અહમદ રઝાખાં સાહબ બરેલ્વી.'' *(દબદબએ સિકંદરી, રામપુર, ૧૧ ઓકટો ૧૯૪૮, પેજ : ૫, ચૌદહવીં સદીકે મુજદ્દિદ, અઝ : મલિકુલ ઉલમા અલ્લામા ઝફરુદ્દીન કાદરી, પેજ : ૧૧)*

સારાંશ કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને આ'લા હઝરત કહેવામાં આવ્યા તો હિ.સ. ૧૩૧૮ બાદ જ કહેવામાં આવ્યા. ઈમામ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہના માટે આ'લા હઝરત કહેવા પર હસદખોરોને સખત વાંધો છે, જ્યારે સમયના આ જાલિમોએ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہને આ'લા હઝરત કહ્યા તથા લખ્યા છે. અને આશિક્ ઈલાહી મેરઠીએ પોતાની કિતાબ ''તઝકેરતુલ ખલીલ''માં મૌલાના ખલીલ અહમદ અંબેઠવી (દેવબંદી)ને આ'લા હઝરત લખ્યું છે. આ જ લોકો રામપુર તથા હૈદ્રાબાદના નવાબોને તો ઘણા જ ફખ્ર સાથે આ'લા હઝરત કહ્યા કરતા હતા, પરંતુ જ્યારે એક ગૈરતમંદ આશિકે રસૂલ (ﷺ), એક ગુલામે મુસ્તફા, અબ્દુલ મુસ્તફા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને આ'લા હઝરત કહેવામાં આવે છે તો બળી મરે છે ! આ'લા હઝરત એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું એક એવું નામ તથા આપની એવી પહેચાન બની ગયું છે જે અમર છે, ઝિંદા છે અને દુનિયાના અસ્તિત્વ સુધી ૧૪મી સદીના આ મુજદ્દિદ આશિકે મુસ્તફા તથા અબ્દુલ મુસ્તફાને જમાનો આ'લા હઝરત કહીને યાદ કરતો રહેશે.

## (૨) મુજદ્દિદે દીનો મિલ્લત :–

આમ તો આ કોઈ લકબ નથી બલ્કે એક હોદ્દો છે અને સદીના ઉલમા તથા મશાઈખ એને મુજદ્દિદ સ્વીકારે છે જે તજદીદી કારનામુ અંજામ આપે છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ તો તજદીદી કારનામાની મજલ પર ૧૪ વરસની ઉમરમાં હિ.સ. ૧૨૮૬માં જ ડગ માંડી દીધા હતા અને હિ.સ. ૧૩૦૧ થતાં જ પોતાની મંઝિલ પામી લીધી હતી. અલ્બત્ત એના અઢાર વરસો બાદ હિ.સ. ૧૩૧૮માં તેમની મુજદ્દિદિયતનું એલાન સૌ પ્રથમ હઝરત મૌલાના અબ્દુલ મુક્તદિર સાહબ رحمۃ اللہ علیہએ કર્યું. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ભત્રીજા મૌલાના હસ્નૈન રઝાખાં رحمۃ اللہ علیہ લખે છે :–

''આ'લા હઝરત કિબ્લાના ફયઝાને મુજદ્દિદિયતનો ઝહૂર હિ.સ. ૧૩૦૧થી થયો. આ બનાવ જરા વિગતવાર છે. બનાવ એ પ્રમાણે છે કે અમારા કાકા મોલ્વી મુહમ્મદ શાહખાં સાહબ ઉર્ફ મથ્થનખાન સાહબ મર્હૂમ સોદાગરી મહોલ્લાના

પૂરાણા નિવાસી હતા. આ'લા હઝરત કરતાં એક વરસ ઉમરમાં મોટા હતા. બાળપણ સાથે પસાર થયું. સમજ આવી ત્યારથી એક જ જગાએ ઉઠક બેઠક રહી. આવી હાલતમાં આપસમાં બેતકલ્લુફ (નિઃસંકોચપૂર્ણ વહેવાર) થવાનું જ હતું. મેં મારી અંદર સમજ આવી ત્યારથી તેમને આ'લા હઝરત ક઼િબ્લાની સોહબતમાં ખામોશ તથા અદબભેર બેઠેલા જોયા. તેમને જો કોઈ મસ્અલો પૂછવાનો હોતો તો અન્યોના થકી પૂછાવતા. હું મુદ્દતોથી આ જ જોઈ રહ્યો છું. એક દિવસે મેં કાકાને અર્ઝ કર્યું કે આ'લા હઝરત તો આપની બુઝુર્ગીનો લેહાઝ કરે છે છતાં તમે એમનાથી આટલા પ્રમાણમાં શા માટે સંકોચ પામો છો કે મસ્અલો નથી પૂછી શક્તા ?! તેમણે ફર્માવ્યું કે હું અને તે બચપનથી સાથે રહ્યા. સમજ આવી તો ઉઠક બેઠક એક જ જગાએ હતી. મગરિબની નમાઝ પઢીને અમારો નિયમ હતો કે એમની બેઠકમાં આવીને બેસતા. સૈયદ મહમૂદ શાહ સાહબ વગેરે અમુક એવા સાથીઓ હતા કે તેઓ પણ આ સોહબતમાં દરરોજ શરીક થતા. ઈશા સુધી મજલિસ ગરમ રહેતી. એ મજલિસમાં દરેક પ્રકારની વાતો થતી હતી, ઈલ્મી ચર્ચાઓ થતી હતી, દીની મસાઈલ પર ચર્ચા થતી અને હંસી આનંદવાળા કિસ્સા પણ થતા.

જે દિવસે મુહર્રમ હિ.સ. ૧૩૦૧નો ચાંદ થયો તે દિવસે નિયમ પ્રમાણે અમે સૌ મગરિબ બાદ આ'લા હઝરતની બેઠકમાં આવી ગયા. આ'લા હઝરત રોજના નિયમ કરતાં થોડાક લેટ આવ્યા. નિયમ પ્રમાણે સલામ બાદ બેઠક લીધી. અન્ય લોકો પણ હતા. મને સંબોધીને ફર્માવ્યું, મથ્થન ભાઈજાન ! આજે ૧૩૦૧ હિ.સ.નો ચાંદ થઈ ગયો. મેં અર્ઝ કરી કે મેં પણ જોયો. કેટલાક સાથીઓએ ચાંદ જોયાનું વર્ણવ્યું. પછી ફર્માવ્યું, ભાઈ સાહબ ! આ તો સદી બદલાઈ ગઈ ! મેં પણ અર્ઝ કર્યું કે બેશક ! સદી તો બદલાઈ ગઈ. ખયાલ કર્યો તો ખરેખર એ ચાંદથી ૧૪મી સદી શરૂ થઈ હતી. એના પર ફર્માવ્યું કે હવે મારે અને તમારે પણ બદલાઈ જવું જોઈએ. એવું કહેવું હતું કે આખી મજલિસ પર સન્નાટો છવાઈ ગયો અને દરેક શખ્સ પોતાની જગાએ બેસેલો રહ્યો. પછી કોઈને બોલવાની હિંમત ન થઈ. કેટલીકવાર સુધી સર્વ ચુપચાપ બેસેલા રહ્યા અને સલામ અલૈક કરીને સૌ એક એક એક કરીને જવા લાગ્યા. એ વખતે તો કોઈ વાત સમજમાં ન આવી કે એકાએક આ રૂઆબ છવાય જવાનો સબબ શું બન્યો ?! બીજા દિવસે જ્યારે ફજરની નમાઝ બાદ સામનો થયો અને તેમના મુજદ્દિદાના રૂઆબ (પ્રભાવ) તથા જલાલથી વાસ્તો પડયો તો યાદ આવ્યું કે તેમણે જે બદલવાનું કહ્યું હતું તો તે ખુદાની ક઼સમ ! એવા બદલાયા કે ક્યાંથી ક્યાં પહોંચી ગયા. અને અમે જ્યાં હતા ત્યાં જ રહી ગયા ! તે દિવસ અને આજનો દિવસ કે અમને એમની સાથે વાત કરવાની હિંમત જ ન થઈ. બલ્કે આ મહત્વના ફેરફાર પર અમે ઘણીવાર વિચારણા પણ કરી તો એના સિવાય કોઈ વાત સમજમાં ન આવી કે એમનામાં અલ્લાહ તરફથી કોઈ તબદીલી કરી દેવામાં આવી છે જેણે એમને ઘણા જ ઊંચા કરી દીધા છે, અને અમે જે કક્ષાએ પહેલાં હતા ત્યાં આજે પણ છીએ. હા ! જ્યારે દુનિયા તેમને મુજદ્દિદે મિઅતે હાઝરા કહીને પોકારવા લાગી તો સમજમાં આવી ગયું કે તે તબદીલી આ હતી જેણે આટલા દિવસ આશ્ચર્યમાં રાખ્યા ! આ હતી તે તારીખ જેમાં મૌજૂદા સદીનો મુજદ્દિદ બનાવવામાં આવ્યો અને મુજદ્દિદિયતનો મહાન મન્સબ અતા થયો અને સાથોસાથ તે રોઅબ અતા થયો જે એ તારીખથી મહેસૂસ થવા લાગ્યો. *(સીરતે આ'લા હઝરત, પેજ : ૬૧, ૬૨)*

પટણાના ઈજલાસમાં ઈ.સ. ૧૯૧૧/હિ.સ. ૧૪૧૮માં વિખ્યાત ઉલમા તથા ફાઝિલોની મૌજૂદગીમાં હઝરત મૌલાના અબ્દુલ મુક઼તદિર બદાયૂની رحمۃ اللہ علیہએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને "મુજદ્દિદ" કહ્યા અને સૌએ એ લક઼બને સહર્ષ ક઼બૂલ

કર્યો. ઈ.સ. ૧૯૦૫/હિ.સ. ૧૩૨૪માં જ્યારે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ બીજીવાર હજ્જ તથા ઝિયારત માટે તશરીફ લઈ ગયા તો હરમૈન શરીફૈનના વિવિધ ઉલમાએ કિરામ તથા મશાઈખે એઝામે તેમને "મુજદ્દિદ" કહ્યા. એમનામાં અમુક નામો આ પ્રમાણે છે :–

**સૈયદ ઈસ્માઈલ બિન ખલીલ رحمۃ اللہ علیہ મુહાફિઝે કુતુબે હરમ :–**

૦૧. "જો એમના હક્કમાં એવું કહેવામાં આવે કે તે આ સદીના મુજદ્દિદ છે તો ખરેખર એ હક્ક તથા સહીહ થશે." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૫૨)*

૦૨. "અમારા શયખ અલ્લામા મુજદ્દિદ જે અલલ ઉલૂમ તમામ ઉસ્તાઝોના શયખ છે મોલ્વી અહમદ રઝા." *(અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૭, ઉર્દૂ અનુવાદ)*

તદ્ ઉપરાંત સૈયદ હુસૈન બિન અલ્લામા અબ્દુલકાદિર તરાબુલ્સી મુદર્રિસ મસ્જિદે નબવી, હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી, શયખ મૂસા અલી શામી, સૈયદ અહમદ અલી મુહાજિરે મદની رحمۃ اللہ علیہم اجمعین વગેરે એ પણ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને મુજદ્દિદે મિઅતે હાઝરા, વર્તમાન સદીના મુજદ્દિદ, આ ઉમ્મતના દીનના મુજદ્દિદ કહ્યા. *(તકારિઝે હુસ્સામુલ હરમૈન, અદ્દવલતુલ મક્કિયહ)*

## (3) ઈમામ અહમદ રઝાનો એક લકબ : ઝિયાઉદ્દીન અહમદ :–

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જ્યારે પ્રથમવાર હિ.સ. ૧૨૯૫માં વાલિદૈન સાથે હજ્જ તથા ઝિયારતના માટે ગયા તો હરમૈન શરીફૈનના વિવિધ ઉલમા તથા મશાઈખે આપને વિવિધ પ્રકારની સનદો અતા કરી. એક દિવસે આપે મગરિબની નમાઝ મકામે ઈબ્રાહીમમાં અદા કરી. નમાઝ બાદ ઈમામે શાફઈય્યહ હઝરત હુસૈન બિન સાલેહ જમાલુલ્લૈલે અગાઉથી ઓળખાણ વિના આપનો હાથ પકડયો અને પોતાના ઘરે લઈ ગયા અને ઘણીવાર સુધી આપની પેશાનીને પકડીને ફર્માવ્યું :–

اِنِّیْ لَاَجِدُ نُوْرَ اللّٰهِ فِیْ هٰذَا الْجَبِیْنِ "બેશક ! હું અલ્લાહનું નૂર આ પેશાનીમાં જોઉં છું."

અને સિહાહ સિત્તહ તથા કાદરી સિલસિલાની ઈજાઝત પોતાના હાથ વડે લખીને એનાયત ફર્માવી અને ફર્માવ્યું કે તમારું નામ "ઝિયાઉદ્દીન અહમદ" છે. *(અલ ઈજાઝાતિલ મતીના, અઝ : ઈમામ અહમદ રઝા, અનુવાદક : હામિદ રઝાખાં)*

"ઝિયાઉદ્દીન અહમદ" ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને આપવામાં આવેલ પ્રથમ લકબ છે જે અરબી જગતે આપ્યો.

## (૪) હરમૈન શરીફૈનના ઉલમા અર્પિત લકબો :–

ઈમામ અહમદ રઝાની કિતાબો અલ્મોઅ્તકદુલ મુન્તકિદ, કિફલુલ્ ફકીહ અલ્ફાહિમ, ફતાવા હરમૈન, હુસ્સામુલ હરમૈન તથા અદ્દવલતુલ મક્કિયહ પર હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના ઉલમાએ કિરામે તકરીઝો લખી છે. ખાસ કરીને હુસ્સામુલ હરમૈન તથા અદ્દવલતુલ મક્કિયહમાં તે ઈલ્મો ફઝ્લવાળા સાહબોએ મુજદ્દિદે ઈસ્લામ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને ઘણા જ પાકીઝા, બાવકાર તથા ખૂબસૂરત અલ્કાબ તથા આદાબ વડે નવાઝયા. અહીં અમે તે જ લકબોને રજૂ કરીશું જે લકબની હૈસિયત ધરાવે છે. અને અમુક શબ્દો સુધી સીમિત છે.

- **શયખ અબુલ ખૈર અહમદ મીરદાદ, મસ્જિદે હરમ મક્કા મુકર્રમા :** "બારીકીઓનો ખજાનો, મઅરેફતનો આફતાબ, જાહેરી તથા બાતિની ઈલ્મી આંટીઘુંટીઓને ખોલનાર." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૩૮)*

★ **અલ્લામા શયખ સાલેહ કમાલ, મક્કા મુકર્રમા :** "આલિમે અલ્લામ, ફઝાઈલનો દરિયો, મૌલાના મુહક્કિક઼, ઝમાનાની બરકત, સરદાર ઉલમાની આંખોની ઠંડક." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૪૨)*

★ **અલ્લામા શયખ ઈબ્ને સિદ્દીક઼ કમાલ :** "રોશન સિતારા, ઉસ્તાઝે મોઅઝ્ઝમ, સરદાર વ પેશવા, ગર્દને વહાબિયહ પર તેગે બરાં (ઉઘાડી તલ્વાર)." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૪૬)*

★ **અલ્લામા મુહમ્મદ અબ્દુલ હક્ક઼ મુહાજિર ઈલાહાબાદી (મક્કા મુકર્રમા) :** "અલ્લામા આલિમે જમીલ, દરયાએ ઝખ્ખાર, સરદારે ફઝ્લ, કષીરુલ એહસાન, દરયાએ બલંદ હિંમત, ઝહીનો દાનિશમંદ, બહરે નાપયદા કિનાર, સાહિબે ઝકા, કષીરુલ ફહમ." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૪૮)*

★ **સૈયદ ઈસ્માઈલ ખલીલ મુહાફિઝે કુતુબ હરમે મક્કા મુકર્રમા :** "મન્ક઼બતોં ઔર ફખ્રોંવાલા, યક્તાએ ઝમાના, પોતાના સમયનો અજોડ." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૨૩, અદ્દવલતુલ મક્કિયા, પેજ : ૭)*

★ **અલ્લામા પીર મરઝૂકી અબૂ હુસૈન, મક્કા શરીફ :** "નૂરના ઊંચા સ્તંભવાળો, મઅરિફતનો દરિયો, સૈરાબે ઝહનવાલા, તાક઼તવર ઝબાનવાલા, દરયાએ મન્તિક." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૫૬)*

★ **અલ્લામા મુહમ્મદ આબિદ ઈબ્ને મરહૂમ શયખ હુસૈન મુફ્તી સરદારાને મલિકિયહ :** "મશહૂર ઉલમાનો સરદાર, મોઅઝ્ઝઝ્ ફાઝિલોંકા માયએ ઈફતેખાર, સાહિબે અ઼દ્લ, આલિમે બાઅમલ, ઈસ્લામ કી સઆદત, મહમૂદ સીરત, સાહિબે એહસાન." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૬૪)*

★ **અલ્લામા મુહમ્મદ અલી માલિકી બિન શયખ હુસૈન માલિકી, મક્કા શરીફ :** "ઈલ્મી વર્તુળનું કેન્દ્ર, મુસલમાનોં કા યાવર, રાહ પાયોં કા નિગેહબાન, સઅદુદ્દીન, મૌલલ્ મઆરિફ વલ્ હુદા અઝદે હિદાયત." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૬૮)*

★ **અલ્લામા શયખ સઅદ બિન ધલાન મક્કી :** "નાદિરે રોઝગાર, ખુલાસએ લૈલો નહાર." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૮૦)*

★ **મૌલાના શયખ અબ્દુર્રહમાન ધલાન મક્કી :** "અલ્લામાએ ઝમાં, યક્તાએ રોઝગાર." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૮૪)*

★ **અલ્લામા અહમદ હનફી મક્કી :** "ફખ્રે અકાબિર, પરહેઝગાર ફાઝિલ." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૮૬)*

★ **અલ્લામા મુહમ્મદ સાલેહ બિન મુહમ્મદ અફઝલ મક્કી :** "આલિમ ફાઝિલ, માહિરે કામિલ, બારીક ફહમિયોંવાલા, બુલંદ મઅનોંવાલા." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૯૪)*

★ **અલ્લામા અહમદ હામિદ મક્કી :** "મોઅતમદ પેશવા, ફાઝિલે મુતબહ્હિર." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૦૨)*

★ **અલ્લામા મુહમ્મદ સઈદ શયખુદ્દલાઈલ, મદીના મુનવ્વરા :** "કષીરુલ ઈલ્મ, દરયાએ અઝીમુલ ફહમ." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૧૮)*

★ **અલ્લામા મુહમ્મદ ઈબ્ને અહમદ અમરી :** "મુહક્કિક઼, કષીરુલ ફહમ, અલ્લાહ કી અતાઓંવાલા, દીન કા નિશાનો સુતૂન, ઈર્ફાનો મઅરેફતવાલા." *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૨૮)*

★ **અલ્લામા અબ્બાસ રિદ઼વાન-મદીના મુનવ્વરા :** "અલ્લામા, ઈમામ અહમદ તેઝ

ઝહન, બાલા હિંમત, યકતાએ દહર.'' *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૨૨)*

- **અલ્લામા મુહમ્મદ બિન સવસ ખિયારી–મદીના શરીફ :** ''અલ્લામા મુહક્કિક, ફહ્હામાએ મુદક્કિક, ઈન્સાને કામિલ, આલિમ ફાઝિલ.'' *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૨૯)*
- **અલ્લામા સૈયદ શરીફ અહમદ બરઝન્જી–મદીના શરીફ :** ''સાહિબે તેહકીક વ તન્કીહ વ તદકીક વ તઝહીન, આલિમે અહલે સુન્નત વ જમાઅત.'' *(હુસ્સામુલ હરમૈન, પેજ : ૧૩૨)*
- **અલ્લામા મુહમ્મદ સઈદ બિન મુહમ્મદ બિલ્ફીલ, મક્કા મુકર્રમા :** ''ઈમામે કામિલ.'' *(અદવલતુલ મક્કિયા, પેજ : ૧૯)*
- **અલ્લામા શયખ સઈદ મુહમ્મદ બિન વાસેહ હુસૈની–મદીના મનુવ્વરા :** ''ફખ્રે હિંદુસ્તાન.'' *(અદવલતુલ મક્કિયા, પેજ : ૬૫)*
- **અલ્લામા શયખ અહમદ જઝાઈરી, મદીના મુનવ્વરા :** ''અલ્લામાએ ઝમાં, યકતાએ રોઝગાર, સર ચશમએ મઅરેફત.'' *(અદવલતુલ મક્કિયા, પેજ : ૭૪)*
- **અલ્લામા શયખ હુસૈન બિન અલ્લામા સૈયદ અબ્દુલ કાદિર–તરાબુલ્સી, મદીના મુનવ્વરા :** ''હામીએ મિલ્લતે મુહમ્મદિયા તાહિરા, મુજદ્દિદે મિઅતે હાઝરા, મારા ઉસ્તાઝ તથા પેશવા.'' *(અદવલતુલ મક્કિયા, પેજ : ૯૨)*
- **અલ્લામા મુહમ્મદ કરીમુલ્લાહ મુહાજિરે મદની** ''ઈમામ બુઝુર્ગ, મુહક્કિકે નુકતા રસ, આ જમાનાના મુજદ્દિદ.'' *(અદવલતુલ મક્કિયા, પેજ : ૧૫૯)*
- **અલ્લામા શયખ મુહમ્મદ મુખ્તાર બિન અત્તાર જાવી, મક્કા મુકર્રમા શરીફ :** ''ઉલ્માએ મોહક્કિકીનકા બાદશાહ, નબી علیہ الصلوٰۃ والسلام ના મો'જિઝાઓમાંનો એક મો'જિઝો, યગાના ઈમામ.'' *(અદવલતુલ મક્કિયા, પેજ : ૭૨)*
- **અલ્લામા શયખ મુસ્તફા બિન તારઝી બિન અઝૂઝ–મદીના મુનવ્વરા :** ''ઉસ્તાઝે કામિલ, વરસતી ઘટા, ફાઈદા રસાં.'' *(અદવલતુલ મક્કિયા, પેજ : ૧૪૬)*
- **અલ્લામા શયખ મૂસા અલી શામી અઝહરી અહમદ દરદૈરી મદની :** ''ઈમામુલ અઈમ્મા, મિલ્લતે ઈસ્લામિયાના મુજદ્દિદ, નૂરે યકીન.''*(અદવલતુલ મક્કિયા, પેજ : ૨૬૨)* વગેરે....

## (૫) સૌથી પ્રથમ 'ઈમામ અહમદ રઝા' કોણે લખ્યું ? :–

આમ તો આ'લા હઝરતના માટે હરમૈન શરીફૈનના ઉલમાએ ઈમામ લખ્યું છે, પરંતુ એમના નામથી પહેલાં ''ઈમામ'' લગાડવું એટલે કે, ''ઈમામ અહમદ રઝાખાં'' رحمۃ اللہ علیہ લખવું, આ અંદાઝ સૌ પ્રથમ અલ્લામા મુશતાક અહમદ નિઝામી ઈલાહાબાદી رحمۃ اللہ علیہએ અપનાવ્યો, અને પોતાના માસિક પત્ર ''પાસબાન''માં એમના માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખવું શરૂ કર્યું. ઈ.સ. ૧૯૭૬માં મંથલી ''અલ્મીઝાન''એ આ'લા હઝરતની હયાત તથા શખ્સિયત તથા કારનામાઓ પર અજોડ તથા સેંકડો પેજોવાળો મોટો ''ઈમામ અહમદ રઝા નંબર'' (વિશેષાંક) પ્રસિદ્ધ કર્યો તો એમાં દરેક જગાએ એમના માટે ''ઈમામ અહમદ રઝા'' લખ્યું છે. ત્યારબાદ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખવાનો એક રિવાજ બની ગયો. માહિરે રઝવિય્યત પ્રોફેસર

ડો. મસ્ઊદ અહમદ સાહબ, અલ્લામા અબ્દુલહકીમ અખ્તર શાહજહાંપૂરી رحمۃ اللہ علیہ તથા અલ્લામા શમ્સ બરેલ્વી رحمۃ اللہ علیہ, સૈયદ રિયાસત અલી ક઼ાદરી رحمۃ اللہ علیہ તથા અન્ય પાકિસ્તાની તથા હિંદુસ્તાની ક઼લમકારોએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જ લખવું શરૂ કરી આપ્યું. ત્યાં સુધી કે તેમની કિતાબોને પ્રસિદ્ધ કરનારા પ્રકાશકોએ પણ એમના માટે "ઈમામ અહમદ રઝા" رحمۃ اللہ علیہ લખ્યું અને આજે પણ આ અંદાઝ નિભાવી રાખ્યો છે.

### (૬) મુહદ્દિષે બરેલ્વી :-

હઝરત મસ્ઊદે મિલ્લત ડો. મસ્ઊદ અહમદ સાહબે "મુહદ્દિષે બરેલ્વી" નામથી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની હયાત તથા શખ્સિયત પર કિતાબ લખી. ત્યાર બાદ અમુક પાકિસ્તાની ક઼લમકારોએ પણ એમને "મુહદ્દિષે બરેલ્વી" લખવાનું શરૂ કર્યું. આ પણ એક લક઼બ જ છે.

### (૭) ફ઼ક઼ીહે અસ્ર (સમયના ફ઼ક઼ીહ) :-

ડો. મસ્ઊદ અહમદ સાહબે "ફ઼ક઼ીહે અસ્ર" નામ વડે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ફ઼િક઼ાહત પર કિતાબ લખી. આ પણ ખૂબસૂરત લક઼બ છે.

### (૮) સરતાજુલ ફ઼ુક઼હા :-

ડો. મસ્ઊદ અહમદ સાહબની "સરતાજુલ ફ઼ુક઼હા"ના નામથી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ફ઼િક઼હાત પર એક બીજી કિતાબ છે. "સરતાજુલ ફ઼ુક઼હા" પણ સારો લક઼બ છે, અને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાનને અનુરૂપ છે.

### (૯) ચશ્મો ચિરાગે ખાનદાને બરકાતિયહ

મારહરા મુતહ્હરા, ખાનવાદએ બરકાતિયાના એક અઝીમ તથા જલીલ શાહઝાદા હઝરત સૈયદ આલે રસૂલ હસ્નૈનમિયાં ક઼ાદરી ઉર્ફે નઝમી મિયાં (رحمۃ اللہ علیہ)એ ઈમામ અહમદ રઝાને "ચશ્મો ચિરાગે ખાનદાને બરકાત" લખ્યું. *(અલ્મીઝાનનો ઈમામ અહમદ રઝા નંબર, ૧૯૭૬, પેજ : ૨૩૫)*

### (૧૦) મુજદ્દિદે આ'ઝમ :-

ખાનવાદએ અશ્રફ઼િયા કિછૌછા શરીફ઼ના ચશ્મો ચિરાગ મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મૌલાના સૈયદ મુહમ્મદ મિયાં رحمۃ اللہ علیہએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને "મુજદ્દિદે આ'ઝમ" કહ્યા. *(અલ્મીઝાનનો ઈમામ અહમદ રઝા નંબર, ૧૯૭૬, પેજ : ૨૪૧)*

### (૧૧) વાસિફ઼ે શાહે હુદા :-

પ્રો. ડો. તલ્હા રઝવી "બર્ક઼"એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને "વાસિફ઼ે શાહે હુદા" કહ્યા. *(અલ્મીઝાનનો ઈમામ અહમદ રઝા નંબર, ૧૯૭૬, પેજ : ૨૪૦)*

હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ખુદ પોતે પોતાને "વાસિફ઼ે શાહે હુદા" કહ્યું છે. શેઅર જુઓ :–

*યહી કહતી હૈ બુલબુલે બાગે જિનાં*
*કે રઝા કી તરહ કોઈ સહર બયાં*
*નહીં હિંદમેં વાસિફ઼ે શાહે હુદા,*
*મુઝે શોખિયે તબએ રઝા કી ક઼સમ*

આ હક઼ીક઼તમાં રઝાથી જ સંબંધિત છે પરંતુ રઝા માટે હસન લક઼બ છે.

### (૧૨) શાહે મુલ્કે સુખન :-

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાના આક઼ા હઝરત મુહમ્મદ મુસ્તફ઼ા ﷺની ગુલામી પર નાઝ કરતાં તહદીષે નેઅમતના ખાતર ખુદ પોતાને મુલ્કે સુખનના શાહ કહ્યું છે. ફ઼ર્માવે છે :–

*મુલ્કે સુખન કી શાહી તુમકો રઝા મુસલ્લમ*
*જિસ સિમ્ત આ ગયે હો સિક્કે બિઠા દિયે હૈં*

*(એક ઠેકાણે આ લક઼બ અન્યએ આપ્યાનું પણ વર્ણન છે.)*

**(૧૩) શયખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન :-**

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મોટા સાહબઝાદા હુજ્જતુલ ઈસ્લામ અલ્લામા હામિદ રઝા ખાન નૂરલ્લાહ મર્કદહૂએ "શયખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન" વડે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વિસાલ (હિ.સ. ૧૩૪૦)નો તારીખી માદ્દો કાઢયો છે. હવે એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ માટે એક લક્બ બની ગયો છે અને તેમને "શયખુલ ઈસ્લામ વલ્મુસ્લિમીન" પણ લખવામાં આવે છે.

**(૧૪) ઈમામે નઅત ગોયાં :-**

મૌલાના અખ્તર હામિદી સાહબ મર્હૂમ (કરાચી)એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને "ઈમામે નઅત ગોયાં" લખ્યું છે. તેઓ આ વિષયે ઈમામની નઅતગોઈ પર વિસ્તૃત કિતાબ લખવાનો ઈરાદો ધરાવતા હતા.

**(૧૫) કિ઼બ્લાએ અહલે દિલ :-**

ડો. નસીમ કુરૈશી મર્હૂમ શોઅબા ઉર્દૂ મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને "કિ઼બ્લએ અહલે દિલ" લખ્યું. *(અલ્મીઝાન, પેજ : ૫૪૯)*

**(૧૬) ફાઝિલે બરેલ્વી :-**

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના માટે શરૂથી જ "ફાઝિલે બરેલ્વી" કહેવાતુ તથા લખાતુ આવ્યું છે. આજે જયારે પણ "ફાઝિલે બરેલ્વી" બોલવા કે લખવામાં આવે છે તો દિમાગ કોઈ અન્ય આલિમની તરફ ન જતાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની પ્રતિ જ જાય છે. (ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને આ લક્બ કોણે આપ્યો અને ક્યારે આપ્યો, અને સૌ પ્રથમ કોણે લખ્યું, એ વાત હજી સુધી જાણી નથી શકાયી.)

**ઉપસંહાર** : અરબ તથા અજમના ઉલમા, ક્લમકારો તથા જ્ઞાની પુરૂષોએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ફઝાઈલ તથા પ્રશંસાઓમાં એકથી ચઢીને એક હસીન અંદાઝમાં વર્ણન કર્યાં છે, અને ઘણા જ બાવકા઼ર તથા ખૂબસૂરત લક્બોથી યાદ કર્યા છે. સૌને એકત્ર કરવું મુશ્કેલ છે. ઈમામને માનવા ચાહવાવાળા એમને બેહતરથી બેહતર અલ્કા઼બ તથા આદાબ વડે યાદ કરતા જાય છે. શાઈરો એમની ખૂબીઓના ઉમદા પ્રદર્શનમાં તરકીબસાઝીઓ પણ કરી રહ્યા છે, પરંતુ અત્યાર સુધી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને જે અલ્કા઼બો તથા આદાબ વડે યાદ કરવામાં આવ્યા છે અને એમાં જ વિશેષ લોકપ્રિય છે એનું સંક્ષિપ્ત વર્ણન અહીં રજૂ કર્યું છે.

*-(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી-મુંબઈ, માર્ચ-૨૦૧૭)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

**અનુવાદક** : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**હદિયો** : રૂા. ૪૨૫/- (ટપાલ ખર્ચ રૂા.૫૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


**ભુલ સુધારો** "બરકાતે ખ્વાજા" (માસિક) જાન્યુ. ૨૦૧૭, પેજ નં. ૧૮, લીટી નં. ૨ માં 'رضی اللہ عنہ' છે તેને કાઢી નાખવું.

# મહેનતનું મહત્વ અને તેના ફાયદા

## કુર્આન હકીમની દષ્ટિએ

**રજૂકર્તા : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી–પાલેજ** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ ફયઝાને નૂરી–ડભોઈ)*

દીને ઈસ્લામ એટલે ઈસ્લામના સંપૂર્ણ જીવન બંધારણની ખાસ વિશિષ્ટતા એ છે કે તેણે મહેનતને માનવ જીવનનું અભિન્ન અંગ બનાવ્યું છે. રબ્બે રહમાનનું સૂરએ બલદમાં ફર્માન છે :–

لَقَدۡ خَلَقۡنَا الۡاِنۡسَانَ فِىۡ كَبَدٍؕ "વાસ્તવમાં અમે ઈન્સાનને મહેનત અને પરિશ્રમમાં પૈદા કર્યો છે." *(પા. ૩૦, સૂરએ બલદ, આ. ૪)*

આ આયતે જલીલહનો મતલબ એ છે કે શ્રમ અને પરિશ્રમ તથા કોશિશ અને મહેનત કરવી ઈન્સાનનું ભાવિ છે, જેથી એવું કર્યા વગર ન તે શિક્ષણ અને કલા મેળવી શકે છે, ન સમય અને જગ્યા પર વિજય અને ન તે ભૌતિક તથા આધ્યાત્મિક વિકાસ કરી શકે છે, ન દુન્યવી અને ઉખરવી (આખેરતની) ભલાઈ પ્રાપ્ત કરી શકે છે. તદ્ઉપરાંત મહેનત વગર ઈન્સાન પોતાના નૂરેઝાતની પણ પરિપૂર્ણતા નથી કરી શકતો. આ એક હક઼ીક઼ત છે કે જીવનની ગુણવત્તા હરકત (કામ) છે અને કામ મહેનત અને પરિશ્રમ માગે છે. આ આધારે માનવ જીવન અને મહેનતને એકબીજાના પર્યાય કહી શકો છો. જેવી રીતે પામવા માટે સ્વ મહેનત અનિવાર્ય છે, એ જ રીતે કમાવા માટે મહેનત જરૂરી છે. આ હક઼ીક઼તને ક઼ુર્આને હકીમે પોતાના એ'જાઝે બલાગતથી આ રીતે વર્ણન કર્યું છે : وَاَنۡ لَّيۡسَ لِلۡاِنۡسَانِ اِلَّا مَا سَعٰىۙ "અને ઈન્સાનને માત્ર એ જ અને એટલું જ મળે છે જેના માટે તે જેટલી મહેનત અને કોશિશ કરે છે." *(સૂરએ નજ્મ, આ. ૩૯)*

આ આયતનો મતલબ એ થયો કે ઈન્સાન જે વસ્તુને મેળવવા માટે જેટલી મહેનત અને કોશિશ કરે છે, તેને ગુણવત્તા અને જથ્થા પ્રમાણે જ એ વસ્તુ પ્રાપ્ત થાય છે. આ હક઼ીક઼તનું પ્રતિબિંબ આ આયતે તફસીરી છે :–

وَاَنَّ سَعۡيَهٗ سَوۡفَ يُرٰىۖ "અને એ કે સાથે સાથે ઈન્સાનની મહેનત અને કોશિશ પણ જોવામાં આવશે, એટલે મહેનત અને કોશિશની ગુણવત્તા અને પ્રમાણનું મુલ્યાંકન કરવામાં આવશે." *(સૂરએ નજ્મ, આ. ૪૦)*

આ ચિંતનાત્મક આયતમાં અર્થશાસ્ત્રનો સિદ્ધાંત ગુપ્ત છે કે દરેક સમાજના વ્યક્તિ પર મહેનત કરીને કમાવું જરૂરી છે, તો વગર મહેનતે રોજી અથવા દૌલત પ્રાપ્ત કરવું અપ્રાકૃતિક અને નાજાઈઝ થયું. દા.ત. માલદારો અને જમીનદારોનું વગર મહેનતે મજૂરો અથવા ખેડૂતોનું શોષણ કરવું, વ્યાજે રોકાણ કરી વ્યાજ લેવું, જેને આજકાલ નફો કહે છે. જેમ કે (ઈસ્લામી) બેંકો વગેરેનું વ્યાજ, સારાંશ સ્થિર કે ચલિત મૂડી પર દૌલત પ્રાપ્ત કરવું યોગ્ય નથી. આપણે એ વાત યાદ રાખવી જોઈએ કે ઈસ્લામી સમાજનો દરેક વ્યક્તિ સક્રિય અને મુજાહિદ હોય છે. જેમ કે નબી અકરમ ﷺ અને આપના સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین હતા. ઈતિહાસ ગવાહ છે કે હુઝૂરે અકરમ ﷺ અલ્લાહના પૈગંબરે આ'ઝમ અને આખરી પૈગંબર હોવાની સાથે સાથે શાસક, કમાન્ડર, ક઼ાઝીયુલ ક઼ુઝાત (મુખ્ય ન્યાયાધીશ), સંચાલક અને મોઅલ્લિમ (શીખવનાર) પણ હતા. આટલા ગૌરવશીલ મન્સબ પર સરફરાઝ હોવા છતાં મહેનતુ

પણ હતા. ઘરનું કામકાજ કરતા, ત્યાં સુધી કે પોતાના નાલૈન શરીફ (સ્લીપર)નું સમારકામ પણ પોતે કરી લેતા હતા. વધુમાં, આપ બેવાઓ, વૃદ્ધોના અને બીમારોના કામકાજ પણ કરી આપતા હતા. મોઅલ્લિમની હૈસિયતથી આપ علیہ الصلوٰۃ والسلام પોતાના તલબાને ઉલૂમે કુર્આન પઢાવતા અને કુર્આને હકીમના એહકામ અને તા'લીમાત પ્રમાણે જીવન પસાર કરવાનું શિખવતા અને તેમના અખ્લાક઼ની સુધારણા કરતા. એનાથી સાબિત થાય છે કે ઈસ્લામમાં મહેનતને અસાધારણ મહત્વ પ્રાપ્ત છે. અને મહેનત કરવું સુન્નત છે. તો જે લોકો મહેનતુ લોકોને નાના સમજે છે અને તુચ્છ દષ્ટિથી કમી તથા હારી વગેરે કહે છે અને મહેનત કરવામાં શરમ અનુભવે છે, તેઓ અલ્લાહ તઆલાના હુકમ અને સુન્નતનું ઉલ્લંઘન કરે છે. મહેનતમાં ગૌરવ છે, જયારે કે આળસમાં બેઈજ્જતી છે.

ઈતિહાસ સાક્ષી છે કે તે લોકો અને ક઼ોમોએ વિકાસ અને નેતૃત્વ પ્રાપ્ત કર્યું છે મહેનત કરવી જેમની આદત હતી. જ્ઞાન, કલા તથા વિજ્ઞાન અને ટેકનોલોજીમાં નિપૂણતા તેઓએ પ્રાપ્ત કરી છે જે શ્રમ અને પરિશ્રમ તથા કોશિશ તથા મહેનત કરવાવાળા હતા અને મહેનતને કામયાબીની ચાવી સમજતા હતા. સારાંશ એ કે મહેનત અને અઝમત (મહાનતા) અથવા કોશિશ તથા કમાલ એકબીજાનાં પર્યાય છે. આ વાત પણ યાદ રાખવા લાયક છે કે મહેનત સબ્રને માગે છે. દલીલ એ છે કે સબ્ર એટલે અડગતા તથા મજબૂતી. અને ધીરજ તથા અડગતા વગર ઈન્સાન મહેનતી અને શ્રમિક નથી બની શકતો. મહેનત અને સબ્રની માગ છે કે આગળ વધો ! આગળ વધો ! આગળ વધો ! કારણ કે મહેનતની પરંપરા તૂટી જાય તો પ્રગતિ તથા કમાલનો ક્રમ પણ તૂટી જાય છે. મહેનત, સતત ભૌતિક અને આધ્યાત્મિક ઉત્ક્રાંતિની પહેલી શરત છે. તેનું કારણ એ છે કે હરકતનો વિરોધાભાસી સ્થિરતા છે અને હરકત અને મહેનત અવિભાજય છે.

ઈતિહાસ બતાવે છે કે મુસલમાનો જ્યાં સુધી સક્રિય અને મહેનતુ રહ્યા અને કોશિશ તથા મહેનત કરતા રહ્યા તો તેઓ સતત વિકાસ કરતા રહ્યા, પરંતુ જ્યારે તેઓ પરિશ્રમી તથા સક્રિય રહ્યા ન મહેનતી, તો તેમના જીવનમાં સ્થિરતા પેદા થઈ ગઈ, તેમની ઉન્નતિનો સિલસિલો તૂટી ગયો અને પડતીનો સિલસિલો ચાલુ થઈ ગયો, જે અત્યાર સુધી ચાલુ છે. જીવનનો આ સિદ્ધાંત નજરો સમક્ષ રહેવો જોઈએ કે માનવ જીવનમાં સ્થિરતા નથી હોતી, તે ઉત્ક્રાંતિની હાલતમાં હોય છે અથવા પડતીની હાલતમાં. અને માનવ જીવનને વિકસિત રાખવા માટે લોકો અને ક઼ોમોનું સતત મહેનત તથા પરિશ્રમ અને દિમાગી પ્રયત્નો કરતા રહેવું અનિવાર્ય છે. મહેનતથી ભાગવું અને જીવનથી ફરાર થવું એક જ સિક્કાની બે બાજુઓ છે, એ જ કારણ છે કે ઈસ્લામ મહેનત માગે છે જેથી કે મુસલમાન હમેશાં ભૌતિક તથા આધ્યાત્મિક દરેક પ્રકારની પ્રગતિ કરતો રહે. એનાથી આ વાતનો ખુલાસો થઈ જાય છે કે પૈગંબરે આ'ઝમ ﷺ કે મહેનત અને પરિશ્રમ કરવું જેમની આદત હતી, અલ્લાહ તઆલાએ આપ علیہ الصلوٰۃ والسلامને સતત મહેનત કરતા રહેવાની સૂચના આપી છે. મહેનત કરવી જો પયગંબરી સુન્નત છે અને યક઼ીનન ! છે કે એના માટે કુર્આન મજીદ ગવાહ છે. તો પછી જે લોકો મહેનત કર્યા વિના જિંદગી પસાર કરે છે તેઓ નબી અકરમ علیہ الصلوٰۃ والسلامની સુન્નતે મુબારકાથી ભાગી રહ્યા છે ! એટલા માટે આપણે જોઈએ કે કુર્આની તા'લીમાત તથા નબી ﷺના જીવનના ઉત્તમ નમૂનાથી બોધ લઈને મહેનત તથા કોશિશ અને સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ કે એ જ કામયાબીનું તથા પ્રગતિનું રાઝ છે.

*–(માહનામા નૂરુલ હબીબ, બસીરપુર શરીફ, પાક. જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૩૮)*

# હાફિઝે મિલ્લતનો رحمۃ اللہ علیہ

## સંક્ષિપ્ત પરિચય

**રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

અખંડ ભારત પૃથ્વીના પટ પરનો તે સમૃધ્ધ વિસ્તાર છે જેની ગોદમાં પેદા થનાર મહાન વિદ્વાનોના વિચારો તથા ચિંતનોએ ભાગી પડેલી ઈન્સાનિયતને એક એવું જીવન પ્રદાન કર્યું, જે પોતાની ઉમદા આગેવાની અને ઉચ્ચ (Universal) સોચથી લોકોની માનસિક્તાને જીવન તથા ઈમાની કુવ્વતને તાજગી બખ્શતા રહ્યા. એ મહાન વિદ્વાનોમાં હુઝૂર હાફિઝે મિલ્લત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી એટલે કે હઝરત સદરૂશ્શરીઆ મૌલાના મુહમ્મદ અમજદ અલી આ'ઝમી علیہ الرحمۃ و الرضوان ના ચહીતા શાગિર્દનું નામ મુબારક સુવર્ણ શબ્દોમાં લખવાને પાત્ર છે. નિમ્ન લખાણમાં એ જ અઝીમુલ મર્તબત અને ફૈઝાન બખ્શ શખ્સિયતનું ઝિક્રે જમીલ છે.

**વિલાદત (જન્મ)** : આપની વિલાદત હિ.સ. ૧૩૧૪માં મુરાદાબાદ જિલ્લાના એક ગામ ભોજપૂરમાં સોમવારે સવારના સમયે એક દીનદાર પરિવારમાં થઈ. આપના વાલિદે માજિદ હાફિઝ ગુલામ નૂર ઈબ્ને મુલ્લા અબ્દુર્રહીમ قدس سرہ એક બાખુદા દુરવેશ, સુન્નતો પર અમલ કરનાર અને રોઝા નમાઝના સખ્ત પાબંદ હતા.

**તા'લીમ તથા તર્બિયત** : પ્રાથમિક તા'લીમ વાલિદે માજિદ સાહબથી અને વતને અઝીઝ ભોજપૂરની એક સ્કૂલમાં પ્રાપ્ત કરી અને કુર્આને પાકનું હિફ્ઝ પણ વાલિદે માજિદની દેખરેખમાં સંપૂર્ણ કર્યું. ફારસી અને અરબીની પ્રાથમિક તા'લીમ જનાબ અબ્દુલ મજીદ સાહબ ભોજપૂરીથી પ્રાપ્ત કર્યા પછી જામિઆ નઈમિયા મુરાદાબાદમાં દાખલ થઈ ગયા. ત્યાં ત્રણ વરસ રોકાયા. આ ત્રણ વરસના અરસામાં શર્હે જામી અને કુત્બી સુધી પહોંચી શક્યા. ઈલ્મની પ્યાસ અધિક થઈ ચૂકી હતી. અને અહિયાં ઈલ્મના ઝરણાથી સંતોષકારક રીતે તૃપ્તતા ન થતી હતી. દીન તથા દાનિશની તલાશમય દષ્ટિ કોઈ અન્ય હેતાળ ઉસ્તાદની તલાશમાં લાગેલી હતી. સંજોગોવસાત આપની નિગાહ હઝરત સદ્રૂશ્શરીઆ મૌલાના શાહ મુફતી મુહમ્મદ અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ (લેખક : બહારે શરીઅત તથા ફતાવા અમજદિયા) પર કેન્દ્રિત થઈ ગઈ અને આપ પોતાના સહાધ્યાયીઓ સાથે શવ્વાલ હિ.સ. ૧૩૪૨માં મદ્રસા મુઈનિયા અજમેર શરીફ હુઝૂર સદ્રૂશ્શરીઅહની બારગાહમાં હાજર થયા. આપના સાથીઓ મૌલાના ગુલામ જીલાની મેરઠી, મૌલાના કાઝી શમ્સુદીન જોનપૂરી, મૌલાના કારી અસદુલ હક્ક અને હાફિઝ ઝમીર હુસૈન સાહબો હતા. પ્રવેશની અનુમતિ મળી ગઈ. અને કિતાબો અન્ય મુદર્રિસો પાસે વિભાજીત થઈ અને ઉસૂલુશ શાશી હઝરત સદરૂશ્શરીઆની બારગાહમાં પાર્ટ ટાઈમ પઢયા કરતા. આ ક્રમ અંતિમ દોર સુધી ચાલતો રહ્યો. અત્યંત લગન અને પરિશ્રમની સાથે તા'લીમ પ્રાપ્ત કરવામાં વ્યસ્ત થઈ ગયા અને દર્સે નિઝામિયાના સર્વ ફન સંપૂર્ણ રીતે પ્રાપ્ત કર્યા.

મૌલાના ફઝ્લે હક્ક રામપૂરીએ ઈમ્તેહાન લીધુ અને ઈમ્તેહાનથી બહારના પણ પ્રશ્નો પૂછયા. હઝરતે સર્વ પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપ્યા. તો પરિક્ષકે કિતાબ બંધ કરતાં ફર્માવ્યું, કે હવે અમે એમની કોઈ કિતાબનું ઈમ્તેહાન નહીં લઈએ. તેમની કાબેલિયત કમાલના દરજા સુધી પહોંચેલી છે.

–*(હાફિઝે મિલ્લત વિશેષાંક, ફયઝાને હાફિઝે મિલ્લત)*

હદીષ શરીફની પરિપૂર્ણતા અજમેર શરીફ સદ્રૂશ્શરીઆની બારગાહમાં જ કરી. પરંતુ દસ્તારબંદીની રસ્મ અદા ન થઈ શકી. હિ.સ. ૧૩૫૧માં મન્ઝરે ઈસ્લામ બરેલી શરીફથી ફરાગતની સનદ પ્રાપ્ત કરી.

**ખિદમતનો પ્રારંભ** : શાબાન હિ.સ. ૧૩૫૨માં હઝરત સદ્રૂશ્શરીઆએ આપને બરેલી શરીફ બોલાવ્યા અને ફર્માવ્યું, "હું હમેશાં બહાર રહ્યો જેના કારણે મારો જિલ્લો (આઝમગઢ) ખરાબ થઈ ગયો, જેથી ખિદમતે દીન માટે હું આપને મુબારકપૂર મદ્રસા અશ્રફિયા મિસ્બાહુલ ઉલૂમમાં દર્સો તદરીસ અર્થે મોકલી રહ્યો છું, જાવ અને કામ કરો." આપે અરજ કરી, "હઝરત ! હું નોકરી નહીં કરૂં." તેના પર હુઝૂર સદ્રૂશ્શરીઆએ ફર્માવ્યું, "મેં નોકરી માટે ક્યારે કહ્યું છે ? હું તો આપને ખિદમતે દીન માટે મોકલી રહ્યો છું, એ ન જોતા કે શું મળી રહ્યું છે ?"

ઉસ્તાદના ઈશારા પર આજ્ઞાંકિત શાગિર્દે આજ્ઞાપાલન કર્યું. ઈતિહાસ સાક્ષી છે કે આપ મુબારકપૂર ૩૫ રૂપિયા પગારમાં તશરીફ લઈ ગયા જ્યારે કે આગ્રાથી ૧૦૦ અને કલ્કત્તાથી પાંચસો રૂપિયાની પેશકશ હતી. *(ફયઝાને હાફિઝે મિલ્લત–૨૮)*

૨૯ શવ્વાલ હિ.સ. ૧૩૫૨, ૧૪ જાન્યુઆરી ઈ.સ. ૧૯૩૪માં આપ સદર મુદર્રિસ રૂપે મદ્રસા અશ્રફિયા મિસ્બાહુલ ઉલૂમમાં તશરીફ લાવ્યા. તાલીમનો ગ્રેડ ફારસી, નહ્વમીર, પંજગંજ સુધી હતો અને મદ્રસાનું બજેટ ૨૪૫૭ રૂપિયા, ૧૪ આના, ૯ પાઈ હતું.

**અશ્રફિયાની ચળવળ** : જોત જોતામાં મદ્રસાની સુની પડેલી ઈમારતમાં ક઼ાલલ્લાહુ વ ક઼ાલર્રસૂલની પોકાર ગુંજવા લાગી. ઈલ્મી શોખવાળા તલબા દૂર દૂરથી મુબારકપૂર આવવા લાગ્યા. થોડાક જ દિવસોમાં હિંદુસ્તાન અને બહારના તલ્બા સમેટાઈને હાફિઝે મિલ્લત عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُના દર્સમાં સામેલ થવા લાગ્યા.

૧૧ મહીના પછી શવ્વાલ હિ.સ. ૧૩૫૩ ઈ.સ. ૧૯૩૫માં હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہની ચળવળથી દારૂલ ઉલૂમ અશ્રફિયા મિસ્બાહુલ ઉલૂમની બુનિયાદ રાખવામાં આવી. સંગે બુન્યાદ હઝરત સૈયદ શાહ અલી હુસૈન સાહબ અશરફી મિયાં (અશફીયુલ જીલાની, કિછોછા શરીફ) અને હઝરત સદરૂશ્શરીઆ મૌલાના અમજદ અલી આ'ઝમી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُના મુબારક હાથો વડે થઈ, અને જ્યારે આ દારૂલ ઉલૂમની ઈમારત પણ પોતાની તંગદામનીની શિકાયત કરવા લાગી તો મુબારકપૂરથી બહાર એક વિશાળ જમીન આ ઈલ્મો અદબની દાનિશગાહ માટે ખરીદવામાં આવી અને ઈ.સ. ૧૯૭૨, રબીઉલ અવ્વલ હિ.સ. ૧૩૯૨માં અલ્જામિઅતુલ અશ્રફિયાનો જશ્ને સંગે બુન્યાદ મનાવવામાં આવ્યો અને કામ તેજીની સાથે શરૂ થઈ ગયું. હજુ વરસભરનો ગાળો પસાર થયો હશે કે તા'લીમ પણ તે નવી ઈમારતમાં થવા લાગી. હઝરતની રૂહ હમેશાં એ માટે બેકરાર રહેતી કે પ્રચાર અને તબ્લીગનું પ્રબંધન દેશ કક્ષાનું હોવાના બદલે વિશ્વ સ્તરનું હોય જેથી દુનિયાભરમાં ફેલાએલી ગુમરાહીઓ અને નિતનવા ઉદ્ભવતા અધર્મી વિચારો અને માન્યતાઓને બ્રેક લગાડી શકાય. અને એક એવો ઈદારો સ્થાપવામાં આવે જે દરેક રીતે સંપૂર્ણ હોય અને ઈસ્લામી તક઼ાઝાઓ પૂરા કરી શકે.

એકવાર ફર્માવ્યું કે મારી તમન્ના અને ખ્વાહિશ છે કે અહિયાં ઈસ્લામી ઉલૂમ અને પ્રચલિત વિદ્યાઓની તા'લીમ તો થશે જ, પરંતુ અહિયાંના ફારિગ ઉલમા, ફાઝિલો અરબી ભાષા તથા સાહિત્ય ઉપરાંત અંગ્રેજી ભાષા અને સાહિત્યમાં એટલા ઉચ્ચ પદવાળા થઈ જાય અથવા એટલી ઉત્તમ ક઼ાબેલિયતના માલિક થઈ જાય કે દુનિયાના ખૂણેખૂણામાં દઅ્વતો તબ્લીગ અને ઈલ્મને ફેલાવવાની જવાબદારીને પૂરી કરવામાં કોઈ કઠણાઈ ન અનુભવે.

*–(હાફિઝે મિલ્લત અફકાર ઔર કારનામે–૩૬)*

**કિતાબ લેખન :** જેવી રીતે આપે તઅમીરી કામોમાં એક મહત્વનો દરજ્જો મેળવ્યો તેવી જ રીતે લેખન દ્વારા દીનની ખિદમત પણ આપની નજરો સમક્ષ હતી. કેટલીય વાર ફર્માવતા, ''મારી કલમ શરૂમાં ઘણી જ ઝડપી હતી, પરંતુ તદરીસી વ્યસ્તતાએ મને લેખનકાર્ય માટે ફુરસદ જ ન આપી.''

આ વ્યસ્તતાઓ છતાં જે લેખિત ખિદમતો આપે અંજામ આપી તે નીચે પ્રમાણે છે :

(૧) મઆરિફે હદીષ (૨) ઈર્શાદુલ કુર્આન (૩) અલ્ ઈર્શાદ (૪) અન્બાઉલ ગૈબ (૫) અલ્મિસ્બાહુલ જદીદ (૬) ફિરકએ નાજિયા (૭) ફતાવા અઝીઝિયા (અપ્રકાશિત) (૮) હાશિયા શર્હે મિર્કાત (લેખક : અલ્લામા અબ્દુલ હક્ક ખૈરાબાદી, અસંપૂર્ણ, અપ્રકાશિત) એ સિવાય અશરફિયા માસિક અને સુન્ની દારૂલ ઈશાઅતની સ્થાપના આપની પ્રકાશન સેવાઓની સ્પષ્ટ દલીલ છે. અશ્રફિયા મંથલી અત્યાર સુધી પાબંદીની સાથે ચાલુ છે. અને દારૂલ ઈશાઅતથી ફતાવા રઝવિય્યહ (ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)ના પાંચ ભાગ પ્રકાશિત થઈને શોખવાળાઓના અભ્યાસ હેઠળ છે.

આપના શાગિર્દોનો સિલસિલો એટલો વિશાળ છે કે હિંદુસ્તાન અને હિંદુસ્તાનની બહારના ઈલ્મી કેન્દ્રોમાં જેટલા પ્રમાણે આપના શાગિર્દો ખિદમત આપી રહ્યા છે અન્યોના ઘણા ઓછા છે બલ્કે એમ કહેવામાં આવે તો પણ ખોટુ નહીં કહેવાય કે આપની જાતથી ઈસ્લામી કેન્દ્રો આબાદ છે.

**વતન પ્રેમની ભાવના :** ભારત–પાક વિભાજનના સમયમાં સ્થળાંતરની આગ જોર પર હતી. અને મુસલમાન પોતાના જ વતનમાં પોતાને અસુરક્ષિત અનુભવી રહ્યા હતા. અને સમજી બેઠા હતા કે હવે તેઓ પાકિસ્તાનમાં જ બાઈઝ્ઝત અને શાંતિમય જીવન ગુજારી શકે છે. આ ભયાનક માહોલમાં અલ્જામિઅતુલ અશ્રફિયાના બાની હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ રાજનૈતિક સ્ટેજોથી નહીં બલ્કે ધાર્મિક જલ્સાઓમાં તકરીરો કરી અને કુર્આનો હદીષની રોશનીમાં સમજાવીને તેમના ડગમગતા પગોને સ્થિરતા આપી, અને તેમને એ વાતનું યકીન અપાવ્યું કે હિંદુસ્તાનની માટીથી તેઓ જનમ્યા છે અને આ જ તેમનુ વતન છે, અને અહિયાં જ તેમને દફન થવા માટે જમીન પણ મળશે.

તકરીર અને બયાનથી અધિક આ નાઝુક ઘડીમાં હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ ''ઈર્શાદુલ કુર્આન''ના લેખન દ્વારા મુસલમાનોને સીધા માર્ગ પર લાવી ઉભા રાખ્યા. અને તેમને કુર્આનની તાલીમાત પર અમલ કરવા પ્રેરિત કર્યા. આપે મુસલમાનોને સ્પષ્ટ રીતે સમજાવ્યું કે જ્યારે એશ આરામના સમયમાં હિંદુસ્તાનને પોતાનું વતન સમજતા રહ્યા તો હવે તકલીફની ઘડીઓમાં પણ આ જ ધરતીને પોતાનું વતન સમજવુ પડશે. આપે અલ્લાહ તઆલાના હુકમોની રોશનીમાં મુસલમાનોના દિલોથી ડર અને ભયને ખત્મ કર્યો. અને અલ્લાહની રહમતોની ઉમ્મીદ અપાવી, તેમનામાં આત્મવિશ્વાસ અને બુલંદ હોસલાનો જઝબો ઉત્પન્ન કર્યો. એક જગ્યાએ ફર્માવે છે : ''મુસલમાનો જ્યાં સુધી તમે તમારા વતનમાં પોતાના રબની ઈબાદત કરવામાં આઝાદ છો તમારો હેતુ તમને મળી ગયો છે. આવી સ્થિતિમાં હરગિઝ ક્યાંય જવાની જરૂરત નથી. અને ખુદા નખ્વાસ્તા તમને પોતાના રબની ઈબાદતથી રોકી દેવામાં આવે અને આ મકસદને પામવાથી મજબૂર કરી દેવામાં આવે તો આવી પરિસ્થિતિમાં ઈતાઅતની શર્તે વતન છોડવું જરૂરી છે અને કેવળ યાદે ઈલાહી માટે જરૂરી છે. આમાં કોઈ દેશ અને જમીનના કોઈ પ્રાંતની વિશિષ્ટતા નથી, જ્યાં પણ અમનની સાથે પોતાના રબની યાદ કરી શકો ત્યાં જઈ પોતાના રબની ઈબાદત કરો, ભલે જંગલ અને પહાડ જ કેમ ન હોય. *(ઈર્શાદુલ કુર્આન, ૨૧–૨૨)*

આ મર્દે દુર્વેશે મુબારકપૂર અને દેશની વિશાળતામાં ફેલાએલ પોતાના વર્તુળમાં તે જ કારનામાં અંજામ આપ્યાં હતાં જે પોલિટિકલ લીડરો, કૌમી અને મિલ્લી આગેવાનોએ અંજામ આપ્યાં. હુઝૂર હાફિઝે મિલ્લત

رحمۃ اللہ علیہની કૌમી, મિલ્લી અને મુલ્કી ખિદમતો આજે પણ એવી જ ચમકી રહી છે જેવી તે જમાનામાં હતી. આપનો વતનપ્રેમ આજે પણ હિંદુસ્તાની મુસલમાનો માટે દીવાદાંડી સમાન છે.

હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ જે રીતે શરીઅત અને તરીકતના ઈલ્મો હુઝૂર સદરૂશ્શરીઆ મૌલાના શાહ અમજદ આ'ઝમી رحمۃ اللہ علیہની ગુલામીથી પ્રાપ્ત કર્યા એ જ રીતે હુઝૂર સદરૂશ્શરીઆ رحمۃ اللہ علیہની ગુલામીએ આપને રાજનૈતિક સુઝબુઝ પણ બખ્શી. ઈ.સ. ૧૯૪૭માં દેશ છોડોના આંદોલનમાં હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ એ જ મંતવ્ય અપનાવ્યું જેની આપના ઉસ્તાદે ગિરામીએ તાલીમ આપી. આ જ ભયાનક વાતાવરણમાં એક વાર આપનું મુબારકપૂર આગમન થયું. અને મહોલ્લા પૂરા સૂફીમાં રઈસે મુબારકપૂર શૈખ મુહમ્મદ અમીન સાહબના દરવાજા સામે મુબારકપૂરના મુસલમાનો સમક્ષ દેશ છોડવા વિરૂધ્ધ એક જબરદસ્ત તક્રીર ફર્માવી અને કહ્યું :

"આપણે આ જ દેશમાં રહેવાનું છે અને એ નિશ્ચય અને ઈરાદા સાથે કે આપણી ઈસ્લામી નિશાનીઓના સર્વ પાસાંઓ પહેલાંની જેમ યથાવત રહેશે અને ભવિષ્યમાં દીને હનીફ અને તેના કોઈ પણ અરકાન પર હુમ્લાનો આપણે અહિયાં રહીને જ સામનો કરવાનો છે. હિંદુસ્તાન આપણુ વતન છે, તેમાં થતા દરેક અત્યાચારને આપણે ખુદ પોતાની કમજોરી સમજવી પડશે. વતનનો સાચો શૈદાઈ તે છે જે દેશમાં થતા દરેક ખોટા પગલાને પોતાની ભૂલ સમજીને ઈસ્લાહની કોશિશ કરે જેથી અન્ય દેશોની નજરમાં આપણા દેશ અને વતનની ઈજ્જત પાયમાલ ન થાય. કૌમ અને મિલ્લતની ઈસ્લાહ માટે જરૂરી છે કે માહોલને સમજનાર ઈસ્લાહ કરનાર તથા મુફક્કિર વધુથી વધુ પેદા કરવામાં આવે જેથી દેશ અને વતન તથા કૌમ અને મિલ્લતની સાચી ખિદમત અને સમાજની સુધારણાનો ફર્ઝ સંપૂર્ણપણે અદા થઈ શકે."

તે જ મોકા પર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ "ઈર્શાદુલ કુર્આન" નામની એક પુસ્તિકાના થકી અડગતા મજબૂતી તથા સબ્ર તેમજ સંયમના નિયમો સ્પષ્ટ કર્યા. તે સમયે આ પુસ્તિકાએ એટલો મહત્વનો રોલ અદા કર્યો જે સેંકડો તક્રીરો અને વાઅઝ તથા નસીહતથી પણ થવુ શક્ય ન હતું. આ સર્વ હિકમતોએ મુબારકપૂરના મુસલમાનોના વેરવિખેર ખયાલોને એક સ્થાને એકત્ર કરી આપ્યા, દિમાગી વસવસાઓને રોકી દીધા અને એ જ દિમાગો પોતાના વતનના ઘડતરમાં નવેસરથી લાગી ગયાં. *(અશ્રફિયાકા માઝી ઔર હાલ, પેજ–૨૧૨૨)*

**વિસાલ મુબારક :** પહેલી જમાદિલ આખર, હિ.સ. ૧૩૯૬, ૩૧ મે ઈ.સ. ૧૯૭૬ સોમવારના રોજ સાંજના ૪ વાગ્યા સુધી બુખારી શરીફ સંબંધિત રહસ્યો બયાન ફર્માવ્યાં. દર્સ દરમિયાન ફર્માવ્યું, આજે સોમવારનો દિવસ છે આજના દિવસે જ સરવરે કાએનાત صلی اللہ علیہ وسلم દુનિયામાં તશરીફ લાવ્યા અને સોમવારના દિવસે જ દુનિયાથી તશરીફ લઈ ગયા. *(માહનામા અશ્રફિયા, જુલાઈ ઈ.સ. ૧૯૭૬, પેજ–૨૫)*

મેનો મહીનો પસાર થઈ જૂન શરૂ થવાનો જ હતો કે ૩૧ મે ઈ.સ. ૧૯૭૬ રાત્રીના ૧૧:૫૦ વાગ્યે ઈલ્મો ફનનું આકાશ આપણાથી રૂખ્સત થઈ ગયું. اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ

*કયા ખબર થી મૌતકા યે હાદષા હો જાએગા*
*ઈસ ઝમીંકી પસ્તીયોંમેં આસ્માં સો જાએગા*

૩ જમાદિલ આખર હિ.સ. ૧૩૯૬, ૨ જૂન ઈ.સ. ૧૯૭૬ બુધવારના રોજ ૮:૩૦ વાગ્યે દિવસે અલ્જામિઅતુલ અશ્રફિયાના વિશાળ મેદાનમાં નમાઝે જનાઝા અદા કરવામાં આવી. ઈમામતના ફરાઈઝ આપના સાહબઝાદા મૌલાના અબ્દુલ હફીઝ સાહબે અદા કર્યા. અખ્બારી રિપોર્ટરોના મુજબ ૨ લાખ લોકોએ નમાઝે જનાઝા અદા કરી. આપની અંતિમ આરામગાહ અલ્જામિઅતુલ અશ્રફિયાના સેહનમાં જૂના હોસ્ટેલની પશ્ચિમ બાજુ છે.

*–(મલ્ફૂઝાતે હાફિઝે મિલ્લતમાંથી સાભાર)*

## હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા અબ્દુલઅઝીઝ رحمۃ اللہ علیہ નાં કેટલાંક સોનેરી કથનો

કાર્યાલય

- **સદરુશ્શરીઅહ** رحمۃ اللہ علیہ **:** કામયાબ શખ્સોની પયરવી કરવાથી માણસ કામયાબ થાય છે. મેં હઝરત સદરુશ્શરીઅહ અલ્લામા અમજદ અલી رحمۃ اللہ علیہની પયરવી કરી તો કામયાબ થયો. મેં એમને સૌથી વિશેષ કામયાબ મુદર્રિસ પામ્યા તો એમના તરીક઼ાને અપનાવ્યો. તે આ'લા હઝરત رضی اللہ عنہના સાચા જાનશીન તથા ફરઝંદ હતા. જો કે આપ હક઼ીક઼ી ફરઝંદ ન હતા પણ તેમના સાચા જાનશીન તથા વારસ આપ જ હતા.
- **કુર્આન પઢવાનો શોખ :** એકવાર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ ક્યાંકથી આવી રહ્યા હતા. મુબારકપુરની પોસ્ટ ઓફીસેથી પસાર થતાં જોયું કે લોકો ભીડ લગાડીને આતુરતાભેર ઉભા છે. તેમને જોઈને હઝરતે ઈર્શાદ ફર્માવ્યો, "આ લોકોને પોતાના પત્રો તથા પોતાના મિત્રોના પૈગામ પઢવાનો જેટલો શોખ (ઉત્સાહ) છે, કાશ ! એટલો જ ઉત્સાહ તથા શોખ કુર્આન પઢવામાં થઈ જાત !" *(બરિવાયતે હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા ક઼ાદરી)*
- **બીડી સિગરેટ :** હઝરત હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ સિગરેટ, હુક્કા, તંબાકુ વગેરેથી હમેશાં પરહેઝ કરતા રહ્યા. જો કોઈ તાલિબે ઈલ્મના બારામાં જાણ થતી કે સિગરેટ વગેરે પીએ છે તો ફર્માવતા :–

"લોકો પૈસામાં આગ લગાડે છે અને તેના ધૂમાડાથી આનંદ માણે છે. મિયાં ! મા બાપ પૈસા એટલા માટે નથી આપતાં કે ફુઝૂલ કામોમાં ખર્ચ કરવામાં આવે."

- **નમાઝ તથા ક઼િબ્લો :** નમાઝ હુઝૂરે ક઼લ્બ (હાજર દિલ) સાથે પઢવામાં આવે. નમાઝના સમયે શરીરનાં અંગોનો ક઼િબ્લો કા'બા મોઅઝ્ઝમા હોય છે. જો શરીરનાં અંગો એના તરફ ન હોય તો નમાઝ જ દુરુસ્ત નથી થતી. એ જ પ્રમાણે દિલનો કા'બા ઝાતે ખુદાવંદે કુદુસ છે, જો દિલ પોતાના ક઼િબ્લાથી ફરી જાય તો એ નમાઝ કેવી રીતે દુરુસ્ત થશે ?!
- **નફસનો વિરોધ :** 'મુખાલફતે નફસ' તમામ ઈબાદતોનો શ્રોત છે, કેમ કે નફસના વિરોધ વિના પ્રથમ તો માણસ ઈબાદતના માટે તૈયાર નથી થતો, અને જો તૈયાર થઈ પણ ગયો તો એમાં ઈખ્લાસ તથા ખુશૂઅ પેદા નથી થતો.
- **દીનની સલામતી :** શરીરની સલામતી ઓછા ખોરાકમાં છે અને રૂહની સલામતી ગુનાહના ત્યજવામાં છે અને દીનની સલામતી હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم પર દુરૂદ મોકલવામાં છે.
- **અયબજોઈ :** જો તમારો અયબ કોઈ જાહેર કરે તો જુઓ કે એ અયબ તમારામાં જોવા મળે છે કે નહીં. જો જોવા મળે છે તો તેને દૂર કરો, અને અયબ જાહેર કરનારને કહો કે, તમે મારા પર કૃપા કરી કે મારો અયબ મને બતાવી આપ્યો. અને જો એ અયબ તમારામાં નથી તો ખુદાવંદે કરીમથી દુઆ કરો કે તે અયબ જાહેર કરનારાને અયબજોઈ (લોકોની ખામીઓ કાઢવાથી) બચાવે અને મને બદકલામીથી મેહફૂઝ રાખે.

એટલે કે એવું ન બને કે એના જવાબમાં બદકલામીથી વર્તવામાં આવે, અથવા એની સાથે ઝઘડો કરવામાં આવે. બલ્કે મામલો સબ્ર તથા એ અયબજોઈ કરનારના હક્ક઼માં દુઆ પર મૌક઼ૂફ રાખવો જોઈએ. અને આ કામ ખૂબ જ સંયમવાળાનું છે, નહીં તો આવા પ્રસંગે મોટા મોટા લોકો સબ્રનો દામન છોડી બેસે છે.

❑

બ ુ ઝ ુ ગ ો ં ન ી ` હ િ ફ લ ન ા ા દ ા બ ' બ ુ ઝ ુ ગ ો ં

મ અ : '

ન ી ્ હ િ ફ લ થ ી ઠ વ ુ: દ બ ન ી વ રૂ દ ધ ્ . ' ' ્ ટ લ ્ ્ ઝ ુ

મ ઉ અ િ છ અ ક બ

## ★ શાદી મુબારક ★

**જોલવા :** ખાતે સૈયદ અસ્ગરહુસૈન કાદરીની નેક દુખ્તર સૈયદા મેહઝબીનબાનુના નિકાહ સૈયદ હાજી મજલેશાબાબા (સલાદરા)ના નેક ફરઝંદ સૈયદ અલ્તાફ હુસૈન સાથે તા. ૧૬–૧–૨૦૧૭ના રોજ થયા. આ મુબારક પ્રસંગ નિમિત્તે મેહફિલે નઅતનો પ્રોગ્રામ તા. ૧૫–૧–૨૦૧૭ના રોજ થયો જેમાં કારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ કિરાઅત, નઅતો મન્કૃબત પેશ કરી હતી.

**બોડેલી :** ખાતે હાજી અબ્દુલમજીદ હાજી સુલેમાનજીના સુપુત્ર હાજી ફઝલુલ હક્કની નેક દુખ્તર હુમૈરાબાનુના નિકાહ તાંદલજા વડોદરાના રહીશ ખત્રી ઝફર હાજી અહમદજીના નેક ફરઝંદ અર્શદ સાથે તા. ૧૪–૨–૨૦૧૭ મંગળવારે, ૧૬–જમા.અવ્વલ, હિ. ૧૪૩૮ના રોજ બોડેલી જુમ્મા મસ્જિદમાં થયા. નિકાહ પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ કમરૂદ્દીનબાવા કારંટવી સાહબે પઢાવ્યા. હઝરત સૈયદ સુબ્હાનીબાવા રાજપીપળાવાળા તેમજ હઝરત સાબિર બાપુ ટુંડાવવાળા તથા અન્ય સાદાતે કિરામ, ઉલમા, અઈમ્મા તથા સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો મૌલાના ઝહીર મિસ્બાહી (જંબુસર) હાફિઝ અ. રહીમ બરકાતી તથા તંત્રી બરકાતે ખ્વાજા માસિક પટેલ શબ્બીર અલી રઝવી, ઈબ્રાહીમભાઈ ખત્રી, મુશ્તાક ભાઈ મુન્શી વાગરાવાળા તથા સાથીઓએ ખાસ હાજરી આપી હતી. તેમજ આ મુબારક અવસર નિમિત્તે તા. ૧૨–૨–૨૦૧૭ના રોજ ઈશા બાદ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ મૌલાના ઝહીર મિસ્બાહી (જંબુસર)એ શાનદાર બયાન શાદીને અનુલક્ષીને કર્યું હતું.

**બોડેલી :** ખાતે ખત્રી હાજી અબ્દુસ્સત્તાર જુસબજી (લસોટ)ના ભાઈ ખત્રી મુહમ્મદ હનીફના નેક ફરઝંદ અબૂબકના નિકાહ ડભોઈ નિવાસી ખત્રી હાજી મુહમ્મદ ઝકરિયા સુલ્તાનભાઈ (લાલાવાળા)ની નેક દુખ્તર નસીમબાનુ સાથે તા. ૫–૨–૨૦૧૭ના રોજ રાખવામાં આવ્યા. શાદી નિમિત્તે ૩–૨–૨૦૧૭ ઈશા બાદ મેહફિલ નઅતમાં જનાબ કારી રિયાઝુદ્દીન અશરફી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામીએ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા.

ઉપરોક્ત તમામ દુલ્હા દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારક બાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનની નેઅમતોથી નવાઝે આમીન. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

૧. **સુન્ની શેખ યુવતી** : સુન્નિયતની પાબંદ, બાનુઓના જલસામાં તકરીર નઅત શરીફ પઢે, મેટ્રીક, ઉર્દૂ, હિંદી, ગુજરાતી, જરૂર પૂરતું અંગ્રેજી, ઉંમર : ૩૪ વર્ષ, ઊંચાઈ : ૫'.૧'', પંદર દિવસમાં તલાક, શરાબીને કારણે. યુવક જોઈએ છે : સરકારી નોકરી, અગર વેપારમાં પગભર, નેક સુન્ની, ઉમર : ૩૦ થી ૩૮ વરસના. સંપર્ક નં. Mob. : 9409687691, 9427464411 (અમદાવાદ તરફના)

૨. **સુન્ની યુવતી** : ખૂબસૂરત, દેખાવડી યુવતી, ઉંમર : ૨૫ વર્ષ, ઊંચાઈ : ૫'.૫'' એજ્યુકેશન : M.B.B.S., ડોકટર યુવતી માટે સુન્ની મુસ્લિમ ડોકટર છોકરાઓના વાલીઓએ સંપર્ક કરવો. સંપર્ક નં. Mob. : 9510811234, 8306270992 (ભરૂચ તરફના)

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

## ★ જશ્ને ઈફતેતાહે મસ્જિદ વ જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ★

**ભરૂચ :** ખાતે મનુબર ચોકડી પાસે, રહમત પાર્કમાં "મસ્જિદે ગુલશને ગરીબ નવાઝ"નો ઈફતેતાહ તા. ૪–૨–૨૦૧૭ શનિવારે સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામની મૌજૂદગી કરવામાં આવ્યો. મગરિબની નમાઝ ફાઝિલે બગદાદ હઝરત અલ્લામા મૌલાના સૈયદ હસન અસ્કરી મિયાં અશરફી જીલાની કછોછવીએ પઢાવી હતી. રાત્રે ઈશા બાદ તક્રીરી જલસો યોજાયો જેમાં હઝરત સૈયદ નૂરાની મિયાં અશરફી જીલાની કછોછવી સાહબે તેમજ હઝરત અલ્લામા મૌલાના સૈયદ હસન અસ્કરી મિયાં સાહબે ઈમાન અફરોઝ બયાનો કર્યા હતાં. હજારોની સંખ્યામાં અહલે સુન્નવ અવામ તથા અક઼ીતમંદોએ હાજરી આપી હતી.

## ★ સાધલીમાં કામયાબ સુન્ની ઈજતેમા યોજાયો ★

તા. ૧–૨–૨૦૧૭ બુધવારના રોજ રાત્રે ઈશાની નમાઝ બાદ સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા સાધલી (જિ. વડોદરા) મસ્જિદ પાસે યોજાયો જેમાં હઝરત સૈયદ સુબ્હાની બાપુ રાજપીપળાવાળા તેમજ અન્ય ઘણા સાદાતે કિરામ, ઉલમાએ એઝામ તેમજ આસપાસના ગામોના અઈમ્મા હુફ્ફાઝ તથા અહલે સુન્નત અવામે બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. નિઝામત હઝરત મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેવાળા (ઈમામ પીર છત્તર મસ્જિદ, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ શહેર)એ સંભાળી હતી. બુલબુલે બાગે મદીના ક઼ારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ અનોખા અંદાઝમાં કિ઼રાઅતથી શરૂઆત કરી નઅતો મન્ક઼બતના ગુલદસ્તા પેશ કરી આશિક઼ાને મુસ્તફાને ફયઝયાબ કર્યા હતા. ત્યારબાદ હઝરત મૌલાના સૈયદ ઝાકિરઅલી બાપુ ટુંડાવવાળા સાહબે દિલચસ્પ ટૂંકુ બયાન કર્યું હતું. ત્યાર બાદ ઔલાદે ગૌષે આઝમ, ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીન અલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ "ઈસ્લામી અહકામ ઔર આજકા નવજવાન" વિષયે દિલોને ઝંઝોળતુ ઈન્કિ઼લાબી બયાન કર્યું હતું. છેવટમાં દાઈએ કબીર, અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે "દોસ્તી કિસસે કરેં ?" આ વિષયે કુર્આન હદીષની રોશનીમાં ખૂબ જ નસીહત આમેઝ બયાન કર્યું હતું. છેવટમાં સલાતો સલામ દુઆ પર ઈજતેમા સંપન્ન થયો હતો. પેશ ઈમામ મૌલાના ઐયૂબ સાહબ તથા હાફિઝ ઈમરાન સાહબ તેમજ પાલેજના મુબલ્લિગો ઈમરાન નૂરી તથા યૂસુફ નૂરીએ મસ્જિદ કમિટી સાધલીના પ્રમુખ તથા સભ્યોના તથા ગામના યુવાનોના સહકારથી ઈજતેમાના પ્રચારમાં તથા ઈજતેમા કામયાબ કરવામાં ખૂબ મહેનત કરી હતી. અલ્લાહ કરીમ સર્વને જઝાએ ખૈર આપે અને દીનો સુન્નિયતના કામને આગળ વધારવાની તૌફીક઼ આપે (આમીન)

**માંડવી :** (જિ. સૂરત) ખાતે ઉર્સે ઝહીરુદ્દીન સરકાર رحمۃ اللہ علیہ હઝરત પીર સૈયદ ક઼મરૂદ્દીનબાવા સાહબની સરપરસ્તીમાં તા. ૨૬/૧/૨૦૧૭ બપોરે ૩.૦૦ વાગે સંદલ શરીફનું જુલૂસ અને બાદ નમાઝે મગરિબ ન્યાઝશરીફ આમ લંગર રાખવામાં આવ્યું હતું જેમાં સ્થાનિક તથા આસપાસના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**જંબુસર :** ખાતે જુમ્આ તા. ૧૦–૨–૨૦૧૭ના રોજ મસ્જિદે ગુલશને ગરીબ નવાઝ (ઈમ્તિયાઝ નગર)નો "જશ્ને ઈફતેતાહ" હઝરત સૈયદ શૌકતઅલી બાવા (ખલીફા નૂરાનીબાવા) જંબુસરવાળાની સરપરસ્તીમાં તેમજ હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ સાહબ (આમોદ)ની સદારતમાં મનાવાયો જેમાં નિઝામત હઝરત મૌલાના

અખ્તરહુસૈન અશરફી (નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ ફૈઝાને ઔલિયા–જંબુસર) સાહબે નિભાવી. ખુસૂસી મહેમાન તથા મુકર્રિર ખલીફા તાજુશ્શરીઆ હઝરત મૌલાના મુફતી અશરફ રઝા (રતનપુર) સાહબે શાનદાર બયાન કર્યું હતું. *–રજૂકર્તા : અલ્લારખા ફુટવાળા*

**તાલાલા (ગીર)** : જિ. સોમનાથ અહીં ફૈઝાને સત્તર (૧૭) યંગ કમિટી દ્વારા હુઝૂર પીરાને પીર સૈયદના શૈખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہની યાદમાં ૧૫–૧–૨૦૧૭, રવિવારે રાત્રે ઈશાની નમાઝ બાદ રઝા નગર, હુસૈની ચોકમાં પીરે તરીકત, હુઝૂર ગુલઝારે મિલ્લત, હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવી (સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહ–જુનાગઢ)ની સદારતમાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં રાત્રે ઈશાની નમાઝ બાદ ખતીબે યૂરોપ વ એશિયા હઝરત અલ્લામા કારી ગુફરાન રઝા સાહબ નૂરી–મોરેસીસ (આફ્રીકા) તથા હઝરત મુફતી હસીબુર્રહમાન સાહબ (મુફતીએ દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા–જુનાગઢ)એ શાનદાર તકરીર ફર્માવી હતી. તેમજ જનાબ સૈયદ વઝીર અલી બાપુ સાહબ–રાજકોટ તથા જનાબ કારી તાજમહમ્મદ સાહબ તાલાલા (ગીર) તેમના મધુર કંઠે નઅતે રસૂલ તથા મનકબત પેશ કરી હતી. આ જલ્સામાં હઝરત મૌલાના સૈયદ સિકંદર બાપુ–રાજકોટ, હઝરત હાફિઝ કારી અબ્દુલ ગફ્ફાર સાહબ–તાલાલા, હઝરત હાફિઝ સાબિર રઝા સાહબ–જુનાગઢ તેમજ અન્ય ઉલમાએ કિરામોએ ખાસ હાજરી આપી હતી. જલ્સો પૂર્ણ થતા સલાતો સલામ બાદ ગુલઝારે મિલ્લત વજદ આફરીન અંદાઝમાં દુઆ કરી હતી. બાદ આમ ન્યાઝ જમાડવામાં આવેલ. આ જલ્સામાં બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ હાજરી આપી હતી. ❑ ❑ ❑

## અલ્લાહ જઝાએ ખૈર અતા કરે !

**વેલુગામ** : (તા. ઝઘડીયા) જનાબ અયાન મુહમ્મદ અઝીમ રફીક મલેક તરફથી Rs. 2500/- દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદને સદકા પેટે મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ સખીદાતાને બંને જહાનમાં બેહતરીન બદલો આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભાવનગર** : "બરકાતે ખ્વાજા" (માસિક)ના ગ્રાહક તથા ચાહક વસીમભાઈ સલીમભાઈ મંધરા તરફથી તેમના ત્યાં બેબીના જન્મની ખુશીમાં Rs. 200/- "બરકાતે ખ્વાજા" (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ કરીમ બેબીને નેક બનાવે, માબાપની આંખોની ઠંડક બનાવે. (આમીન) *–તંત્રી*

## ઈન્તેકાલ પુરમલાલ

**દયાદરા** : ખાતે તા. ૧૯–૧–૨૦૧૭, ૨૧ રબી. આખર, ૧૪૩૮ જુમેરાતના રોજ *ઝૈબૂનબેન અહમદ વલી સરપંચ*નો અકસ્માતે દુઃખદ ઈન્તેકાલ થયો છે. તથા તા. ૨૧–૧–૨૦૧૭ શનિવાર, ૨૩ રબી.આખર, હિ.સ. ૧૪૩૮ના રોજ *ઈબ્રાહીમભાઈ સૂરતી કીડીવાળા*નો ઈન્તેકાલ થયો, તેમજ તા. ૧૫–૨–૨૦૧૭ ૧૮ જ.અવ્વલ, હિ. ૧૪૩૮ બુધવારના રોજ *સૂફી શાહનાવાઝ ઈકબાલ*નો પણ વિલાયત ખાતે બિરલા ગ્રાસિંગ ફાયબર ઝોનમાં અકસ્માતે ઈન્તેકાલ થયો છે. મર્હૂમના ઈન્તેકાલ પર દયાદરા પંથકમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમોની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*